بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-મે-૨૦૧૦**

જમાદીઉલ અવ્વલ-જમાદીઉલ આખર

હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૭, અંક : ૦૫, સળંગ અંક : ૭૭

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


૦૧ સુન્નીઓ વિચારે ! ૦૨

૦૨ **ઈસ્લામી કાનૂનોની હિકમતો સમક્ષ વિરોધીઓની મૂર્ખતાનો પર્દાફાશ !** ......*(તંત્રી લેખ)* ૦૩

૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૦

૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૨

૦૫ શિફા શરીફ ૧૪

૦૬ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین ૧૭

૦૭ હદાઈકે બખ્શિશ ૨૦

૦૮ કુર્આનખ્વાની તથા ઈસ્લામી મદ્રસાઓ ૨૩

૦૯ શું રસૂલુલ્લાહ ﷺ ઉમ્મતની હાલતોથી બાખબર છે ? ૨૬

૧૦ દાવત તથા તબ્લીગના માટે ખાનકાહી નિઝામ કેટલો અસરકારક ? ૩૨

૧૧ મૌલાના સૈયદ મુહમ્મદ અશરફ કછોછવીથી મુલાકાત ૩૫

૧૨ દેશની શાંતિના જોખમે તસ્લીમા નસ્રીનને હિંદમાં શરણ શા માટે ?! ૪૧

૧૩ અહલે સુન્નતમાં વિભાજન તથા અધોગતિના સબબો અને તેનું નિવારણ ૪૩

૧૪ બરકાતે ખ્વાજાની ટપાલ ૪૬


**જન્નત મેં લે કે જાએગી ચાહત રસૂલ ﷺ કી**

ક્યૂં કર ન મેરે દિલ મેં હો ઉલ્ફત રસૂલ ﷺ કી
જન્નત મેં લે કે જાએગી ચાહત રસૂલ ﷺ કી

ચલતા હૂં મૈં ભી કાફલે વાલો રૂકો ઝરા
મિલને દો બસ મુઝે ભી ઈજાઝત રસૂલ ﷺ કી

પૂછે જો દીનો ઈમાં નકીરૈન કબ્ર મેં
ઉસ વક્ત મેરે લબ પે હો મિદહત રસૂલ ﷺ કી

તળપા કે ઉનકે કદમોંમેં મુઝ કો ગિરા દે શૌક
જિસ વક્ત હો લહદ મેં ઝિયારત રસૂલ ﷺ કી

સરકાર ને બુલા કે મદીના દિખા દિયા
હોગી મુઝે નસીબ શફાઅત રસૂલ ﷺ કી

યા રબ દિખા દે આજ કી શબ જલ્વએ હબીબ
એક બાર તો અતા હો ઝિયારત રસૂલ ﷺ કી

તૂ હૈ ગુલામ ઉન કા **'ઉબૈદે રઝા'** તેરે
મેહશર મેં હોગી સાથ હિમાયત રસૂલ ﷺ કી

**નોંધ** આ અંકમાં **'મેરેજ બ્યૂરો કોર્નર'** સ્થળ સંકોચને લીધે મૌકૂફ રાખેલ છે.

# સુન્નીઓ વિચારે !

★ રજૂકર્તા ★

*આલે રસૂલ, ઔલાદે ગૌષે આ'ઝમ, પીરે તરીકત*

**હઝરત સૈયદ દાદામિયાં કાદરી–રૂપાલ**

વ્હાલા સુન્ની ભાઈઓ ! અસ્સલામુ અલૈકુમ ! અલ્હમ્દુલિલ્લાહ ! તાજેતરમાં જ આપણે ઈદે મીલાદુન્નબી ﷺનો પર્વ ઘણી જ શાનદાર રીતે ઉજવ્યો. ઠેર ઠેર સુન્નીભાઈઓએ જલસા જુલૂસનું આયોજન કરી મહોબ્બત અને અકીદતને ઉજાગર કરી. ઈશ્ક તો છુપો રહેતો જ નથી, કોઈ ન કોઈ બહાને જાહેર થઈ જાય છે. અલ્લાહ તઆલાના અંતિમ નબી આપણા આકા અને મૌલા તાજદારે દો આલમ, હુઝૂર પુરનૂર અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો પવિત્ર જન્મ દિવસ એટલે મીલાદુન્નબી ﷺ હોય અને તેમના ગુલામો આશિકો ચૂપચાપ બેસી રહે એ કેમ મનાય ?

બેશક ! એક ઈમાનવાળા માટે "ઈદે મીલાદુન્નબી" ﷺનો તહેવાર તમામ તહેવારોથી સર્વોત્તમ છે એટલે જ સુન્નીઓ આ દિવસે ખૂબ જ ખુશી મનાવે છે. પોતાની અકીદત અને મહોબ્બતને પ્રગટ કરવા તન, મન અને ધન કુર્બાન કરી દે છે. આ કુર્બાનીની કિંમત કોઈ આંકી શકતું નથી અને તેના વર્ણન માટે શબ્દકોશમાં કોઈ શબ્દ નથી.

ઈદે મીલાદુન્નબી ﷺના મુબારક દિવસો ઘણા શહેરોમાં નગરોમાં અને હવે તો નાના ગામડાઓમાં પણ જુલૂસ નીકળે છે જે ખૂબ જ આનંદ અને ગૌરવની વાત છે. આ જુલૂસમાં ગુંબદે ખિઝરાના મોડલો રજૂ કરવામાં આવે છે. ઝંડીઓ, બેનરો, સિક્કાઓ, સ્ટીકરો, પોસ્ટરો, પત્રિકાઓ, નાના મોટા વાહનો ઉપર પણ મસ્જિદે નબવી અને ગુંબદે ખિઝરાની તસ્વીરો અને કાગળ, પ્લાસ્ટીક, ફાયબર કે અન્ય ધાતુઓથી પ્રતીકો બનાવીને પ્રદર્શન અર્થે જુલૂસમાં સામેલ કરવામાં આવે છે. આ બધુ તો કર્યું તે બરાબર ! પણ હવે ખાસ વિચારવાની વાત એ છે કે આ તમામ વસ્તુઓની જુલૂસની સમાપ્તિ પછી આદર કે તા'ઝીમ થાય છે કે પછી તે સૌ રદ્દી અને પસ્તીમાં ધૂળ ખાતી થાય છે ?! તે તરફ દરેક સુન્ની ભાઈને વિચારવા માટે મારી નમ્ર અપીલ છે. ઘણી જગ્યાએ ગુંબદે ખિઝરાની તસ્વીરવાળા કાગળો કચરા પેટીમાં જોવા મળે છે ! જે ફોટાની આપણે એટલી તા'ઝીમ કરીએ છીએ કે તેને પુઠ દેવી આપણને યોગ્ય નથી લાગતુ, એવી તસ્વીરોની બેઅદબી સુન્નીઓ કેમ સહન કરી શકે ?! આજકાલ જલ્સાના પોસ્ટરો પર, ઝમઝમની બાટલીઓ ઉપર, ખજૂરની થેલીઓ ઉપર, રમઝાનના ટાઈમ ટેબલ કાર્ડ ઉપર, જ્યાં જુઓ ત્યાં પવિત્ર કા'બા અને ગુંબદે ખિઝરાના પોઝ જોવા મળે છે, પણ ઉપયોગ પૂરો થઈ ગયા પછી આ વસ્તુઓનું શું થાય છે તેનો વિચાર કરવો જરૂરી છે. રમઝાનના કાર્ડ તો મેં રસ્તા પરથી ઘણી વખત ઉપાડયા છે, મને જાત અનુભવ છે. કોઈપણ વસ્તુનો અતિરેક તેના મહાત્મ્યને ઘટાડી દેતો હોય છે.

ગુંબદે ખિઝરાનો મર્તબો કા'બાથી અફઝલ છે. તેમાં બે મત નથી, તો પછી તેની તસ્વીરોની જાળવણી થવી જ જોઈએ. **આ અતિરેક પર બ્રેક નહીં થાય તો લાંબા ગાળે તા'ઝીયાદારીના જુલૂસ જેવું થઈને રહેશે.** મહોર્રમમાં તા'ઝીયાનો જે જુલૂસ નીકળે છે તે શરૂઆતમાં તા'ઝીયા એટલે હઝરત ઈમામ હુસૈન શહીદે કર્બલા رضی اللہ عنہના રોઝા મુબારકની હુબહુ નકલ બનતી હતી, પણ **સમય જતાં આજે જે તા'ઝીયા બને છે તેમાં અસલિયત જોવા મળતી નથી. જાત જાતના અને ભાત ભાતના તા'ઝીયા બનતાં થઈ ગયાં, દિવસે દિવસે બિદઅતોમાં ઔર વધારો થતો જાય છે.** માટે ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસમાં ગુંબદે ખિઝરાનાં જે પ્રતીકો મૂકાય છે તે સાચી નકલ પણ હોવી જોઈએ અને જુલૂસ પૂરું થયા પછી તેનો અદબ, આદર, એહતેરામ જળવાય એવી ગોઠવણી કરવી પડે. ગુંબદે ખિઝરાનો અદબ, આદર, એહતેરામ દરરોજ કરવાનો છે, ફક્ત એક દિવસ પૂરતો નહીં ! આ માટે આપણા ઉલ્મા અને મુફતી સાહેબો યોગ્ય માર્ગદર્શન આપે એ અતિ જરૂરી છે.

મહોર્રમના ૧૦મા ચાંદે એક ગામમાં તાઝીયાનું જુલૂસ કાઢવામાં આવતું હતું. ૧૦મીની સાંજે ઝરી ઠંડા કરવાની પ્રથા હતી એટલે તા'ઝીયાં ટાઢાં કરવામાં આવતા હતાં. એ ગામના તરીકા પ્રમાણે દર વર્ષે ગામના એક અવાવરૂ કૂવામાં તા'ઝીયાને નાખી દેતા હતા. સમય જતાં કાગળ અને પુઠ્ઠાં પલળી જતાં પણ લાકડાની પટ્ટીઓ અને વાંસ પાણીની સપાટી પર તરતી દેખાતી હતી. એક દેવબંદી–વહાબી વિચારસરણી ધરાવતા વધુ પેજ નં. **૨૨.....પર**

# ઈસ્લામી ક઼ાનૂનોની હિકમતો સમક્ષ

## વિરોધીઓની મૂર્ખતાનો પર્દાફાશ !

તંત્રી લેખ.....

ગુજરાતીમાં એક કહેવત છે કે ‘‘હતો વાંદરો અને કોઈએ દારૂ પીવડાવી દીધો !’’ એવી સ્થિતિ ‘ગુજરાત સમાચાર’ દૈનિક પત્રના "નેટવર્ક" કોલમ લખતા ગુણવંત છો. શાહની અમને તા. ૨૦/૩/૨૦૧૦નું દૈનિક વાંચતાં જોવા મળી. ભાઈને ઈસ્લામનું કાંઈ જ્ઞાન ન મળે, ઈસ્લામી પર્દો શું છે ? એ કેટલો પવિત્રતાનો સબબ છે ? તેના નિયમો શું છે ? એનું કાંઈ ભાન ન મળે ? અને ઈસ્લામ તથા મુસ્લિમોની અદાવતમાં ઘણા સમયથી તાલમેલ વિનાનુ ગાંડપણ સતત હાંકે જ જાય છે અને આ દૈનિકમાં અમુક બાગી મુસ્લિમોનાં નિવેદનો ટાંકી પોતાના દિલની ખારાશને સતત આ મહાશયે ઉલેચ્યે જ રાખી છે.

એમની તાલમેલ વિનાની વાતમાં પોતે લખે છે : દુબઈ, શારજાહ, કુવૈત તથા કુલાલમ્પુરના એરપોર્ટ પર ઈમિગ્રેશન તથા અન્ય કાઉન્ટરો પર માથે ઓઢેલું પણ બુરખા વિનાની **"સુંદરતાથી છલક્તા ચહેરાવાળી"** મુસ્લિમ મહિલાઓને બેઠેલી અને ઉતારૂઓના પાસપોર્ટ ચકાસતી જોઈને કોઈ પણ ભારતીયને નવાઈ લાગે એવું છે. કારણ કે ભારત અને પાકિસ્તાનમાં મુસ્લિમ મુલ્લાઓ તથા પોતાને પયગંબરનો અવતાર સમજીને મુસ્લિમો ઉપર જ ઈસ્લામ અને **સૈંકડો વરસ જૂના ઈસ્લામી ક઼ાનૂન** શરીઅતના નામે અત્યાચારો તથા હિંસા આચરી રહેલા તાલિબાનો તો મુસ્લિમ મહિલાઓને બુરખો રાખવાની હિંસક ફરજ પાડે છે. વગેરે.....વગેરે *(ગુ. સ., ૨૦/૩/૨૦૧૦)*

### ✪ ઈસ્લામી ક઼ાનૂનોનું બંધારણ જૂનુ નહીં, સદા બહાર છે ! ✪

આ મહાશયને જ્ઞાન ન હોય તો જાણી લે કે ખૂબસૂરત સ્ત્રીઓના ચહેરા જોઈને તમારા જેવા ઘરડે ઘડપણ ગુલાંટ મારવા ઉત્તેજીત થઈ રહ્યા હોય તેમ ક઼લમ ચલાવી રહ્યા છે ! તો યુવાનની શું હાલત થાય ?! આવી કેટલી બુરી નજરોનો સામનો બહેનોએ કરવો પડે ?! એટલે જ ઈસ્લામનો પર્દો ઉચિત છે. તેમજ યાદ રાખો ! ઈસ્લામી ક઼ાનૂનને કોઈ દેશના લોકોના અમલ સાથે કાંઈ લેવા દેવા નથી. જેમ કે કોઈ અરબ દેશમાં ખુલ્લેઆમ દારૂ પીવાતો થઈ જાય તો ઈસ્લામનો ક઼ાનૂન નથી બદલાવાનો ! કેમ કે ઈસ્લામી ક઼ાનૂન કુર્આન તથા હદીષના આધારે નિશ્ચિત થયેલ છે અને વિશ્વમાં સમયાનુસાર થતી નવી શોધો તથા સમય જતાં નવા ઉપસ્થિત થતા પ્રશ્નોનું ઈસ્લામના નિષ્ણાત ઉલમા કુર્આન હદીષના જ્ઞાન હેઠળ, તે જ્ઞાનના પ્રકાશમાં, સહાબા તથા પૂર્વ જ બુઝુર્ગોની કિતાબોના અભ્યાસ હેઠળ અતિ ચિંતન તથા ચર્ચા વિચારણાના અંતે નિવારણ કરે છે, એમાં કોઈ તકલીફ રહેતી નથી. **ઈસ્લામના ક઼ાનૂનોનું બંધારણ એવું સરળ છે જે ક઼યામત સુધી થનાર લોકો માટે ગમે તે નવીન સમસ્યા ઉભી થાય તેમાં પણ એકદમ સફળતાપૂર્ણ હલ પૂરો પાડનાર છે, તેને "સૈંકડો વરસ જૂના ઈસ્લામી ક઼ાનૂન" કહી ઉતારી પાડવું નરી મૂર્ખતા તથા અજ્ઞાનતા છે,** બલ્કે આ ખરાબીના સમયમાં તો એની અધિક જરૂરત છે.

## ✯ વિશ્વમાં અત્યાચારી કેવળ તાલિબાનો જ નથી, અન્ય ઘણા છે ! ✯

અને 'નેટવર્ક'ના લેખમાં વારે વારે તાલિબાનોને ઉછાડતા રહે છે તો દુનિયાભરમાં એવા અતિશયોક્તિ કરતા અત્યાચારી ગૃપો ઠેર ઠેર દરેક જાતિમાં છે, હિંદુસ્તાનમાં નકસલવાદી તથા માઓવાદી શું રોજ ફૂલો પબ્લિક તથા પોલીસો ઉપર વેરી રહ્યા છે ?! એમના હુમલામાં નિર્દોષ માનવો મરે છે કે કીડા મકોડા મરે છે ?! તથા વિહિપ, બજરંગદળ વગેરે અન્ય હિંદુ કોમવાદી સંગઠનો ધર્મના નામે અવારનવાર હજારો નિર્દોષ મુસ્લિમો તથા ઈસાઈઓની ખૂના મરકી તથા મારપીટ તથા આગચંપીના હંગામા ખડી કરી રહ્યા છે તથા 'સનાતન સંસ્થા' થકી આતંકવાદ ફેલાવવાની પ્રવૃતિઓ જેમ કે 'ગોવા બોમ્બકાંડ'માં આ સંસ્થાના બે સભ્યો ૧૬–૯–૨૦૦૯ના રોજ ગોવા મડગાંવમાં સ્કૂટર પર બોમ્બ લઈને જતા હતા તો રસ્તામાં વિસ્ફોટ થતાં બંને માર્યા ગયા. આ ન પકડાયું હોત તો ક્યારનો કોઈ મુસ્લિમ સંગઠન પર એનો આરોપ મૂકી ગમે તેને પકડી આતંકવાદી ઠરાવી જેલમાં નાખી દીધા હોત, જેમ કે આવું કેટલું આગળ થયું છે. તથા એના અગાઉ સાધ્વી પ્રજ્ઞા તથા લેફ. કમાન્ડર પુરોહિત તથા સ્વામી દયાનંદ પાંડે તથા અન્ય હિંદુ સંગઠનના સભ્યો આતંકવાદી પ્રવૃત્તિમાં પકડાઈ ગયા. તો તેમનું આ અત્યાચારો તથા હિંસા આચરવાનું કામ નથી ? તેના વિશે શા માટે તમારી ક઼લમ ઉઠતી નથી ?! પત્રકારત્વ તો સ્વચ્છ કાચ જેવું હોવું જોઈએ અને લેખો પબ્લિકની ભલાઈના માટે ન્યાયપ્રિય હોવા જોઈએ. પૂર્વગ્રહથી એકતરફી ક઼લમ ચલાવી પબ્લિકને ગૈર માર્ગે દોરવી એ પબ્લિક સાથે વિશ્વાસઘાત છે.

## ✯ પુરૂષ ચાર પત્ની રાખી શકે એની હિકમત શું ?! ✯

બીજી ખાસ વાત એ કે, "પુરૂષ ચાર પત્નીઓ કરી શકે તો સ્ત્રી ચાર પતિઓ કેમ નહીં ?!" એ વિષયને 'નેટવર્ક'માં ઉછાડીને લખે છે કે, 'મુસ્લિમ સમાજે સ્ત્રીને વાસના સંતોષવાનુ રમકડુ જ માની છે.' ભાઈમાં સહેજ સમજ હોત તો પોતાના એ જ લેખનું આ લખાણ વાંચી મનન કરી લેત તો વાત સમજાઈ જાત કે :–

"ઈજિપ્તની વિશ્વ વિખ્યાત યુનિવર્સિટી જામે અઝહરના ધર્મ શાસ્ત્ર વિભાગના વડા અહમદ હસન અલ મિસ્રીએ (તસ્લીમા નસ્રીન જેવી બાગી સઊદી યુવતી) નદીમ બેદારના "સ્ત્રીને ચાર પતિ કેમ નહીં?" લેખ અંગે કહ્યું કે, "ઓરતને પહેલાંના જમાનામાં ઉપભોગની વસ્તુ (રમકડુ) માનવામાં આવતી હતી અને **એક પુરૂષ "અસંખ્ય" સ્ત્રીઓ સાથે શારીરિક સંબંધ રાખતો હતો** એને કોઈ અટકાવતું નહીં, પરંતુ **ઈસ્લામે આ નાજાઈઝ સંબંધ ઉપર (ચારની હદ બાંધી) લગામ મારી.** ઈસ્લામે અપવિત્રતા એટલે માસિકમાં સ્ત્રી હોય ત્યારે શારીરિક સંબંધ કરવાનુ અટકાવ્યું જે લગભગ ૧૦ દિવસ રહે છે. એટલે ઈસ્લામે કહ્યું કે, **જો કોઈ સ્ત્રીઓના હક્કો જાળવી શક્તો હોય તો** એ એક કરતાં વધુ (ચાર સુધી એથી વધુ નહીં) શાદીઓ કરી શકે છે. **ચાર શાદીની મંજૂરી અપવાદરૂપ છે** જે આજની સ્થિતિમાં જરૂરી (ફરજીયાત) નથી." *(ગુ. સ., ૨૦/૩/૨૦૧૦)*

મુસ્લિમ સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો ભાગ્યે જ એકથી અધિક પત્ની કોઈકની જોવા મળે, **એ એક અપવાદરૂપી ઈજાઝત છે, એ કોઈ હુકમ નથી કે બધા પુરૂષો ચાર જ કરો ! અને એ ઈજાઝત પાછળ ઐયાશી નથી પણ પવિત્રતા સમાયેલી છે.** અને એ ઈસ્લામ પ્રાકૃતિક ધર્મ હોવાના કારણે છે, માનવ પ્રકૃતિને લક્ષમાં રાખીને આ ક઼ાનૂન છે, કે ગૈરક઼ાયદેસર સંબંધો કરી માનવ વ્યભિચારમાં ન પડે. પણ એ કોને સમજ પડે ?! જેને આંખ હોય !

**આંખ વાલા તેરે જોબન કા તમાશા દેખે !**
**દીદએ કોરકો ક્યા નઝર આએ ? ક્યા દેખે !**

ઈસ્લામની ખૂબી એ છે કે એના ક઼ાનૂનો સર્વને સમાવતા છે. જે સમસ્યાઓ માનવ જીવનમાં હમેશાં રહ્યા કરે છે ઈસ્લામી ક઼ાનૂન તેનો પણ હલ પેશ કરે છે અને જે સમસ્યાઓ માનવ જીવનમાં કદી કદી ઉદ્‌ભવ પામે છે એનું નિવારણ પણ ઈસ્લામે પૂરું પાડયું છે. પત્નીઓની સંખ્યાનો ક઼ાનૂન પણ એ જ પ્રમાણેનો છે, જો કે દરેક સમયે એની જરૂરત નથી ઉભી થતી, પરંતુ માનવીની વ્યક્તિગત તથા સામૂહિક જિંદગીમાં કદી કદી એવા પ્રશ્નો ઉભા થાય છે જેનો હલ એકથી અધિક પત્નીઓ કરવા સિવાય શક્ય નથી, ન તો ઈસ્લામ સિવાય કોઈ જીવન બંધારણે આ સમસ્યાઓનો હલ પેશ કર્યો છે. દા.ત. જો કોઈ સમાજને એ સમસ્યા ઉપસ્થિત થાય કે તેમાં સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં અધિક હોય, તો એ વિચારવું પડશે કે તે સ્ત્રીઓ જે વધારાની છે જેમને પતિ નથી મળી શક્તો તે સ્ત્રીઓનું શું કરવામાં આવે ? આ પ્રશ્ન દરેક જાતિઓમાં મોટાભાગે ઉપસ્થિત થતો રહે છે. જે જાતિ દુશ્મન સાથે જંગમાં પડે અને તેના લાખો પુરૂષો જંગમાં ખપી જાય તો નિશ્ચિતપણે તે જાતિમાં પુરૂષોની સંખ્યા ઘટી જશે. અધિક ખતરાવાળાં કામો મોટાભાગે પુરૂષો જ કરે છે (જેમ કે પોલીસમાં, લશ્કરમાં, ખાણોમાં, વહાણવટુ, ડ્રાયવિંગનો ધંધો વગેરે) અને એ કામોમાં પણ પુરૂષોની સંખ્યા ઓછી થાય છે અને સ્ત્રીઓની સંખ્યા વધી જાય છે.

આ વાત કેવળ ધારણાથી નથી લખી રહ્યા બલ્કે એ વાતની સાબિતીઓ મૌજૂદ છે કે દુનિયાની મોટાભાગની ક઼ૌમો પુરૂષો કરતાં સ્ત્રીઓની અધિક સંખ્યા હોવાની સમસ્યા વેઠી રહી છે. અલ્લામા ઝકરિયા હાશિમ ઝકરિયા લખે છે : ''ગણત્રીઓથી ભાળ મળે છે કે બચપનથી લઈને યુવાનીના પ્રારંભ સુધી પુરૂષોમાં મૃત્યુનું પ્રમાણ સ્ત્રીઓ કરતાં વધુ હોય છે. આ હક઼ીક઼ત સમાજમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓના અધિક પ્રમાણનો એક મોટો સબબ છે. ક઼ૌમો વચ્ચે જે જંગો થાય છે એમાં જ્યાં ચાર હજાર પુરૂષો ક઼ત્લ થાય છે ત્યાં કેવળ એક સ્ત્રી ક઼ત્લ થાય છે. આ પ્રકારનાં ખતરનાક કામોના કારણે પણ પુરૂષો સ્ત્રીઓ કરતાં અધિક મૃત્યુ પામે છે. આ સર્વ કારણોના લીધે સ્ત્રીઓની સંખ્યા પુરૂષો કરતાં વધુ હોય છે.'' *(અલ્ મુસ્તશ્રિક઼ૂન વલ ઈસ્લામ, પેજ–૩૨૦, ૩૨૧ બ હવાલા ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૪૯, અઝ : પીર કરમશાહ અઝહરી)*

શાદીના મામલાની નિષ્ણાત ડો. માર્યૂન ઈન્જર આ સ્થિતિના વિશે લખે છે : ''સ્ત્રીઓની સરખામણીમાં પુરૂષોની ઓછી સંખ્યાની સમસ્યાના નિવારણના આપણી સમક્ષ બે જ માર્ગો છે : ક્યાં તો પત્નીઓને અધિક રાખવાને ક઼ાનૂની દષ્ટિએ જાઈઝ ઠરાવવામાં આવે, અથવા કોઈ એવો નુસ્ખો શોધવામાં આવે જેનાથી પુરૂષોની ઉમરો વધારી શકાય. પરંતુ શું કોઈ એવો નુસ્ખો શોધવો શક્ય છે જેનાથી પુરૂષોની ઉમરોમાં તો વધારો થઈ શકે પરંતુ સ્ત્રીઓની ઉમરોમાં વધારો ન થાય ?! કે પછી દુનિયા આ ગંભીર સમસ્યાના નિવારણ માટે અધિક પત્નીઓ અપનાવવાની પ્રતિ વળશે ?'' *(હવાલો ઉપર મુજબ)*

અનેક દેશોમાં જંગો હાલ પણ ચાલતી રહે છે અને મોટાભાગે પુરૂષો મરે છે અને યુવાન સ્ત્રીઓ નિરાધાર થઈ રહી છે. તો એ વિના પતિની સ્ત્રીઓ પુરૂષોની ઓછી સંખ્યાના કારણે ક્યાં ક઼ાયદેસરનો આધાર શોધશે ? આધાર ન મળ્યો તો છેવટે ગેરક઼ાયદેસર સંબંધો વધશે અને સમાજમાં વ્યભિચારની બદી ફેલાશે જે સમાજની નીતિ મત્તાને ખતમ કરી નાખશે. ઈસ્લામે આ સમસ્યાનો હલ એક પુરૂષને ચાર પત્ની સુધી રાખવા ઈજાઝત આપીને કર્યો છે. પણ યહૂદી તથા ઈસાઈ તથા અન્ય પૂર્વગ્રહી ગૈર મુસ્લિમો એ [illegible]ને અય્યાશી કહે છે તથા સ્ત્રીને મુસ્લિમ સમાજ વાસના સંતોષવાનુ રમકડુ જ માને છે એવો આક્ષેપ મૂકે છે તો પછી એઓ બતાવે કે આ સમસ્યાનો એમની પાસે ક઼ાયદેસરનો શો હલ છે ? જો હલ નથી ? અને

નથી જ ! તો પછી ઈસ્લામની આ ભલી વાત સ્વીકારી લે ! ફોગટ આંખો તથા દિમાગની ખિડકી બંધ કરીને અથવા પૂર્વગ્રહમાં બકવાસ ન કર્યા કરે.

### ✪ સ્ત્રીઓને ચાર પતિ કરવાની રજા કેમ નથી ?! ✪

પુરૂષ ચાર પત્ની રાખી શકે તો સ્ત્રી ચાર પતિઓ કેમ ન રાખે ?! આ પ્રશ્નના જવાબમાં ઈસ્લામની શું હિકમતો તથા મસ્લેહતો છે તેને જોઈ લો !

દુનિયાના પૂજારીઓ અને ઈસ્લામના દુશ્મનો તરફથી એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામ પુરૂષોને ચાર શાદીઓનો હક્ક઼ આપીને નફ્સ પરસ્તી અને ઐયાશીની તા'લીમ આપે છે. જો એવું જ હોય તો પછી એકલા મર્દોને જ શા માટે ?! સ્ત્રીઓને પણ એની ઈજાઝત મળવી જોઈએ !

**જવાબ:** આ પૂર્વગ્રહનું આંજણ આંજનારાઓને ખબર નથી કે ઈસ્લામનો કોઈપણ ક઼ાનૂન હિકમતથી ખાલી નથી હોતો. સ્ત્રીઓને ચાર શાદીની રજા એટલા માટે નથી આપવામાં આવી કે સ્ત્રીના પેટથી પેદા થનાર બાળકોનો વંશ ગુમનામ થઈ જશે અને તે ખ્વાહિશ કરનારા પુરૂષોમાં પણ ટકરાવ ઉભો થશે. એથી ઉલ્ટુ પુરૂષ બાબતે કે તે ચારમાંથી જેની સાથે ચાહે સંભોગ કરી શકે છે અને એના કારણે વંશની નિશ્ચિતતા પણ સલામત રહે છે. **પરંતુ એ ઈજાઝત પુરૂષને ઈસ્લામે એ સંજોગોમાં આપી છે કે જ્યારે કે તે એ સર્વ પત્નીઓમાં ન્યાય તથા સમાનતા રાખી શક્તો હોય. જો ન્યાય તથા સમાનતા કરવાથી લાચાર છે તો ઈસ્લામ ચાર પત્નીઓ કરવાની રજા હરગિઝ નથી આપતો.**

અલ્લાહ તઆલા કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

فَانۡكِحُوۡا مَا طَابَ لَكُمۡ مِنَ النِّسَاءِ مَثۡنٰى وَثُلٰثَ وَرُبٰعَ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا تَعۡدِلُوۡ فَوَاحِدَةً

"જે સ્ત્રીઓ તમને પસંદ આવે તેમને નિકાહમાં લાવો, બે–બે, ત્રણ–ત્રણ, ચાર–ચાર. પછી જો ડરો કે ન્યાય તથા સમાનતા નહીં કરી શકો તો એક જ કરો." *(સૂ. નિસાઅ–૩)*

### ✪ અધિક સંખ્યામાં પત્નીઓ ક્યારે કરી શકે ? ✪

૧. સ્ત્રી વાંઝિયી છે અને પુરૂષની ઈચ્છા છે કે બાળ જન્મ થાય.

૨. પ્રથમ પત્નીને એવી બીમારી લાગી ગઈ જેના કારણે પતિ પત્નીના વચ્ચે સંભોગ થવો મુશ્કેલ છે.

૩. કોઈ આકસ્મિક સંજોગોના કારણે કોઈનાથી મહોબ્બત થઈ જાય અને સામી બાજુથી તેને સમર્થન હોય.

૪. તંદુરસ્તી તથા ખુશહાલીના સબબે અમુક પુરૂષોમાં વાસના અધિક હોય છે, જો અધિક પત્નીઓની રજા ન હોય તો પુરૂષનું હરામ કામોમાં સપડાઈ જવાનો ભય રહે છે.

૫. જે તલાક઼ પામેલ તથા વિધવા સ્ત્રીઓ હોય છે તેમની શાદીનો મામલો મુશ્કેલ હોય છે, જો પત્નીવાળો પુરૂષ આવી તેણી સાથે શાદી કરી લે તો તે સ્ત્રી સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી પસાર કરી શકે છે.

૬. બીજી વાત એ છે કે દુનિયાના ઘણા ઈલાકાઓ યુદ્ધોમાં બર્બાદ થઈ જાય છે, એમાં પુરૂષો જ કામ આવે છે જેથી પુરૂષોની કમી થઈ જાય છે અને સ્ત્રીઓની અધિક્તા, તો હવે એ વિધવાઓનો ઈલાજ શું થાય ?!

આ સબબોના કારણે બહુપત્નીત્વ એક ન રોકી શકાય તેવી બાબત છે. પરંતુ સ્ત્રીઓને બહુપતિત્વની રજા આપવામાં આવતી તો જીવન વ્યવસ્થા વેરવિખર થઈ જાત. દા.ત. **વંશમાં ભેળસેળ** થતી અને

b d

**ખબર ન પડત કે બાળકનો પિતા કોણ છે ?** અને પછી તેના કારણે બાળકની તા'લીમ તથા કેળવણી પર અસર પડત. અને બીજું એ કે **એ બેહયાઈનું ઉઘાડુ પ્રકરણ છે,** જો કોઈ દિવસે ચારેય પતિ એવો ઈરાદો કરી લેત કે અમારે પત્ની પાસે જવું છે તો એવા સંજોગોમાં તે બીચારીની હાલત અકથ્ય થઈ જાત અને એ પુરૂષોમાં પણ દુશ્મનીનો દરવાજો ખુલી શક્તો હતો.

આ સર્વ મસ્લેહતોને નજર સમક્ષ રાખીને ઈસ્લામે પુરૂષોને તો ચાર શાદીની ઈજાઝત આપી અને સ્ત્રીઓને એનાથી મના કર્યું. હવે જો કોઈ બુદ્ધિવાન અને સમજદાર આ સર્વ હિકમતો અને મસ્લેહતોને જોઈને પણ ઈસ્લામના આ કાનૂન પ્રતિ આંગળી ચીંધે તો એનાથી મોટો બેવકૂફ કોઈ નહીં હોય.

## ✪ સ્ત્રીને રમકડુ જાણવુ તે આનુ નામ ! ✪

આજે ઠેર ઠેર અનેક પ્રસંગોમાં દુનિયાભરમાં સુંદર સ્ત્રીઓને રમકડા જેમ નગ્ન, અર્ધનગ્ન હાલતમાં પ્રદર્શિત કરવામાં આવી રહી છે. એરોપ્લેનમાં, હોટલોમાં, રેમ્પ પર કેડવોક, કલબોમાં, દારૂના બારોમાં, ત્યાં સુધી કે હવે તો રમત ગમતના મેદાનોમાં "ચિયર્સ ગર્લ્સ" નાચતી થઈ ગઈ ! સર્વ ઠેકાણે ભાડુતી યુવતીઓ નાચી કૂદી અંગ પ્રદર્શન કરી વાસના ભૂખ્યા પુરૂષોને મનોરંજન પીરસી રહી છે તેમજ દુનિયાભરમાં અસંખ્ય સ્ત્રીઓ કૂટણખાણા (વેશ્યાગૃહો)માં શરીર વેચી કમાણી કરી રહી છે. આ બધી ચીજો અય્યાશી નથી ? તથા આ સ્ત્રીઓને રમકડુ નથી બનાવાઈ ? શું કહેવું છે "નેટવર્ક"વાળા ભાઈ ?! આપણા હાલમાં જ સેકસ રેકેટ ચલાવવામાં પકડાયેલા હિંદુ સ્વામીઓ બાબતે ?! તથા અગાઉ પણ સેક્સકાંડમાં અવાર નવાર જાહેર થઈ ગયેલા અન્ય આપણા સંતો, સ્વામીઓ તથા સાધુઓ વિશે ?! એઓ ઐયાશ ન જણાયા ?! હાલમાં વાંચો તમારું જ "ગુજરાત સમાચાર" તા. ૩૧–૩–૨૦૧૦ "શતદલ" પેજ નં. ૧, કોલમ "વિવિધા"માં છે કે, "એકલા દિલ્હીમાં જ રૂા. ૫૫૦ કરોડનો કોલ ગર્લ્સનો ધંધો ! સેક્સ નાઈટ લાઈફ હવે મજબૂરી નહીં પણ ફેશન અને કારકિર્દી !" સેક્સ રેકેટ ચલાવતાં પકડાયેલા **સ્વામી ઈચ્છાધારી બાબા**ના વિવિધ મોબાઈલોમાં એક હજારથી વધુ કોલગર્લ્સના નંબર મળી આવ્યા, જેમાં કોલેજીયન યુવતીઓ, હિરોઈનો, મોડેલ ગર્લ્સ.....વગેરે છે. એમનું "સેક્સ રેકેટ" દેશભરમાં તથા વિદેશમાં ફેલાયેલુ છે.....વગેરે. કોલગર્લને કાં તો રહેવા માટે હોટલનો રૂમ નંબર આપી દેવામાં આવે છે અથવા તો દેશવિદેશની એર ટિકિટ સાથે હોટલના રૂમમાં જવાનુ કહેવાય છે. તેના ખાતામાં રકમ જમા થઈ જાય છે.......આવી છોકરી આગળ જતાં કેવી પત્ની, કેવી માતા કે પુત્રવધુ પુરવાર થશે તથા ભાવિ કુટુંબ અને સમાજ કેવો હશે તે વિચારતાં જ **"ધ્રુજારી છૂટી જાય"** તેમ છે ! ઘણા બધા પુરૂષો સાથે "લીવ ઈન રીલેશન શીપ" રાખતી (પુરૂષો સાથે શાદી વિના રહી વ્યભિચાર કરતી) છોકરીઓ હવે તો સુપ્રિમ કોર્ટથી પણ ખુશ છે કેમ કે તેઓને "રાધા"નો દરજ્જો અપાયો છે ને ?!" *(ગુ.સ. ૩૧–૩–૨૦૧૦)*

## ✪ એક પતિની પત્ની રહેવું સારું કે કોલગર્લ બનવું સારું ?! ✪

ભાઈઓ ! અય્યાશી તથા સ્ત્રીને રમકડુ જાણવું તે આનું નામ ! **ધ્રુજારી છૂટી ગઈ ને ?!** અને હવે દિલ પર હાથ રાખીને કહો કે કોઈ પુરૂષની પત્ની તરીકે રહી ઈજ્જતભેર જીવન જીવવું, પેદા થનાર ઔલાદને બાપનો સાયો મળવું, બાપ કે પતિ મરે તો વારસો મેળવવું તે સારું કે આ નાચવેડા તથા કોલગર્લવેડા સારા ?! અને શાદી કરી પતિના છત્રછાયા હેઠળ કાયદેસર જીવવું સારું કે રોજ નવા નવા પુરૂષો સાથે ચોરી છુપી ઠેર ઠેર હોટલોમાં ભટકવું તે સારું ?! એક પતિનો કાયમી પ્રેમ સારો કે રોજ નવા

p q

નવા મળતા વાસના ભૂખ્યા વરૂ જેવા અલગ અલગ વયના જુવાન, ઘરડા, ચિત્ર વિચિત્ર સ્વભાવવાળા પુરૂષોનો નકલી પ્રેમ સારો ?! **હવે કહો ! પત્ની તરીકે રહેવા કહેતો ઈસ્લામનો ક઼ાનૂન સારો કે પશ્ચિમી અનુકરણમાં વૈશ્યા જેમ અનેક પુરૂષોનાં પડખાં સેવીને પણ અંતે તો ઉદાસ જીવન જીવવાની ઢબ સારી ?** દરેક ઈન્સાફપ્રિય દિમાગ કહેશે કે ભલે એક પતિની સાથે એકથી વધુ પત્ની હોય પણ પત્ની તરીકે પતિ સાથે વફાદારીભરી, પતિની છત્રછાયાવાળી જિંદગીમાં જ અધિક ઈજ્જત છે અને એમાં જ મનને શાંતિ પણ મળી શકે છે. જેથી "નેટવર્ક"ના લેખકનું લખાણ પક્ષપાતી તથા ન્યાયથી માઈલો દૂરનું તથા પૂર્વગ્રહી જણાય છે **જે સાચે જ અય્યાશી કરે છે તથા સ્ત્રીને રમકડુ બનાવનાર પશ્ચિમી સમાજ પ્રતિ આંગળી કરવાને બદલે મુસ્લિમ સમાજ તથા ઈસ્લામી ક઼ાનૂનને વગોવી રહેલ છે.** ઈસ્લામ આ વેશ્યાગૃહો, કોલગર્લો તથા ડાન્સ ક્લ્બો, બાર ડાન્સરો, મેદાનોમાં ચિયર્સ લેડીના ડાન્સો અને પર પુરૂષો સાથે પાર્ટી ડાન્સો હોય કે લીવ ઈન રીલેશનશીપ હોય એની હરગિઝ હરગિઝ ઈજાઝત નથી આપતો, ભલે દુનિયાની સુપ્રિમ કોર્ટ તેને ગુનોહ ન ગણે ! અને એ જ ઐયાશી તથા સ્ત્રીને રમકડારૂપે વાપરવાના માર્ગો છે, ઈસ્લામ સ્ત્રીને યોગ્ય આધાર તથા ઈજ્જતનું સ્થાન આપી રહેલ છે કે તેણીના માથે પતિનું છત્ર હોય તો કોઈ ગૈર પુરૂષ તેના તરફ આંગળી ન કરી શકે, દરેક ઠેકાણે પતિ તેની રક્ષા કરશે.

### ✪ ઈસ ઘર કો આગ લગ ગઈ ઘર કે ચિરાગસે ! ✪

મુસ્લિમ નામધારી ઈલ્મે દીનથી કોરા દુનિયવી એજ્યુકેશનના નશામાં ચૂર કેટલાક (કુ)બુદ્ધિજીવીઓ ઈસ્લામી ક઼ાનૂનો બાબતે ચંચુપાત કરી અવનવો બકવાસ કરી બેસે છે જેને કારણે આવા ઈસ્લામના વિરોધીઓને ઈસ્લામના ક઼ાનૂન વિરુદ્ધ ઝહોર ઓકવામાં પોરસ ચઢે છે. જેમ કે એ જ "નેટવર્ક" લેખમાં કાશ્મીરના રાજકરણી ફારૂક઼ અબ્દુલ્લાહનું બેજવાબદારીભર્યું બુરખા વિશે નિવેદન કે, "બુરખાને કારણે ધર્મ મર્યાદિત થઈ જાય છે. શરમ તો આંખોમાં હોય છે બાકી બુરખો રાખનાર સ્ત્રી પણ બેશરમ હોય શકે છે ચારિત્ર વિનાની હોય છે." *(ગુ.સ. ૨૦–૩–૨૦૧૦)* તથા એવા જ મુસ્લિમ નામધારી જાવેદ અખ્તર અને **ફિલ્મી લાઈન કે જે ઈસ્લામમાં સદંતર હરામ** છે તેના ગીતકાર ! પર્દા વિશે પોતાની ફિલોસોફી રજૂ કરે તો શું બોલી શકે ?! આવું જ ને કે, "બુરખાના કારણે મુસ્લિમ મહિલાઓ પછાત રહે છે." *(ગુ.સ. ૨૦–૩–૧૦)* આવા ગુલાંટીયા રાજકરણી તથા જગતભરમાં બેહયાઈ ફેલાવનાર ફિલ્મ નગરીમાં બેસી બોલનારાઓ પાસે બીજી આશા પણ શું રાખી શકાય ?! એમને કેવળ એટલો જ પ્રશ્ન છે કે તમારી બુદ્ધિ વધુ કે કુર્આન તથા હદીષની વાતો અધિક બુદ્ધિજન્ય ગણાશે ?! કુર્આન તથા હદીષમાં સ્ત્રીને સંપૂર્ણપણે પર્દાનો હુકમ કર્યો છે, શરીરનાં અંગોના પ્રદર્શનથી રોકેલ છે, નાચ નખરાથી રોકેલ છે. તો તમને તમારી સડેલી બુદ્ધિ લડાવી તેમાં છીંડાં પાડવાનો શો હક્ક઼ છે ?! આવા લોકોને હક્ક઼ જ નથી બનતો કે ઈસ્લામી પર્દા સંબંધે લોકોને કાંઈ સમજ પાડે કે નિવેદનો કરે.

વળી એવાં જ યહૂદી વડાપ્રધાન ફ્રાંસના નિકોલ્સ સરકોઝીના સૂરમાં સૂર પૂરાવતાં નિવેદનો ગયા મહીને અમદાવાદના એક અંગ્રેજી CITY AM ન્યુઝ પેપરમાં વાંચવા મળ્યાં, તેમાં મુસ્લિમ નામધારી બની બેઠેલા તત્વચિંતકોના ચિંતનો પર્દા બાબતે રજૂ થયાં છે. આવા લોકોમાંથી જ પ્રગતિ કરીને સલ્માન રૂશ્દીઓ તથા તસ્લીમા નસ્રીનો જન્મ પામે છે. એમાં કોઈ સૈયદ એડવોકેટ ભાઈ છે તે કહે છે કે, "મુસ્લિમ બાળાઓમાં શિક્ષણનું મહત્વ વધી રહેલ છે અને **મુસ્લિમ બાળાઓ તેમનો અવાજ બુલંદ કરી રહેલ છે, તેઓ હવે બુરખામાં કેદ રહેવા નથી માંગતી."** તથા બીજાં સૈયદ

એડવોકેટ બહેન કહે છે, "હું મુસ્લિમ વકીલ છું. **કોણ કહે છે કે બુરખો પહેરવાથી મર્તબો (Dignity) વધી જાય છે ?** જેણે માથા પર વસ્ત્ર ઢાંકવું હોય તેના માટે ઓઢણી પૂરતી છે. રૂઢીચુસ્તતા ક્યારેય શિક્ષણની નજીક લઈ જશે નહીં." વાંચકો ! આ સૌ ઈલ્મે દીનથી દૂર રહી મેળવેલા મોડર્ન એજ્યુકેશનના ગાંડપણની બરકતો છે !

ઉપરોક્ત નિવેદનોમાં એડવોકેટ ભાઈની રજૂઆતનો અંદાઝ વિદ્રોહી છે, ઈસ્લામી ક઼ાનૂનથી બગાવત કરવા પ્રેરતો છે. પર્દો ન કરવો એ અલગ ચીજ છે અને એના સામે બગાવતભર્યું વલણ અપનાવવું એ ખુદા વ રસૂલના ક઼ાનૂનને પડકારવું છે ! બુરખો ન પહેરનાર ન પહેરે અને પંજા સિવાયના હાથો, વાળો, ગળુ ખુલ્લુ રાખે તો તે ગુનેહગાર થશે પણ ખુદા વ રસૂલના ક઼ાનૂનને પડકારે તો એનો અંજામ શું આવી શકે ? અને **એ એજ્યુકેશન શું કામનું જે ખુદા વ રસૂલના ક઼ાનૂનના બાગી બનાવે અને ઈસ્લામના દુશ્મનોના પ્રવાહમાં વહેતા કરી આપે !** અને એવું જરૂરી નથી કે પર્દો કરે તો એજ્યુકેશન ન આવે ! એજ્યુકેશન તો દિમાગથી આવે છે, તેમાં "બુરખાની કેદથી નીકળીને" અંગ પ્રદર્શન કરવું પડે, ફેશનેબલ બનવું પડે, બોયફ્રેન્ડ સાથે ફરવું પડે ! શું આ બધું એજ્યુકેશન માટે અનિવાર્ય છે ?! અને એવું ફરજીયાત હોય તો એના કરતાં અનએજ્યુકેટેડ પણ ખુદા વ રસૂલના વફાદાર રહી જીવવું એક મુસ્લિમ માટે અનંતગણુ બેહતર છે.

તથા એડવોકેટ સૈયદ મુસ્લિમ બાનુ કહે છે કે, "કોણ કહે છે કે બુરખો પહેરવાથી મર્તબો વધી જાય છે !" તો સૈયદા એડવોકેટ બહેન સાંભળો ! એવું આપણા નબી પાક, અલ્લાહ પાકના પ્યારા રસૂલે પાક ﷺ કહે છે ! સાંભળો !

નબી કરીમ ﷺએ પોતાની ચહીતી લાડલી બેટી હઝરત સૈયદા ફાતેમા ઝહ્‌રા رضی اللہ عنہاને પૂછયું કે, **"સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ (ઉત્તમ) શું છે ?"** હઝરત સૈયદા ફાતેમાએ જવાબ આપ્યો, **"કોઈ પર પુરૂષ તેણીને ન જુએ."** તો હુઝૂરે ખુશ થઈને તેમને ગળે લગાડી લીધાં. *(ફતાવા રઝવિય્યહ્‌, ૧૦/૨૮)*

હવે કહો સૈયદા એડવોકેટ બહેન ! આ તો ખાતૂને જન્નત, જન્નતી ઔરતોની સરદાર જણાવે છે કે પર પુરૂષોથી છુપાઈને રહેવામાં ઉચ્ચતા (Dignity) છે અને એ વાતથી આપણા નબી ખુશ થઈ ગયા ! તથા જો બુરખામાં રહેવામાં એટલે પર પુરૂષોથી શરીર છુપાવવામાં ઉચ્ચતા (Dignity)) તથા મર્તબો વધતો ન હોત તો હઝરત ફાતિમા એવી વસિયત ન કરત કે, "મારો જનાઝો રાતના અંધકારમાં કાઢજો જેથી કોઈ ગેરમેહરમની મારા જનાઝા પર પણ નજર ન પડે." કેટલો ફરક છે સૈયદા સૈયદામાં ?! આસ્માન અને જમીન જેટલો !

તેમજ પ્રિન્સિપાલ એફ.ડી. હાઈસ્કૂલ–જૂહાપુરાનું કહેવું કે, "બુરખાથી શાળાના ગણવેશની ગરીમાનો ભંગ થાય છે." તો શું કોઈ શીખ જ્ઞાતિના છોકરાઓ પાઘડીઓ બાંધીને આવે તો તેના પર પણ તમે પ્રતિબંધ લગાડતા હશો ?! એનાથી પણ ગણવેશની ગરીમા નહીં જળવાય ! એ પણ બધાથી અલગ પડી જવાના !

હે મુસલમાનો ! અંતમાં સાંભળો ! જો તમે અલ્લાહ વ રસૂલ પર ઈમાન ધરાવો છો તો કહેવાતા રાજકરણીઓ, ફિલ્મ નગરીવાળાઓ કે વકીલો તથા માસ્તરો કે પ્રોફેસરોની વાતોને નહીં, પણ કુર્આન હદીષના ક઼ાનૂનોને લક્ષમાં રાખો અને તેના પાલન સાથે **દીની દુનિયાવી એજ્યુકેશન જરૂર મેળવો.** આજે તો સ્વેચ્છાએ પર્દો કરનારને પર્દાથી અકળામણ નથી થતી, તેને બદલે આજુબાજુની દુનિયાના આવા કહેવાતા બુદ્ધિજીવીઓને અકળામણ થાય છે ! અલ્લાહ સૌને નેક સમજ આપે.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَمَآ اَنۡفَقۡتُمۡ
مِّنۡ نَّفَقَةٍ اَوۡ نَذَرۡتُمۡ مِّنۡ نَّذۡرٍ فَاِنَّ اللّٰهَ
يَعۡلَمُهٗ ؕ وَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ ﴿۲۷۰﴾ اِنۡ تُبۡدُوا
الصَّدَقٰتِ فَنِعِمَّا هِىَ ۚ وَاِنۡ تُخۡفُوۡهَا وَ تُؤۡتُوۡهَا
الۡفُقَرَآءَ فَهُوَ خَيۡرٌ لَّكُمۡ ؕ وَيُكَفِّرُ عَنۡكُمۡ مِّنۡ
سَيِّاٰتِكُمۡ ؕ وَاللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِيۡرٌ ﴿۲۷۱﴾ لَيۡسَ
عَلَيۡكَ هُدٰٮهُمۡ وَلٰكِنَّ اللّٰهَ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ ؕ
وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ فَلِاَنۡفُسِكُمۡ ؕ وَمَا تُنۡفِقُوۡنَ
اِلَّا ابۡتِغَآءَ وَجۡهِ اللّٰهِ ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ
يُّوَفَّ اِلَيۡكُمۡ وَاَنۡتُمۡ لَا تُظۡلَمُوۡنَ ﴿۲۷۲﴾ لِلۡفُقَرَآءِ
الَّذِيۡنَ اُحۡصِرُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ لَا يَسۡتَطِيۡعُوۡنَ
ضَرۡبًا فِى الۡاَرۡضِ يَحۡسَبُهُمُ الۡجَاهِلُ اَغۡنِيَآءَ مِنَ
التَّعَفُّفِ ۚ تَعۡرِفُهُمۡ بِسِيۡمٰهُمۡ ۚ لَا يَسۡـئَلُوۡنَ النَّاسَ
اِلۡحَافًا ؕ

**ત.....ર્જુ.....મો.....**

અને તમે ખર્ચ કરો છો અને મન્નત માનો છો[૩૬૭] તો યકીનન ! અલ્લાહ તઆલા એને જાણે છે અને નથી જાલિમો માટે કોઈ મદદગાર. જો જાહેર કરો (તમારી) ખયરાત[૩૬૮] તો ઘણી સારી વાત છે અને જો છુપા રાખો સદકાઓને અને આપો તેને ફકીરોને તો એ ખૂબ જ બેહતર છે તમારા માટે. અને (સદકાની બરકતથી) મિટાવી દેશે તમારાથી તમારા અમુક ગુનાહ, અને જે કાંઈ તમે કરી રહ્યા છો તેનાથી અલ્લાહ ખબરદાર છે. નથી તમારા જિમ્મે તેમને સીધા માર્ગે ચલાવવાનું[૩૬૯] હા ! અલ્લાહ સીધા માર્ગે ચલાવે છે જેને ચાહે છે. અને જે કાંઈ તમે ખર્ચ કરો (પોતાના) માલથી તો (એમાં) તમારો પોતાનો ફાયદો છે અને તમે તો ખર્ચ જ નથી કરતા સિવાય અલ્લાહને રાજી કરવાના માટે, અને જેટલુ કાંઈ તમે ખર્ચ કરશો (પોતાના) માલથી પૂર્ણપણે અદા કરી દેવામાં આવશે તમને અને તમારા પર જુલ્મ નહીં કરવામાં આવે (ખૈરાત) એ ફકીરોના માટે છે જેઓ[૩૭૦] રોકવામાં આવ્યા છે અલ્લાહની રાહમાં, નથી ફુરસદ મળતી તેમને (રોજી કમાવાની) હરવા ફરવાની જમીનમાં, ખયાલ કરે છે તેમને નાવાકેફ (કે એ) માલદાર (છે) તેમના ન માંગવાને કારણે. (હે હબીબ !) તમે ઓળખો છો તેઓને તેમના ચહેરા વડે એઓ નથી માંગતા લોકોને પાસે લપેટાઈને.[૩૭૧]

**તફસીર..............**

**૩૬૭.** એટલે કે જે કાંઈ તમે ખર્ચ કરો અને જ્યાં ક્યાંક ખર્ચ કરો અને જેવી મન્નત માનો અને જેના માટે માનો અલ્લાહ તઆલા સર્વ કાંઈ જાણે છે. અને તમારી નિય્યતના પ્રમાણે તમને સવાબ તથા અઝાબ આપશે. નઝર (મન્નત)ની વ્યાખ્યા એ છે કે, "નઝર કોઈ એવી ઈબાદતને પોતાના પર લાઝિમ કરી લેવાને કહે છે, કે જો તે ઈબાદત એ પોતે પોતાના ઉપર વાજિબ ન કરે તો તે ઈબાદત તેના પર લાઝિમ નથી થતી. હઝરત સદરુલ અફાઝિલ હાશિયામાં લખે છે : "નઝર (મન્નત) ખાસ અલ્લાહ તઆલાના માટે હોય છે અને એ જાઈઝ છે કે અલ્લાહ તઆલાના માટે નઝર કરે અને કોઈ આસ્તાનાના ફકીરોના પર ખર્ચ

કરવાનું નિશ્ચિત કરે. દા.ત. કોઈકે એવું કહ્યું કે, યા રબ ! મેં નઝર (મન્નત) માની કે જો તું મારો ફલાણો મક્સદ પૂર્ણ કરી આપે અથવા ફલાણા બીમારને શિફા આપી દે તો હું ફલાણા વલીના આસ્તાનાના ફક઼ીરોને ખાવા ખવડાવીશ અથવા ત્યાંના ખાદિમોને રૂપિયા પૈસા આપીશ અથવા તેમની મસ્જિદના માટે તેલ અથવા ચટાઈ હાજર કરીશ, તો એ નઝર જાઈઝ છે. *(રદ્દુલ મુહતાર)*

**૩૬૮.** મુફસ્સિરોની એ જ રાય છે કે ફર્ઝ સદક઼ાઓ જાહેર કરીને આપવા અફઝલ છે અને નફલી સદક઼ા છુપાવીને આપવા અફઝલ છે. **قال الحسن الظهار الزكاة احسن واخفاء التطوع افضل** અને કેટલો હિકમતપૂર્ણ ક઼ૌલ છે જે હઝરત અબ્બાસ ઈબ્ને મુત્તલિબથી નકલ થયો છે : ''નેકી ત્રણ ખાસિયતો વિના સંપૂર્ણ નથી થતી. નેકી કરવામાં જલ્દી કરે, તેને હકીર સમજે અને તેને ગુપ્ત રાખે. જ્યારે તમે નેકી કરવામાં જલ્દી કરી તો તેને ખુશગવાર બનાવી. જ્યારે તેને હકીર (હલકી) સમજી તો તેની ક઼દરને વધારી તથા જ્યારે એને છુપી રાખી તો તેને સંપૂર્ણ કરી આપી.

**૩૬૯.** અન્સારનાં કેટલાયે સગાંએ ઈસ્લામ સ્વીકાર્યો ન હતો અને અન્સાર તેમની મદદ કરવા ચાહતા પણ એ ખયાલથી ન કરતા કે તેઓ મુસલમાન નથી. અને ખૂદ હુઝૂરે અકરમ ﷺએ પણ મુસલમાનોને હુકમ આપ્યો કે તેઓ મુસલમાન ફક઼ીરોને જ પોતાના સદક઼ા આપ્યા કરે. આ આયતે કરીમાથી હુકમ મળ્યો કે, નહીં ! એમના કુફ્રના કારણે એમને ભૂખે મરતા જોતા રહેવું આપની રહમતના વિરૂધ્ધ છે. જેથી ત્યારબાદ મુસલમાન ગૈર મુસ્લિમોને પણ સદક઼ાઓ આપવા લાગ્યા. પરંતુ યાદ રાખશો કે એ નફલી સદક઼ા તથા ખૈરાત માટેનો હુકમ છે, ફર્ઝ તથા વાજિબ સદક઼ા દા.ત. ઝકાત તથા સદક઼ાએ ફિત્ર કેવળ મુસલમાન ગરીબોને જ આપવામાં આવશે.

**૩૭૦.** પ્રથમ આયતમાં બતાવ્યું કે જો ગૈર મુસ્લિમ ગરીબોને પણ તમારા ખૈરાત તથા સદક઼ા આપો તો એમાં કોઈ વાંધો નથી. આ આયતમાં બતાવ્યું કે સદક઼ાઓને માટે ખરેખર હક્ક઼દાર એ લોકો છે જેમણે પોતાની જિંદગીઓ દીનની ખિદમતના માટે વક્ફ કરી દીધી છે અને તેમને ફુરસદ જ નથી મળતી કે તેઓ પોતાની રોજીની પણ ફિકર કરે. હુઝૂરે કરીમ ﷺના મુબારક જમાનામાં ત્રણસો ચારસોથી અધિક એવા મુહાજિર હતા જેમની પાસે ન માલ હતો ન બાલ બચ્ચાં અને ન માથુ ઢાંકવા છાપરું, તેઓ બારગાહે રિસાલતમાં હાજર રહેતા અને જે કામના માટે હુકમ મળતો તેનું પાલન કરતા. જ્યારે ક્યાંક જંગમાં મોકલવાની જરૂરત રહેતી તો તેઓ વિના વિલંબે હાજર થઈ જતા અને જ્યારે ફારિગ થતા તો કુર્આન યાદ કરતા અને સુન્નતે નબવીને યાદ કરતા. તેમના રહેઠાણના માટે મસ્જિદમાં જ હુઝૂરે એક છાપરૂ બનાવી આપ્યુ હતું. ગરીબી તથા તંગદસ્તી હોવા છતાં નફસની ઈજ્જત અને ખુદ્દારીનો એ આલમ હતો કે કોઈની સામે હાથ ફેલાવવાનું તો એઓ જાણે સમજતા જ ન હતા. જેવી રીતે દિવસ ગુજરતા ખામોશી તથા સબ્ર સાથે ગુજારી દેતા. અલ્લાહે આ આયત થકી મુસલમાનોનું ધ્યાન એ તરફ દોર્યું. પરંતુ એ હુકમ એમની જ સાથે ખાસ નથી, આજે પણ જે લોકો આ ખિદમતમાં વ્યસ્ત રહે છે અને રોજી કમાવા માટે સમય નથી કાઢી શક્તા એમના વિશે પણ આ જ હુકમ છે.

**૩૭૧. ઈસ્લામે ભીખ માંગવાની સખત બુરાઈ વર્ણવી છે.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે હુઝૂર સરવરે આલમ ﷺએ ફર્માવ્યું કે **જો કોઈ શખ્સ દરેક સવારે લાકડીઓ વીણીને પીઠ પર ઉઠાવી લાવે અને એની કિંમતમાંથી જે મળે તેમાંથી સદક઼ો પણ કરે અને પોતે પણ ખાય, તે એનાથી ઘણુ જ બેહતર છે કે લોકોથી માંગતો ફરે, કોઈનું દિલ ચાહે તો કાંઈ આપી દે અને ચાહે તો ના પાડી દે. હુઝૂર ﷺનો એક અન્ય ઈર્શાદ છે, જે માણસ લોકોથી માલ જમા કરવાના માટે ભીખ માંગે છે તે અંગારા જમા કરી રહ્યો છે, થોડા અંગારા જમા કરે કે વધારે એ એની પોતાની મરજી.**

**હદીષ** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنهما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, યક઼ીનન ! અલ્લાહ મારી ઉમ્મતને અથવા ફર્માવ્યું, ઉમ્મતે મુહમ્મદ મુસ્તફા ﷺ ને ગુમરાહી પર એકમત થવા દેશે નહીં[1]. જમાઅત પર અલ્લાહનો દસ્તે કરમ છે[2] જે જમાઅતથી અલગ રહ્યો તે દોઝખમાં અલગ જ જશે. *(તિર્મિઝી)*

તેમનાથી જ રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મોટી જમાઅતની પયરવી કરો[3] કેમ કે જે અલગ રહ્યો તે અલગ જ આગમાં જશે[4] એને અનસની હદીષથી ઈબ્ને માજહએ રિવાયત કરી.

રિવાયત છે હઝરત અનસ ફર્માવે છે, રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે મારા બાળક ! જો તમે એવું કરી શકો કે સવાર તથા સાંજ એવી રીતે પસાર કરો કે તમારા **દિલમાં કોઈના પ્રતિ કીનો ન હોય**, તો કરો[5]. પછી ફર્માવ્યું કે, હે મારા બેટા ! આ **મારી સુન્નત** છે, અને **જે મારી સુન્નતથી મહોબ્બત કરે તેણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે**[6]. *(તિર્મિઝી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنه થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **જેણે મારી ઉમ્મતના બગાડના સમયે મારી સુન્નતને મજબૂત પકડી તો તેને સો શહીદોનો સવાબ છે**[7].

## સ....મ....જૂ....તી....

અહીં ઉમ્મતથી 'ઉમ્મતે ઈજાબત' મુરાદ છે એટલે કે હુઝૂર ﷺ પર ઈમાન લાવનારા લોકો. આ હદીષ પાછલી હદીષની જાણે તફસીર છે, એટલે ભલે મારી ઉમ્મતમાં બની ઈસ્રાઈલથી વધુ ફિર્ક઼ા થશે પરંતુ ફરક એ છે કે તેઓ સૌ ગુમરાહ થઈ ગયા હતા, પણ આ આખી ઉમ્મત ગુમરાહ થશે નહીં બલ્કે કયામત સુધી એક ફિર્ક઼ો એમાં હક્ક઼ પર રહેશે, એ આ ઉમ્મતની વિશિષ્ટતા છે. એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે મુસલમાનોનો ઈજમાઅ બર હક્ક઼ છે, **જેના પર સર્વ ઉલમા, ઔલિયા એકમત થઈ જાય તે મસ્અલો એવો જ અમલ કરવા માટે લાઝિમ ઠરે છે જેવી રીતે કુર્આનની આયત.** આ હદીષનું સમર્થન આ આયતથી છે :–

وَ يَتَّبِعْ غَيْرَ سَبِيلِ الْمُؤْمِنِينَ نُوَلِّهِ مَا تَوَلَّى وَنُصْلِهِ جَهَنَّمَ

એટલે "જે મુસલમાનોના માર્ગથી અલગ કોઈ અન્ય માર્ગે ચાલશે તેને અમે દોઝખમાં નાખીશું." ઈજમાએ ઉમ્મતનું દલીલ હોવું એ પણ આ ઉમ્મતની વિશિષ્ટતા છે. જાણવા મળ્યું કે ખિલાફતે શયખૈન (હઝરત અબૂબક્ર તથા ઉમરની) બરહક્ક઼ છે.

**૨.** દસ્તે કરમથી મુરાદ હિફાઝત, મદદ તથા રહમત છે. એટલે કે અલ્લાહ તઆલા જમાઅતને ગલતી તથા દુશ્મનોની તકલીફથી બચાવશે, એમના પર સકીના ઉતારશે વગેરે.

**૩.** એટલે કે હમેશાં તે અક઼ીદાઓ અપનાવો જે મુસલમાનોની મોટી જમાઅતના હોય. આ હદીષ મન્સૂસ તથા ગૈરમન્સૂસ સર્વ અહકામને સમાવે છે. આયતો તથા હદીષોના જે અર્થો મુસલમાનોની મોટી જમાઅતે સમજ્યા છે તે જ હક્ક઼ છે. આજે જો કોઈ નવા અર્થો બતાવે તો જૂઠો છે. "ખાતમુન્નબીય્યીન"નો અર્થ અંતિમ નબી, સલાત

તથા ઝકાતનો અર્થ રિવાજ મુજબની નમાઝ અને સદકા છે. જે એવું કહે કે "ખાતમુન્નબીય્યીન"નો અર્થ અસલી નબી છે, તથા સલાત તથા સદકા, ઝકાતના કોઈ અન્ય અર્થો કરે એ ગલત છે. એ જ પ્રમાણે મુસલમાનોની મોટી જમાઅત મીલાદ, ફાતિહા, ઉર્સ વગેરેને સારુ સમજે છે, તે ખરેખર સારુ જ છે, જો કેટલાક લોકો એને હરામ કહે તો એઓ જૂઠા છે. હદીષ શરીફમાં છે : "જેને મુસલમાનો સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે."

રબ ફર્માવે છે : لِتَكُونُوا شُهَدَاءَ عَلَى النَّاسِ હુઝૂર ફર્માવે છે : "તમે જમીનમાં અલ્લાહના ગવાહ રહો." આ સર્વ હદીષો આ જ મિશ્કાત શરીફમાં આવશે, જેથી **જે કામને આમ ઉલમા, સુલહા તથા મુસ્લિમ અવામ સારુ જાણે તે પણ સારુ જ છે.** યાદ રાખશો કે મોટી જમાઅત સર્વ મુસલમાનોની વિશ્વસનીય છે ન કે કોઈ ખાસ જગ્યા તથા ખાસ સમયની, જેથી **જો કોઈ વસ્તીમાં એક સુન્ની છે અને સૌ બદમઝહબ છે તો તે એક જ સવાદે આઝમ ગણાશે, કેમ કે તે સહાબીઓથી આજ સુધીની (મોટી) જમાઅતની સાથે છે.** એ પણ યાદ રાખશો કે ઈજતેહાદી મસાઈલમાં સવાદે આઝમનો એતબાર નથી, એક મુજતહિદ બહુમતિ મુજતહિદોથી મતભેદ કરી શકે છે અને એની ઈત્તેબા (પયરવી) જાઈઝ છે. એની સંપૂર્ણ ચર્ચા મિર્કાત વગેરેમાં જુઓ. યાદ રાખશો કે અમુક બદઅમલીઓમાં સામાન્ય મુસલમાનો ફસાઈ જાય છે જેમ કે વર્તમાનકાળમાં દાઢી મૂંડાવવું, પરંતુ તે સૌ એને બુરાઈ જાણે છે અને ગુનોહ સમજીને તેને કરે છે, જેથી એવું નથી કહી શકાતુ કે દાઢી મૂંડાવવું મોટી જમાઅતનો અમલ છે.

**૪.** એટલે કે જેણે મુસલમાનોની મોટી જમાઅતની વિરૂધ્ધ અકીદા અપનાવ્યા તો જમાઅત તો જન્નતમાં જશે અને આ દોઝખમાં. આ હદીષ કયામત સુધી બદમઝહબિયતથી બચવાનો મહાન ઝરીયો છે. જો મુસલમાન એના પર અમલ કર્તા રહે તો નાના નાના ફિર્કા આપોઆપ ખત્મ થઈ જાય.

**૫.** એટલે કે મુસલમાન ભાઈની તરફથી દુનિયવી બાબતોમાં સાફ દિલ હોય, સીનો કીનાથી પાક હોય ત્યારે તેનામાં અન્વારે મદીના આવશે. ઝાંખો આઈનો અને મેલુ દિલ ઈજ્જતને પાત્ર નથી પણ કાફિરોથી અદાવત અસ્લે ઈમાન છે.

રબ તઆલા ફર્માવે છે :–

لَا تَجِدُ قَوْمًا يُؤْمِنُونَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ يُوَادُّونَ مَنْ حَادَّ اللّٰهَ وَرَسُوْلَهٗ


એ જ પ્રમાણે ફાસિક મુસલમાનની બદકારીથી નારાજ થવું ઈબાદત છે, જેથી હદીષ સાફ છે.

**૬.** એટલે કે **જેવી રીતે અમલોમાં સુન્નતોની પાબંદી સવાબનો સબબ છે એવી જ રીતે દિલ સાફ રાખવું, સારા અખ્લાક હોવા પણ સુન્નત છે** જેનાથી રસૂલેપાક ﷺની કુર્બત હાંસલ થાય છે. અફસોસ ! કે મોટા ભાગના લોકો અહીં લપસી જાય છે. **સુન્નતની પયરવીનો દાવો હોય છે પણ સીના કીનાઓથી ભરેલા હોય છે.** અલ્લાહ આ સુન્નત પર અમલ કરવાની તૌફીક આપે.

**૭.** કેમ કે શહીદ તો એકવાર તલ્વારનો ઝખ્મ ખાઈને પાર થઈ જાય છે પણ આ અલ્લાહનો બંદો જીવનભર લોકોનાં મરેણા ટોણા અને જીભોના ઘા ખાતો રહે છે, અલ્લાહ તથા રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ખાતર સર્વ કાંઈ સહન કર્યા કરે છે, એનો જેહાદ એ **જેહાદે અકબર** છે, જેમ કે આ જમાનામાં દાઢી રાખવું, વ્યાજથી બચવું વગેરે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# શિફા શરીફ

વિભાગ : ૨


મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمة الله عليه

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


## ક઼યામતમાં શાને રિસાલતના નઝારા !

*(આ હાશિયાનું લખાણ છે)*

**૧.** મુજદ્દિદે મિઅતિ હાઝિરા ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رحمة الله عليه છ મુક઼દ્દસ હદીષો શફાઅત સંબંધીને એક ખૂબસૂરત માળામાં પરોવી અને આ રીતે બયાન કરી છે. છ હદીષોનું ગઠબંધન : હદીષે મૌકૂફ વિસ્તારથી અને લંબાણથી (૧) અહમદ અને બુખારી અને મુસ્લિમ અને તિર્મિઝીએ અબૂ હુરૈરહ رضي الله عنه અને (૨) બુખારી અને મુસ્લિમ અને ઈબ્ને માજાએ અનસ અને (૩) તિર્મિઝી અને ઈબ્ને ખઝૈમાએ અબૂ સઈદ ખુદરી અને (૪) અહમદ અને બઝ્ઝાર અને ઈબ્ને હબ્બાન અને અબૂ યઅલાએ સિદ્દીક઼ે અકબર અને અહમદ (૫) અને અબૂ યઅલાએ ઈબ્ને અબ્બાસ رضوان الله تعالى عليهم اجمعين થી સૈયદુલ મુર્સલીન ﷺ સુધી અને (૬) અબ્દુલ્લાહ બિન મુબારક અને ઈબ્ને અબી શયબહ અને ઈબ્ને અલી આસિમ અને તિબરાનીએ સહીહ સનદ સુલયમાન ફારસી رضوان الله تعالى عليهم اجمعين થી મૌકૂફન રિવાયત (જે રિવાયત સહાબી સુધી પહોંચે) કરી. આ બધાના શબ્દો અલગ અલગ નક઼લ કરવામાં ઘણુ લંબાણ થાય તેમ છે જેથી હું તેમના જુદા જુદા શબ્દોને એક ક્રમબધ્ધ સિલસિલામાં એકઠા કરીને તેના દિલ ખુશ કરનાર કિસ્સાને સંક્ષેપ કરું છું. વબિલ્લાહિ તૌફીક઼ વાક્યોની શરૂઆતમાં જે અક્ષરો છે તે અબજદની ગણતરીમાં અલિફથી વાવ સુધી તે છ હદીષોની તરફ ઈશારો છે. ક઼યામતના દિવસે (અલિફ) અલ્લાહ તઆલા પ્રથમના અને આખરનાને એક વિશાળ મેદાનમાં એક સાથે એકઠા કરશે જેથી જોવાવાળાની નજર સમક્ષ હોય અને પોકાર કરવાવાળાનો અવાજ સાંભળે. દિવસ લાંબો હશે (વાવ) અને સૂરજને તે દિવસે દસ વર્ષની ગરમી દેશે. પછી લોકોના માથાના નજીક કરશે ત્યાં સુધી કે બે કમાન જેટલા વચ્ચેના અંતર જેટલો ફર્ક રહી જશે. પરસેવો આવવાનો શરૂ થશે. મનુષ્યના પગનો પરસેવો જમીનમાં ચૂસાઈ જશે પછી ઉપર ચઢવાનો શરૂ થશે ત્યાં સુધી કે મનુષ્ય ડૂબકી લગાડવા લાગશે, ઉપર નીચે આવશે જેવું કે ડૂબકીઓ ખાય છે. (અલિફ) સૂરજ નજીક હોવાથી ઝુકાવ અને યાતના એટલી હદે પહોંચશે કે ગોખલો બની જશે. સહનશક્તિ બાકી રહેશે નહીં. (જીમ) રહી રહીને ત્રણ ગભરામણ લોકોને ઉઠશે (વાવ) અંદરોઅંદર કહેશે, જોતા નથી તમે કઈ આફતમાં છો, કેવી હાલતે પહોંચ્યા ? કોઈ એવો શોધતા નથી કે રબ્બના પાસે શફાઅત કરે (બે) કે અમોને આ જગાથી છૂટકારો અપાવે. (અલિફ) પછી પોતે જ વ્યવસ્થા કરશે કે આદમ عليه السلام આપણા બાપ છે તેમના પાસે ચાલ્યા જઈએ. પછી આદમ عليه السلام ના પાસે જશે. (દાલ) અને પરસેવાની એ જ હાલત છે કે મોમાં લગામના જેમ બનવા પામે છે (અલિફ) અરજ કરશે (વાવ) અય અમારા બાપ ! (અલિફ) અય આદમ ! આપ અબુલ બશર (માનવ પિતા) છો. અલ્લાહ તઆલાએ આપને (પોતાની કુદરતથી) બનાવ્યા અને પોતાની રૂહ આપમાં નાખી, અને પોતાના ફરિશ્તાઓથી આપને સજદો કરાવ્યો અને પોતાની જન્નતમાં આપને રાખ્યા. (બે) અને સઘળી વસ્તુઓનાં નામ આપને શિખડાવ્યાં. (દાલ) અને આપને પોતાના દોસ્ત બનાવ્યા. (અલિફ) આપ આપના રબ્બની પાસે અમારી શફાઅત કેમ કરતા નથી ? (બે) કે અમને આ સ્થળથી છૂટકારો આપે. (અલિફ) આપ જોતા નથી કે અમે કઈ આફતમાં છીએ અને કઈ હાલતમાં પહોંચ્યા છીએ. આદમ عليه السلام ફર્માવશે, હું તેના યોગ્ય નથી. મને આજે મારી જાન (જીવ)ના સિવાય કોઈની પણ ચિંતા નથી ! આજે મારા રબ્બે તે ગઝબ ફર્માવ્યો છે કે ન પહેલાં ક્યારેય કર્યો હતો ન ભવિષ્યમાં ક્યારેય કરશે. મને મારા જીવની ચિંતા છે, મને મારા પ્રાણનો ગમ છે, મને પોતાના પ્રાણનો ભય છે, તમે બીજા કોઈની પાસે જાવ ! (વાવ) અરજ કરશે, તો આપ કોના પાસે મોકલો છો ? ફર્માવશે, તમારા બીજા પિતા (અલિફ) નૂહના પાસે (બે) તેઓ પહેલા નબી છે જેમને અલ્લાહ તઆલાએ

પૃથ્વી પર મોકલ્યા. (વાવ) તેઓ ખુદાના કૃતજ્ઞ બંદા છે. (અલિફ) લોકો નૂહ علیہ السلامના પાસે હાજર થશે અને અરજ કરશે કે અય નૂહ ! (علیہ السلام) (વાવ) અય નબી અલ્લાહ ! (અલિફ) આપ જમીનવાળા તરફ પહેલા રસૂલ છો. અલ્લાહે આપનું નામ 'અબ્દે શકૂર' રાખ્યું (વાવ) અને આપને પસંદ કર્યા અને આપની (અલિફ) દુઆ કબૂલ કરી કે જમીન પર કોઈ કાફિરનું નિશાન ન રાખ્યું. (અલિફ) આપ જોતા નથી કે અમે કઈ બલામાં છીએ ?! આપ જોતા નથી કે અમે કઈ દશામાં પહોંચ્યા છીએ ?! આપ આપના રબ્બના સમક્ષ અમારી શફાઅત કેમ કરતા નથી ? (હે) કે અમારો ફૈંસલો કરે ?! (અલિફ) નૂહ علیہ السلام ફર્માવશે, હું તેને યોગ્ય નથી, આ કામ મારાથી બનશે નહીં. આજે મને મારા પ્રાણના સિવાય કોઈની પણ ચિંતા નથી, મારા રબ્બે આજે ગઝબ ફર્માવ્યો છે કે ન આના પહેલાં કર્યો અને ન તેના પછી કરશે. મને મારી જાનની ફિકર છે, મને મારી જાનનો ખટકો છે, અને મારા પ્રાણનો ડર છે, તમે બીજા કોઈના પાસે જાવ. (વાવ) અરજ કરશે, પછી આપ અમને કોના પાસે મોકલો છો ? ફર્માવશે, (બે) ખલીલુર્રહમાન (અલિફ) ઈબ્રાહીમ علیہ السلامના પાસે (દાલ) કે અલ્લાહે તેમને પોતાના દોસ્ત બનાવ્યા છે. (અલિફ) લોકો ઈબ્રાહીમ علیہ السلامના સમક્ષ હાજર થશે. અરજ કરશે, (વાવ) અય ખલીલર્રુહમાન ! અય ઈબ્રાહીમ ! આપ અલ્લાહના નબી અને પૃથ્વીવાસી પર તેના દોસ્ત છો. પોતાના રબ્બની સમક્ષ અમારી શફાઅત કરો (હે) કે અમારો ફૈંસલો કરી દે. (અલિફ) આપ જોતા નથી કે અમે કઈ મુસીબતમાં સપડાયેલા છીએ ! આપ જોતા નથી કે અમે કઈ હાલતમાં પહોંચ્યા ! ઈબ્રાહીમ علیہ السلام ફર્માવશે, હું તેના યોગ્ય નથી, આ કામ મારે કરવાનું નથી. આજે મને બસ પોતાના પ્રાણની ફિકર છે. મારા રબે આજે તે ગઝબ ફર્માવ્યો છે કે આનાથી પહેલાં આવો કદી કર્યો નથી ને ન તેના પછી થશે. મને મારા પ્રાણનો ડર છે, મને મારા પ્રાણનો ભય છે, મને મારા પ્રાણની ચિંતા છે, તમે બીજાના પાસે જાવ. (વાવ) અરજ કરશે, પછી આપ અમને કોના પાસે મોકલો છો ? ફર્માવશે, (અલિફ) તમે મૂસાના પાસે જાવ, (બે) તેઓ એવા બંદા છે જેમને ખુદાએ તવરાત આપી અને તેમનાથી વાર્તાલાપ કર્યા અને પોતાના રહસ્યના જાણકાર બનાવી સમીપતા બક્ષી (હે) અને પોતાની પયગમ્બરી આપીને પસંદ કર્યા. (અલિફ) લોકો મૂસા علیہ السلامના પાસે હાજર થશે અને અરજ કરશે, અય મૂસા ! આપ અલ્લાહના રસૂલ છો, અલ્લાહ તઆલાએ આપને પોતાની રિસાલત અને પોતાના કલામથી લોકો પર શ્રેષ્ઠતા બક્ષી, આપના રબ્બના પાસે અમારી શફાઅત કરો ! આપ જોતા નથી અમે કઈ મુસીબતમાં સપડાયેલા છીએ ? આપ જોતા નથી કે અમારી કેવી દશા થઈ છે ?! મૂસા علیہ السلام ફર્માવશે, હું તેના યોગ્ય નથી, આ કામ મારાથી થશે નહીં, આજે મને પોતાના સિવાય બીજાની ચિંતા નથી. મારા રબ્બે આજે તે ગઝબ ફર્માવ્યો છે કે આવો ન ક્યારે કર્યો હતો અને ન ક્યારેય કરશે. મને મારા જીવની ફિકર છે, મને મારા જીવનો ભય છે, તમે બીજા કોઈના પાસે જાવ. (વ) અરજ કરશે, પછી આપ અમને કોના પાસે મોકલો છો ? ફર્માવશે, (અલિફ) તમે ઈસાના પાસે જાવ (બે) તેઓ અલ્લાહના બંદા છે અને તેના રસૂલ છે અને તેના કલ્મા અને તેની રૂહ (દાલ) કે જન્મથી આંધળા અને કોઢીયાને સારા કરતા અને મુડદા જીવતાં કરતા હતા. (અલિફ) લોકો મસીહ علیہ السلامના પાસે હાજર થશે. અરજ કરશે, અય ઈસા ! (علیہ السلام) આપ અલ્લાહના રસૂલ અને તેના કલિમા છો કે તેણે મરયમની તરફ પહોંચાડયા અને તેની તરફની રૂહ છો. આપે ઘોડીયામાંથી લોકોના સાથે વાતચીત કરી. આપ રબ્બના સમક્ષ અમારી શફાઅત કરો કે તે અમારો ફૈંસલો કરી દે. આપ જોતા નથી અમે કઈ મુસીબતમાં છીએ ? આપ જોતા નથી અમે કઈ દશામાં પહોંચ્યા ?! મસીહ علیہ السلام ફર્માવશે, હું આના યોગ્ય નથી, આ કામ મારાથી થશે નહીં, આજે મને પોતાના પ્રાણના સિવાય કોઈનો ગમ નથી. મારા રબે આજે તે ગઝબ ફર્માવ્યો છે કે ન ક્યારેય આવો કર્યો હતો, ન ક્યારેય કરશે, મને મારા પ્રાણનો ભય છે, મને મારા જીવનો ગમ છે, મને મારા જીવની ચિંતા છે, તમે કોઈ બીજાના પાસે જાવ ! (વ) અરજ કરશે, પછી આપ અમને કોના પાસે મોકલો છો ? ફર્માવશે, તમે તે બંદા પાસે જાવ જેના હાથ પર અલ્લાહ તઆલાએ કામયાબી રાખી છે અને આજના દિવસે ભયરહિત અને બેફિકર છે ! તેમની તરફ જાવ જે તમામ બની આદમ (મનુષ્ય જાત)ના સરદાર અને સૌ પ્રથમ જમીનમાંથી બહાર તશરીફ લાવવાવાળા છે. તમે મુહમ્મદ ﷺના પાસે જાવ, ભલા કોઈ સીલબંધ પાત્રમાં કોઈ પૂંજી હોય તેના અંદરની વસ્તુઓ સીલ ઉઠાવવાથી મળી શક્તી હોય ? લોકો અરજ કરશે, ફર્માવશે એવી જ રીતે મુહમ્મદ ﷺ અંબિયાના

આખરમાં છે (ત્યારે જ્યાં સુધી તેઓ ફતહનું પ્રકરણ નહીં ફર્માવે કોઈપણ નબી કાંઈ પણ કરી શક્તા નથી) અને તેઓ આજે અહીં તશરીફ લાવેલ છે. તમે તેમના પાસે જાવ અને ઈચ્છો કે તેઓ તમારા રબ્બના સમક્ષ તમારી શફાઅત કરે. ﷺ હવે તે સમય આવી ગયો છે કે થાક્યા હાર્યા મુસીબતના માર્યા લોકો હાથ પગ છોડી ચારે તરફથી આશાઓ છોડી બારગાહે અર્શજાહ, બેકશ પનાહ, ખાતિમ દોરહે રિસાલત, ફાતેહે બાબે શફાઅત, મહબૂબ બાવજાત, મત્લૂબે બુલંદ ઈજ્જત, મલ્નીએ આજિઝાં, માવાએ બેકશાં, મૌલાએ દો જહાં હુઝૂર પૂરનૂર મુહમ્મદ શફીએ યવમન્નશૂર ﷺમાં હાજર થયા અને ચિત્કાર ભરી અવાજો, બેચેન હૃદય, આંસૂઓથી ભરેલી આંખો, (આ રીતે અરજ કરે છે) અય મુહમ્મદ ! અય અલ્લાહના નબી ! આપ તે છો કે અલ્લાહ તઆલાએ આપને ફતહેબાબ કર્યા અને આજે આપ નિર્ભય અને બેફિકર તશરીફ લાવ્યા. હુઝૂર ! અલ્લાહના રસૂલ અને અંબિયાના અંતિમ છો, આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો, અમારો ફેંસલો કરી દે. હુઝૂર ! નજર તો નાખો ! અમે કયા દર્દમાં છીએ ? હુઝૂર ! ધ્યાન તો આપો, અમે કઈ હાલતમાં પહોંચ્યા છીએ ? (બે) હુઝૂર પૂરનૂર ﷺ ઈર્શાદ ફર્માવશે, **અના લહા વ અના સાહિબુકુમ** હું શફાઅતના માટે છું હું તમારો મનોનીત છું જેને તમે તમામ જગ્યાએ શોધતા રહ્યા. (ﷺ) આના પછી હુઝૂરે પોતાની શફાઅતની હકીકત ઈર્શાદ ફર્માવી. આ અડધી હદીષની સ્પષ્ટતા છે. મુસલમાન આ રીતે ઈમાનની નજરે જુએ અને પ્રથમ હક્ક જલ્લ વ આલાની આ મહાન હોવાની હિકમતનો વિચાર કરે કેમ કે અહલે મહશર (કયામતવાળા)ના હૃદયમાં ક્રમ પ્રમાણે અંબિયાએ ઉઝઝામ عَلَيْهِمُ السَّلَام ની ખિદમતમાં જવું ઈલ્હામ ફર્માવશે અને અચાનક બારગાહે અક્દસ સૈયદે આલમ ﷺમાં હાજર કરશે નહીં કે હુઝૂર વાસ્તવમાં શફીઅ (મુક્તિ અપાવનાર) છે. શરૂઆતમાં અહીં જ આવતા ત્યારે શફાઅત પામતા પરંતુ આગળના અને પાછળના પૈરવી કરનાર અને વિરોધ કરનારા તમામ માનવજાત પર કેવી રીતે ખુલતુ કે આ મર્તબો સૈયદે કરમ વ મૌલાએ આ'ઝમ ﷺનો ખાસ હિસ્સો છે જેમનો દામન (પાલવ) ઉચ્ચ, પ્રતિષ્ઠિત, તમામ અંબિયાએ મુરસલીનની શક્તિથી બુલંદ છે. પછી વિચારો કે દુનિયામાં લાખો કરોડો કાન આ હદીષથી જાણકાર અને અસંખ્ય બંદા આ હાલના કયામતના મેદાન સહાબા અને તાબેઈન અને હદીષોના નિષ્ણાતો અને અવલિયાએ કામેલીન અને દુનિયાના આલિમો તમામ મૌજૂદ (ઉપસ્થિત) હશે. પછી કેમ કે આ પ્રખ્યાત વાત તેઓના દિલોમાંથી એવી રીતે ભૂલાવી દેવામાં આવશે કે આટલી બધી જમાઅતોમાં આ લાંબી મુદ્દતો સુધી કોઈને સાચે જ યાદ આવશે નહીં ! પછી વારાફરતી અંબિયાથી જવાબ સાંભળતા જશે ત્યારે જરા પણ ધ્યાનમાં આવશે નહીં. આ તે જ બનાવ છે જે સાચા ખબર કરનારે પહેલે જ બતાવેલ છે. પછી હઝરાત અંબિયા عَلَيْهِمُ السَّلَام જુઓ ! તેઓ પણ એકના પછી બીજા અંબિયા પાસે મોકલતા જશે. આ કોઈ ફર્માવશે નહીં કે તમે બેકાર હલાક થાવ છો, તમારી ઈચ્છા પૂરી કરવાનું આ પ્યારા મેહબૂબ ﷺ પાસે છે. આ તમામ સામાન, **આ પ્રતિષ્ઠા અને પ્રતિષ્ઠાનો પ્રચાર મહબૂબની શાનના માટે છે.** બીજું શફાઅતના સવાલ પર અંબિયાના જવાબ અને આપણા હુઝૂરના મુબારક ઈર્શાદને મેળવીને જુઓ, અહીં મકામે મહમૂદનો મજા આવતો સંદેશ છે તથા રિસાલતનો એ સૂર્ય નીકળે છે કે તમામ રિસાલતના તારાઓ અને નુબુવ્વતના દિવડાઓમાં શ્રેષ્ઠ તથા પ્રતિષ્ઠિત મહાન તથા ઉચ્ચતર તે જ અરબનો સૂર્ય, હરમનો ચાંદ છે, જેના નૂરના સમક્ષ દરેક પ્રકાશ ઝાંખો પડી જાય છે ﷺ. અને પાંચ પયગમ્બરોની વિશેષતા સ્પષ્ટ છે કે હઝરત આદમ પ્રથમ અંબિયા અને અંબિયાના પિતા છે અને ચાર અતિ મહાન રસૂલો અને તમામ પાછળના અંબિયાઓથી શ્રેષ્ઠ અને ઉચ્ચ, અને એ સૌમાં અફઝલ આપણા નબી ﷺ છે. **والحمد لله الملك الجليل** *(તજલ્લીયુલ યકીન, પા. નં ૫૨ થી ૬૨)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી રિવાયત છે કે કયામતના દિવસે ''લિવાએ હમ્દ'' રસૂલુલ્લાહ (ﷺ)એ ઉઠાવેલો હશે અને આ ગર્વથી કહેતો નથી. તમામથી પહેલા શફાઅત કરવાવાળો હું છું અને મારી જ શફાઅત તમામથી પહેલાં કબૂલ થશે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કયામતના દિવસે હું હઝરત આદમ علیہ السلام ની તમામ ઔલાદનો સરદાર હોઈશ, સૌથી પ્રથમ મારી કબર ફાટી જશે અને સૌથી પ્રથમ હું શફાઅત કરીશ અને સૌથી પ્રથમ મારી જ શફાઅત અલ્લાહ તઆલાની બારગાહમાં મંજૂર થશે.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(મજલિસ-૪)*

### સ્ત્રીઓના આજ્ઞાપાલન તથા ગુલામ આઝાદ કરવા વિશે

સ્ત્રીઓના આજ્ઞાપાલનના બારામાં ચર્ચા થઈ રહી હતી. આપે (હઝરત ઉષ્માન હારૂનીએ) ફર્માવ્યું, કે અમીરુલ મો'મિનીન હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું કે મેં સરવરે કાઈનાત ﷺની ઝબાન મુબારકથી સાંભળ્યું કે, "**જે સ્ત્રી પોતાના પતિનું આજ્ઞાપાલન કરે છે તે ફાતિમા ઝહરા સાથે જન્નતમાં દાખલ થશે.**" ત્યારબાદ ફર્માવ્યું કે જે સ્ત્રીને પતિ બિસ્તર પર બોલાવે અને તેણી ન આવે તો તેની સર્વ કરેલી નેકીઓ દૂર થઈ જાય છે અને તેણી એવી સાફ રહી જાય છે જેમ કે સાપ કાંચલી ઉતારીને હોય. અને તેના પતિના તરફથી તેના જિમ્મે એટલા પ્રમાણમાં બુરાઈઓ (ગુનાહો) થઈ જાય છે જેટલી કે જંગલ (રણ)ની રેતી હોય છે, અને **જો તે સ્ત્રી મૃત્યુ પામે અને પતિ તેનાથી રાજી ન હોય તો તેણીના માટે દોઝખના સાતેવ દરવાજા ખુલી જાય** છે. અને **જે સ્ત્રીથી પતિ રાજી હોય અને સ્ત્રી મૃત્યુ પામે તો તેણીના માટે જન્નતના સિત્તેર દરજ્જા નિશ્ચિંત થાય છે.**

પછી ફર્માવ્યું કે મેં 'તમ્બીહ'માં લખેલું જોયું છે કે : "**જે પત્ની પતિ સાથે કટુ વર્તાવથી વર્તે અને તેના તરફ ન જુએ તો તેના આમાલનામામાં આસ્માનના તારાઓ બરાબર ગુનાહ લખવામાં આવે છે.**" પછી ફર્માવ્યું કે, "જો પતિની નાકના એક નસકોરાથી લોહી વહેવા લાગે અને બીજાથી લીંટ, અને પત્ની તેની જીભ વડે સાફ કરે તો પણ પતિનો હક્ક઼ અદા નથી થતો."તો હે દુરવેશ ! "**જો ખુદા સિવાય કોઈને સિજદો કરવો જાઈઝ હોત તો રસૂલુલ્લાહ ﷺ હુકમ ફર્માવતા કે સ્ત્રીઓ પોતાના પતિઓને સિજદો કરે.**"

પછી ગુલામ આઝાદ કરવાના બારામાં ચર્ચા ચાલી એ અરસામાં એક દુરવેશ આવ્યા અને આદાબ બજાવી લાવ્યા. જે ગુલામ તેમની સાથે હતો તેને ખ્વાજા સાહબની રૂબરૂ આઝાદ કરી આપ્યો. ખ્વાજા સાહબે દુઆએ ખૈર કરી પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તેના શરીરની દરેક રગના બદલામાં તે શખ્સને પયગંબરીનો સવાબ મળે છે અને દુનિયાથી બહાર જતાં પહેલાં જ તેના નાના મોટા ગુનાહોને ખુદાવંદે તઆલા બખ્શી આપે છે. અને તેના શરીર પર જેટલા વાળ છે , દરેક વાળના બદલામાં એક શહેર જન્નતમાં તેના નામનું બને છે અને તેની દરેક રગના બદલામાં એને નૂર આપે છે અને તેના પર પુલસિરાત આસાન થાય છે અને આસ્માન પર તેનું નામ અવલિયામાં ગણના પામે છે."

પછી ફર્માવ્યું કે એક દિવસે રસૂલુલ્લાહ ﷺ બેઠેલા હતા અને સહાબા પણ આપની ખિદમતમાં હાજર હતા. અમીરુલ મોમિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنه ઉઠયા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારી પાસે ચાલીસ ગુલામ છે મેં વીસ

ગુલામ ખુદા તઆલાની રઝામંદીના માટે આઝાદ કર્યા. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلامનાઝિલ થયા અને કહ્યું કે, ''યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહનો હુકમ એ છે કે અબૂબક્ર رضی اللہ عنہના શરીર પર જેટલા વાળ છે, આપની ઉમ્મતમાંથી એટલા પ્રમાણમાં માણસોને અમે દોઝખની આગથી મુક્ત કર્યા અને એટલા જ પ્રમાણમાં સવાબ અબૂબક્ર رضی اللہ عنہએ હાંસલ કર્યો.''

ત્યાર બાદ ફર્માવ્યું કે, અમીરુલ મોમિનીન ઉમર رضی اللہ عنہ ઉઠીને આદાબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે ૩૦ ગુલામ છે એમાંથી પંદર હું અલ્લાહને રાજી કરવા તેની રાહમાં આઝાદ કરુ છું. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી એટલામાં હઝરત જિબ્રઈલ علیہ السلام ફરી ઉતર્યા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! અલ્લાહનું ફર્માન આ પ્રમાણે છે કે, જેટલી સંખ્યામાં રગો તે ગુલામોના શરીરમાં છે તેનાથી પચાસ ગણા માણસો આપની ઉમ્મતમાંથી દોઝખની આગથી મુક્ત કર્યા અને એટલા પ્રમાણેનો સવાબ હઝરત ઉમર رضی اللہ عنہને અર્પણ થયો.

એના પછી ફર્માવ્યું કે અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہ ઉઠીને આદાબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે મારી પાસે ઘણા બધા ગુલામો છે એમાંથી ૧૦૦ ગુલામ અલ્લાહની રાહમાં આઝાદ કર્યા. રસૂલુલ્લાહ ﷺએ દુઆએ ખૈર કરી અને હઝરત જિબ્રઈલ علیہ السلامએ આવીને હુકમે ઈલાહી આ પ્રમાણે વર્ણવ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ જેટલી રગો તે ગુલામોના શરીરમાં છે એનાથી સો ગણા માણસો આપની ઉમ્મતના બખ્શવામાં આવ્યા, અને એટલો સવાબ હઝરત ઉષ્માન رضی اللہ عنہને અતા થયો.

ત્યારબાદ ફર્માવ્યું કે અમીરુલ મોમિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم ઉઠયા અને આદબ બજાવી લાવ્યા અને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! મારી પાસે દુનિયાની કોઈ ચીજ નથી, મારી પાસે જાન છે જેને ખુદા પર મેં કુર્બાન કરી. એ જ વાતો થઈ રહી હતી એવામાં હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માને ઈલાહી એ છે કે અમારા અલી کرم اللہ وجہہ الکریمની પાસે દુનિયાની કોઈ ચીજ નથી, અમે દુનિયામાં અઢાર હજાર આલમ પેદા કર્યા છે, તારી તથા અલીની રઝામંદી માટે અમે દરેક આલમમાંથી દસ હજારને દોઝખની આગથી નજાત બખ્શી.

પછી ફર્માવ્યું કે ખ્વાજા યુસુફ ચિશ્તીનો તરીક઼ો હતો કે જે બુઝુર્ગ ખ્વાજા સાહબની ખિદમતમાં આવતા એક ગુલામ આપની ખિદમતમાં પેશ કરતા અને ખ્વાજા સાહબ તેને ક઼બૂલ કરીને ફર્માવતા કે એને આઝાદ કર, કદાચ ક઼યામતના દિવસે હું તથા તું એના સબબે દોઝખની આગથી બચી જઈએ.

પછી ફર્માવ્યું કે જે દિવસે ખ્વાજા ઈબ્રાહીમ رحمۃ اللہ علیہએ તૌબા કરી તો જેટલા પ્રમાણમાં આપની પાસે ગુલામ હતા પોતાની સામે સૌને આઝાદ કર્યા અને **હજ્જના માટે રવાના થયા. અને પગપાળા દરેક ડગલા પર બે રકાત નમાઝ અદા કરતા કરતા ૧૪ વરસના અરસામાં ખાનાએ કાબા પહોંચ્યા** તો શું જુએ છે કે કાબા પોતાના સ્થાને નથી ! આપને આશ્ચર્ય થયું તો અવાજ આવ્યો કે, હે ઈબ્રાહીમ ! સબ્ર કર, કા'બા એક વૃધ્ધાની ઝિયારતના માટે ગયો છે, હમણા આવી જશે. જેવી ખ્વાજા સાહબે આ વાત સાંભળી તો આપ પહેલાં કરતાં અધિક આશ્ચર્યમાં પડી ગયા, અને કહ્યું કે એ વૃધ્ધા કોણ છે ? જેથી તેણીને જોવા માટે રવાના થયા કે જઈને જોઉં તો ખરો ! જેવા જંગલમાં પહોંચ્યા તો રાબિઆ બસરીને જોયાં કે બેઠેલાં છે અને કાબા તેમની આસપાસ તવાફ કરી રહ્યો છે. ઈબ્રાહીમ رحمۃ اللہ علیہના દિલમાં ગૈરત આવી જેથી તેમણે રાબિઆ બસરીને જોરથી અવાજ આપ્યો કે તેં આ શું શોર મચાવી રાખ્યો છે ?! તેમણે કહ્યું, મેં આ શોર નથી મચાવ્યો બલ્કે તેં કર્યો છે ! કે ૧૪ વરસો પછી તું ખાનાએ કા'બા પહોંચ્યો અને દીદાર નસીબ નથી થયો, કેમ કે તારી

ખ્વાહિશ ખાનાએ કા'બાની ઝિયારતની હતી અને મારી ખ્વાહિશ ખાનાએ કા'બાના માલિકથી હતી. પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! **તે મુર્દા છે કે ખુદાવંદે તઆલા સિવાય કોઈ ચીજને લક્ષમાં રાખે અને દુનિયા તથા આખેરતમાં ગુમ ન થાય.** અને જે કાંઈ તેની પાસે છે એના તરફ નિગાહ ન કરે. જ્યારે માણસ આ મર્તબા પર પહોંચી જાય છે તો જે કાંઈ તેના દોસ્તની માલિકીમાં હોય છે તે એની થઈ જાય છે,કાબા તેની આસપાસ તવાફ કરે છે અને એનો દામન નથી છોડતો. તો હે દુરવેશ ! એ જ મક઼ામ પર ચિંતન કર કે જ્યારે સૈયદે આલમ ﷺ ખુદાવંદે તઆલાના બની ગયા તો ખુદાવંદે તઆલા સૈયદે આલમ ﷺનો બની ગયો અને દરમ્યાનમાં કોઈ ચીજ આડ ન રહી. તો અવાજ આવ્યો કે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** જેવો કે આ મામલો જે કાંઈ આસ્માનથી લઈને જમીન સુધી દુનિયા તથા આખેરતમાં છે તે સૌએ જોયો તો ફરિશ્તા, ઈન્સાન, જિન વગેરેએ, તો સૌએ પોત પોતાને તુફૈલ ખયાલ કરીને આં જનાબ ﷺનો દામન પકડયો અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ ક઼યામતના દિવસે અમને છોડી આપશો નહીં અને તમારી શફાઅતથી વંચિત ન રાખશો.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! તને યાદ રહે કે જ્યારે માણસ દોસ્ત બની જાય છે તો સર્વ ચીજો એની બની જાય છે, પણ મર્દે જોઈએ કે સર્વ મૌજૂદાતથી પરવારીને દોસ્તની તરફ મશ્ગૂલ રહે જેથી જે કાંઈ દોસ્તનું છે તે એની પયરવી (અનુસરણ) કરે.

પછી ફર્માવ્યું, હે દુરવેશ ! એકવાર હું સીવિસ્તાનની તરફ સફરમાં હતો તો સીવિસ્તાન માં એક ગુફાની અંદર એક દુરવેશને જોયો જેને શયખ સીવિસ્તાની કહ્યા કરતા હતા. પરંતુ તે વૃદ્ધ એટલા પ્રમાણમાં બુઝુર્ગી તથા પ્રભાવ ધરાવતો હતો કે મેં આજ સુધી કોઈને નથી જોયો, તે આલમે તેહરીરમાં મશ્ગૂલ હતો. જ્યારે હું તેની પાસે ગયો તો મેં માથુ નમાવી લીધું. તે બુઝુર્ગે ફર્માવ્યું, માથુ ઉઠાવ ! મેં માથુ ઉઠાવ્યું, તો ફર્માવ્યું, હે દુરવેશ ! આજે લગભગ ૭૦ વરસનો અરસો ગુજર્યો છે કે ખુદા સિવાય કોઈ ચીજમાં મશ્ગૂલ નથી થયો, પરંતુ તારી સાથે જે હું મશ્ગૂલ થાઉં છું એ ખુદાનો હુકમ છે, સાંભળ ! જો તું મહોબ્બતનો દાવો કરે છે તો એના સિવાય કોઈ અન્ય ચીજમાં મશ્ગૂલ ન થતો અને કોઈની સાથે મેલજોલ ન કરતો જેથી કરીને તને સળગાવવામાં ન આવે, કેમ કે ગૈરત (શરમ)ની આગ આશિક઼ોની આસપાસ રહે છે. જ્યારે આશિક઼ે માશૂક઼ સિવાય કોઈ અન્ય ચીજનો ખયાલ કર્યો એ જ ઘડીએ ગૈરતની આગે તેને સળગાવ્યો. પરંતુ તને યાદ રહે કે મહોબ્બતના માર્ગમાં જે ઝાડ છે તેની બે ડાળીઓ છે એકને "નરગીસે વિસાલ" કહે છે અને બીજીને "નરગીસે ફિરાક઼" કહે છે. તો જે વ્યક્તિ સૌથી પરવારીને દોસ્તમાં મશ્ગૂલ થાય તે દોસ્તના વિસાલ (મુલાકાત)ની દૌલતથી માલામાલ થાય છે અને જે એના સિવાય કોઈ અન્ય ચીજની લાલચ ધરાવે છે તે વિરહ (ફિરાક઼)માં વ્યસ્ત થઈ જાય છે. જેવી તે બુઝુર્ગે એ વાતને ખત્મ કરી, ફર્માવ્યું કે જાવ ! તેં મને કામમાં રાખ્યો, આટલું કહીને તે યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને દુઆગો પરત ચાલ્યો આવ્યો. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! આપણે ગુલામ આઝાદ કરવાના બારામાં ચર્ચા કરી રહ્યા હતા. રસૂલે ખુદા ﷺએ ફર્માવ્યું છે કે, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તે દુનિયાથી બહાર જતાં પહેલાં જ પોતાનું ઠેકાણુ જન્નતમાં જોઈ લે છે. અને સકરાંતના સમયે ફરિશ્તો એને જન્નતની ખુશખબરી આપે છે." પછી ફર્માવ્યું કે મેં ખ્વાજા મુહમ્મદ ચિશ્તી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે, "જે શખ્સ ગુલામ આઝાદ કરે છે તે દુનિયાથી વિદાય થતાં પહેલાં જ જન્નતની શરાબ પીએ છે અને સકરાંતનો અઝાબ તેના પર આસાન થઈ જાય છે અને ક઼યામતના દિવસે અર્શના સાયા નીચે હશે અને વિના હિસાબે જન્નતમાં દાખલ થશે." જેવા ખ્વાજા સાહબે આ ફવાઈદ ખત્મ કર્યા તેવા જ આપ યાદે ઈલાહીમાં વ્યસ્ત થઈ ગયા, અને દુઆગો (ખ્વાજા ગરીબ નવાઝ) પરત ચાલ્યો આવ્યો. الحمد للہ علیٰ ذٰلک એ વાત પર ખુદાનો શુક્ર છે.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ
અનુવાદક તથા રૂપાંતરકર્તા
**મૌલાના સાદિક઼ સાબરી દહેગામી**

**નબવી ખૂર, અલ્વી કોહ, બતૂલી મઅદન**
**હસની લઅલ, હુસૈની હૈ તજલ્લા તેરા**

**અર્થ** : ખૂર એ ખુર્શિદનું ટૂંકુ સ્વરૂપ છે જેનો અર્થ છે સૂરજ. કોહ એટલે પહાડ. મઅદન = મઅદિન ખાણને કહે છે. લઅલ = કિંમતી લાલ પથ્થર, હિરાના માયનામાં પણ વપરાય છે. મતલબ કે અય ગૌષે પાક ! رحمۃ اللہ علیہ આપ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જેવા પહાડ અને ફાતેમા બતૂલની જેવી મઅદનના હસની હિરા કિંમતી જવાહિર છો અને તેનો પ્રકાશ હુસૈની છે અને જેનાથી આ ગૌષિય્યતનો હિરો ચમકે છે તે આફતાબે રિસાલત صلی اللہ علیہ وسلم નું નૂર છો. ઉપરોક્ત ત્રણેય શેઅરોમાં હુઝૂર ગૌષ رحمۃ اللہ علیہ ના ઉચ્ચ ખાનદાન, ઈલ્મ અને શરાફતનું વર્ણન કરવામાં આવ્યું છે.

**બહરો બર, શહરો કરા, સહલો હઝન, દશ્તો ચમન**
**કૌન સે ચક પે પહોંચતા નહીં દાવા તેરા**

**અર્થ** : બહરો બર = સમંદર અને સુકી જમીન, શહેર અને ગામડાં. સહલ = એક સરખી જમીન. હઝન = સખત પહાડ. દશ્ત = જંગલ અને બાગ. એવી કઈ (ચક) જગ્યા છે જ્યાં આપનો ઈખ્તિયાર ન હોય ! મતલબ અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ સમંદર હોય કે ધરતી, શહેર હોય કે ગામડાં, પહાડ, બગીચા કોઈ એવી જગ્યા નથી જ્યાં આપનો તસર્રૂફ (કુદરત) ન હોય. ગૌષે પાક رحمۃ اللہ علیہ ખૂદ ફર્માવે છે : હું આખી દુનિયાને એવી રીતે જોઉં છું જેવું કે હથેળીમાં રાયનો દાણો ! બીજી જગ્યા ફર્માવે છે કે, પૂર્વ પશ્ચિમ ઉત્તરથી દક્ષિણ સમંદર, ધરતી, પહાડ બધા જ મારી અઝમતોને માને છે. અને કોઈ વલી એવો નથી જેણે મારી કુત્બિયતને કબૂલ ન કરી હોય. ખુલાસો એ છે કે આખી દુનિયા ખુદાએ ગૌષ رحمۃ اللہ علیہ ને તાબે કરી દીધી છે જ્યાં જે હુકમ ચાહે ચલાવી શકે છે.

**હુસ્ને નિય્યત હો, ખતા ફિર કભી કરતા નહીં**
**આઝમાયા હૈ, યગાના હૈ દો ગાના તેરા**

**અર્થ** : અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ જો નિય્યત સાફ હોય અને આપની નમાઝ (દો ગાના) (સલાતુલ અસ્રાર) નમાઝે ગૌષિયા અદા કરે તો કદી નામુરાદ થતો નથી. મારુ અજમાવેલ છે કે દરેક મુરાદ પૂરી થાય છે. આ નમાઝ લાજવાબ છે. જ્યારે કોઈ તકલીફ પડે કે મોટુ કામ પડે દરેક મુરાદ માટે નમાઝે ગૌષિયા (સલાતુલ અસ્રાર) પઢવામાં આવે છે. આ'લા હઝરત ફર્માવે છે કે સાચી નિય્યત સાથે જો આ નમાઝ પઢવામાં આવે તો દરેક મુરાદ પૂરી થાય છે. આ નમાઝને ઈમામ અબૂહસન નૂરૂદીન અલી શતનૂફીએ બેહજતુલ અસ્રારમાં અને શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વીએ "અખ્બારુલ અખ્યાર"માં તથા મુલ્લા અલી કારીએ ગૌષે પાક رحمۃ اللہ علیہ થી રિવાયત કરી છે. વધુ વિગત માટે જુઓ બહારે શરીઅત, ભાગ–૪, પેજ–૨૮.

**અર્ઝ અહવાલ કી પ્યાસોં મેં કહાં તાબ મગર**
**આખેં અય અબરે કરમ તકતી હૈ રસ્તા તેરા**

**અર્થ** : અય ગૌષ પિયા ! رحمۃ اللہ علیہ આપના કરમના તરસ્યાઓને આપની બારગાહમાં હાલત બયાન કરવાની શું તાકત ?! પરંતુ અય કરમના વાદળ ! આખોં આપનો રસ્તો જોઈ રહી છે કે આપ ક્યારે કરમનો વરસાદ વરસાવશો !

**મૌત નઝદીક ગુનાહોં કી તહીં મેલ કે ખોલ**
**આ બરસ જા કે નહા ધો લે યે પ્યાસા તેરા**

**અર્થ** : અય મારા ગૌષે આ'ઝમ ! رحمۃاللہعلیہ મૌતની ઘડીઓ નજીક છે અને ગુનાહોનો મેલ (ગંદકી) થર પર થર જામીને (મેલ) કવર જેવુ થઈ ગયુ છે. આપ કરમ તથા બખ્શિશનો વરસાદ વરસાવો જેથી હું આપના કરમની વર્ષાથી સ્નાન કરી મારા ગુનાહોના મેલને ધોઈ નાખી પવિત્ર થઈ જાઉં.

**આબ આમદ વો કહે, ઔર મૈં તયમ્મુમ બરખાસ્ત**
**મુશ્તે ખાક અપની હો ઔર નૂર કા અહલા તેરા**

**અર્થ** : આબ આમદ = તયમ્મુમ બરખાસ્ત (પાણી આવ્યું અને તયમ્મુમ ગયું) ફારસી મુહાવરો છે. જ્યારે માણસ પાણી પર કાદિર (શક્તિમાન) ન હોય ત્યારે તયમ્મુમ કરી નમાઝ પઢી શકે છે અને જ્યારે પાણી મળી જાય એટલે કે પાણી પર કાદિર થઈ જાય તો તયમ્મુમ તૂટી જાય છે. ખુલાસો એ કે અસલ વસ્તુના મળવાથી બદલ (નકલી) જતું રહે છે. આ શેઅરનો મતલબ એ થાય છે કે અય મારા ગૌષ આ'ઝમ ! رحمۃاللہعلیہ આપની મદદ અસલ મારી મુરાદ છે. જ્યારે આપ કહો કે મારી મદદ આવી ગઈ તો હું કહીશ કે મને કોઈની જરૂરત નથી. અને પછી (મુશ્તે ખાક) મુઠ્ઠી માટી એટલે કે (માનવી) હું હોઉં અને આપના નૂરનો વરસાદ, તો મારા ગુનાહ સાફ થઈ જશે.

**જાન તો જાતે હી જાએગી કયામત યે હૈ**
**કે યહાં મરને પે ઠેહરા હૈ નઝારા તેરા**

**અર્થ** : અય મારા દસ્તગીર ! હું આપના દીદાર (દર્શન) માટે ઉત્સુક છું. પરંતુ (કયામત) મુસીબત એ છે કે આપનો દીદાર મૃત્યુ પછી થશે ! મૌત તો આવતાં આવશે, ખુદા જાણે ક્યારે આવશે ?! ક્યાં સુધી હું બેકરાર રહીશ ?! આપ દીદાર કરાવી મારી બેકરારી મિટાવી દો !

**તુઝ સે દર, દરસે સગ, સગ સે હૈ મુઝકો નિસ્બત**
**મેરી ગરદન મેં ભી હે દૂર કા ડોરા તેરા**

**અર્થ** : અય વલીઓના સરદાર ! આપની બારગાહને આપથી નિસ્બત (સંબંધ) છે તે ઘણી મહાન મર્તબાવાળી બારગાહ છે. અને જે કૂતરાને આપની બારગાહથી નિસ્બત (સંબંધ) થઈ જાય તે પણ આપનો ગુલામ કહેવાય અને હું આપની બારગાહનો કૂતરો (ગુલામ) હોવાની નિસ્બત ધરાવું છું. મારી ગરદનમાં પણ આપની ગુલામીનો પટ્ટો પડેલ છે. બીજી જગ્યાએ આ'લા હઝરત ફર્માવે છે :–

*કોઈ ક્યા પૂછે તેરા બાત 'રઝા'*
*તુઝસે કુત્તે હજાર ફિરતે હૈ*

**ઈસ નિશાની કે જો સગ હૈં નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલેમેં રહે પટ્ટા તેરા**

**અર્થ** : કૂતરા બે પ્રકારના હોય છે : એક લાવારિષ જેને રઝળતો કહેવામાં આવે છે, જે ઘર ઘરની ઠોકરો ખાય છે, જેનો કોઈ માલિક નથી, કોઈ તેને જાળવનાર નથી. બીજો પાલતુ જે માલિકના ઘરે રહે છે, માલિક તેની દેખભાળ કરે છે, તેના ગળામાં નિશાનીરૂપે પટ્ટો પહેરાવવામાં આવે છે જેને જોઈને દરેક વ્યક્તિ ઓળખી લે છે કે આ કોઈ માલિકનો ગુલામ છે. આ'લા હઝરત ફર્માવે છે, અય મારા પીર દસ્તગીર ! મારા ગળામાં આપની ગુલામીનો કાદરી પટ્ટો લગાવેલ છે જેને જોઈ દરેક આંખવાળો ઓળખી લે છે કે હું આપનો ગુલામ છું, હશ્રમાં પણ આ પટ્ટો મારા ગળામાં રહે જેથી મેદાને મેહશરની તકલીફોથી બચી જાઉં.

**મેરી કિસ્મત કી કસમ ખાએં સગાને બગદાદ**
**હિંદ મેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા**

**અર્થ** : અય રોશન ઝમીર ! મને એટલી તાકત આપો કે હું બગદાદથી હજારો કિલોમીટર દૂર હિંદ (ભારત)માં રહીને પણ આપની બારગાહનો ચોકીદાર બની પહેરો આપતો રહું. જ્યારે પણ બાતિલ તાકત આપની અઝમતોના ખિલાફ માથુ ઉઠાવે તો હું તેને કચડી નાખું. જો મારી કિસ્મતમાં આ પ્રતિષ્ઠા લખાઈ જાય તો (સગાને બગદાદ) બગદાદના કૂતરાઓ પણ મારી કિસ્મતની કસમો ખાશે !

આ'લા હઝરતની ઈલ્તિજા કબૂલ થઈ. આપે

વલીઓ, નબીઓના દુશ્મન વહાબી, દેવબંદીઓનો મુકાબલો કરી તેમને બેપર્દા કરી લોકોના ઈમાનને બચાવી લીધા. ખુદા આપની તુર્બત પર હમેશાં રહમતોનો વરસાદ વરસાવે.

**તેરી ઈઝ્ઝત કે નિષાર અય મેરે ગૈરતવાલે !**
**આહ સદ આહ કે યું ખ્વાર હો બુર્દહ તેરા**

**અર્થ** : યા ગૌષ પિયા! رحمۃ اللہ علیہ આપની ઈજ્જત અને અઝમત પર કુર્બાન જાઉં ! આપ કદી આપના મુરીદને રૂસ્વા જોઈ શકતા નથી. અફસોસ ! હજારો અફસોસ કે વહાબી, દેવબંદીઓ આપના (બુર્દહ) ગુલામને ખોટા ખોટા આક્ષેપો કરી બદ્‌નામ અને રૂસ્વા કરવા લાગ્યા છે, આપ મારી ઈજ્જતની હિફાઝત કરો ! મારી મદદ કરો !

આ'લા હઝરતની આ ઈલ્તિજા પણ કુબૂલ થઈ કે અરબ તથા અજમના મોટા મોટા આલિમો, મુફતીઓએ આપને મુજદ્દિદ અને પોતાના માથાના તાજ માન્યા અને આ'લા હઝરત આખી દુનિયામાં છવાઈ ગયા.

**બદ્ સહી, ચોર સહી, મુજરિમ નાકારા સહી**
**અય વો કૈસા હી સહી, હૈ તો કરીમા તેરા**

**અર્થ** : અય ચોરને વલી બનાવનાર આકા ! હું (બદ્) બુરો, ચોર, મુજરિમ, બેકાર ગમે તેવો છું પણ (કરીમા) અય બખ્શિશ કરનાર ! હું તો તમારો જ ગુલામ છું. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બારગાહે ગૌષમાં આજીજી ઈન્કેસારી દાખવી છે અને એ તરફ ઈશારો છે કે અય મારા દસ્તગીર ! હું જો બુરો, બેકાર, ચોર હોઉં તો પણ શું ?! આપનો જ છું ! આપના દરબારમાં આવનાર ચોર, ડાકૂઓ વલી બની જાય છે.

**મુઝકો રૂસ્વા ભી અગર કોઈ કહે તો યૂહીં**
**કે વોહી ન વો "રઝા" બંદએ રૂસ્વા તેરા**

**અર્થ** : અય મારા ગૌષ ! رحمۃ اللہ علیہ જો કોઈ મને રૂસ્વા પણ કહેશે તો કહેશે, તે જ છે ને ગૌષનો ગુલામ અહમદ રઝા ! જ્યારે મારી નિસ્બત આપની તરફ થઈ જશે તો મારી બુરાઈઓ દૂર થઈ જશે.

**અય 'રઝા' યૂં ન બિલક, તૂ નહીં જય્યદ, તો ન હો**
**સૈયદે જય્યદે હર દહર હૈ મૌલા તેરા**

**અર્થ** : અય રઝા ! તું ન ડર ! બેચેન ન થા ! જો તું સારો (જય્યિદ) નથી તો શું થયું ? આખી દુનિયાના સારા લોકોનો સરદાર (ગૌષે પાક رحمۃ اللہ علیہ) તો તારો મૌલા અને મદદગાર છે. ઈશારો છે ગૌષે પાક رحمۃ اللہ علیہ ના ફર્માન તરફ છે કે જો મારો મુરીદ કમાલવાળો નથી તો શું થયું હું તો કમાલવાળો છું.

**ફખ્રે આકા મેં 'રઝા' ઔર ભી ઈક નઝમે રફીઅ**
**ચલ લિખા લાએં ષના ખ્વાનોંમેં ચેહરા તેરા**

**અર્થ** : અય રઝા ! આકા ગૌષ પાક رحمۃ اللہ علیہની શાનમાં એક બીજી મન્કબત આ'લા પ્રકારની નઝમ લખીને ગૌષ પાક رحمۃ اللہ علیہના પ્રશંસકોમાં તારું પણ નામ લખાવી લઈ ફયૂઝાનથી માલામાલ થઈ જા !

પેજ નં. ૦૨ નું ચાલુ...

લેખકે તેના લેખમાં આ બાબતે વ્યંગ કર્યો અને લખ્યું કે, "શહીદોની પાંસળીઓ તરી રહી છે !" આ વાંચીને હું તો સ્તબ્ધ થઈ ગયો હતો ! પણ આમાં વાંક કોનો ?! એ બેઅદબ ગુસ્તાખ લેખકને આવો વ્યંગભરી ભાષા લખવાનો મોકો કોણે આપ્યો, એ આપણે વિચારવાનું છે. આપણી પણ કાંઈક જવાબદારી તો છે જ !

ઈદે મીલાદુન્નબી ﷺના જુલૂસમાં પણ ગુંબદે ખિઝરાના પ્રતીકો બનાવવામાં આવી રહ્યાં છે. મેં જાતે આ વખતે એવા એક પ્રતીકને ઊંધો લટકાવેલ મસ્જિદના સહેનમાં જોયો ! તો મને આ લેખ લખવાની ફરજ પડી કે બસ ! જુલૂસ પૂરું થતાંની સાથે જ આ અઝમતવાળા રોઝા મુબારકની નકલની કોઈ કદર નહીં ?! વ્હાલા સુન્ની ભાઈઓ ! જોશમાં નહીં હોશમાં આવીને વિચાર કરજો. ભાઈઓ ! જુલૂસ જરૂર કાઢો, નઅતખ્વાની કરો, સલાતો સલામ પેશ કરો, ના'રા જરૂર લગાડો પણ કા'બા શરીફ કે ગુંબદે ખિઝરા શરીફની બેઅદબી ન થાય તેનો પણ પૂરતો ખ્યાલ રાખવામાં આવે. અલ્લાહ તઆલા આપણને સૌને સાચી અને સારી વાત સમજવાની તૌફીક આપે. બહક્કે તાહા વ યાસીન (ﷺ).

*–લિ. સૈયદ દાદામિયાં કાદરી (રૂપાલ)*



# કુર્આનખ્વાની તથા ઈસ્લામી મદ્રસાઓ


★ અનુવાદક ★

**મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી**

*(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*


એવું કહેવાની જરૂરત નથી કે ઈસ્લામી મદ્રસાઓની સ્થાપ્ના કેવળ દીની તાલીમના વિકાસ, ઈમાન તથા અકીદાની રક્ષા તથા ઈસ્લામના વિશ્વવ્યાપી ઉપદેશોની તબ્લીગ તથા દા'વતના માટે થતી હોય છે. એ અલગ વાત છે કે મદ્રસાના જિમ્મેદારો પોતાના સહાયકર્તાઓના માટે દુઆ, ફાતેહા, ઈસાલે સવાબની પણ સમય સંજોગો અનુસાર વ્યવસ્થા કરે છે, તે તેમની ફુરસદ તથા મરજી મુજબ જ હોવું જોઈએ. તેના માટે મદ્રસાના જિમ્મેદારો ઉપર કોઈ પ્રકારનું દબાણ કરવું, ઉસ્તાદો તેમજ તલબાના પઢાઈના સમયોમાં આગ્રહ કરવો, એ તેમને તેમના મૂળ હેતુથી દૂર કરી દેવું તથા પોતાના અહંમને પોષવું છે, જે તાલીમ આપવા તથા લેવા માટે ખૂબ જ નુકસાનકારક છે. બીજી બાજુ માનસિક રીતે તલબા અધોગતિ તથા લઘુતાગ્રંથિના શિકાર બની જાય છે. **ખાસ કરીને જ્યારે તેમને તીજીયા, દસમા તથા ચાલીસમાના પ્રસંગે બોલાવવામાં આવે તો સામાન્ય રીતે બુધ્ધિ વિચારવા લાગે છે કે શાદી, વિવાહ તથા અન્ય ખુશીના પ્રસંગે તો તલબા શરીક કરવાને લાયક નથી ! કેમ કે એમાં દા'વત આપનારાઓ સાથે ઉચ્ચ કક્ષાના માલદાર લોકો હોય છે. હા ! એ જ પ્રસંગોમાં તલબા ભાગ લેવાને પાત્ર છે જે ફકીરો તથા ગરીબો માટે ખાસ હોય છે !** તદ્ઉપરાંત મદ્રસાના તલબાને ઘરે ઘર કુર્આનખ્વાનીમાં મોકલવાથી તેમનામાં ઘુમવા ફરવાની આદત પેદા થઈ જાય છે જેનાથી અનિયમિતતા ઉભી થાય છે તથા તલબાના પાકીઝા કિરદાર તથા વકાર ઉપર પણ ઘણી નબળી અસર પડે છે, જ્યારે કે આજના તલબા જ તો કાલના ઈમામ, રહનુમા તથા દીની લીડર છે.

કૌમના મોટા ભાગના લોકો આમ તો એવું કહે છે કે ઘણા ખરા તલબા તથા મોલ્વી સાહબો માનસિક રીતે ખૂબ જ સુસ્ત તથા અસ્ત વ્યસ્ત ચિંતનવાળા હોય છે જ્યારે કે કૌમના લીડર તથા ઈમામ તો ઉચ્ચ હોંસલાવાળા તથા તીવ્ર બુધ્ધિવાળા હોવા જોઈએ. પરંતુ કૌમના આ જ માણસો જ્યારે તેમને ત્યાં કોઈ ઈન્તેકાલ કરે છે તો પોતાના જ સબકને ભૂલી જાય છે અને ફકીરોની જેમ તલબાને બોલાવીને કુર્આનખ્વાની કરાવવા અને ખાવા ખવડાવવામાં ખુશી અનુભવે છે, બલ્કે એના માટે તલબા, ઉસ્તાદો તેમજ અન્ય જિમ્મેદારો પર પૂરું જોર કરે છે. જ્યારે કે આ રસમને ઉત્તેજન આપવામાં કેટલીયે ખરાબીઓ જન્મ લે છે.

સૌથી પહેલી ખરાબી તો એ છે કે તલબાની કુર્આનખ્વાનીથી સંપૂર્ણ સંતોષ માની લેવામાં આવે છે (એટલે કે મૈયતના ઘરવાળા તથા સગા સંબંધીઓ પોતે તો પઢતા નથી ! પોતાના સ્વજન માટે બે ત્રણ આયત પોતે તો તિલાવત કરી શકતા નથી અને તલબા પાસે પઢાવી જાણે, જિમ્મેદારી પૂરી કરી નાખી એવું માની લે છે !) કૌમના તે લોકો જેઓ કુર્આન પઢવાનું જાણતા હોવા છતાં તેઓ તદ્દન તિલાવત કરતા નથી, પરિણામે ધીરે ધીરે એ સમય પણ આવી જાય છે કે તેઓ પઢવાનું જ ભૂલી જાય છે. જ્યારે કે કુર્આનખ્વાનીની મેહફિલ એ તિલાવત માટેનો એક સારો મોકો હોય છે. એ જ કારણે જ્યાંના લોકોમાં કુર્આનખ્વાનીનો રિવાજ છે ત્યાંના લોકો તિલાવતના આદી હોય છે અને શોખથી કુર્આન મજીદ પઢતા જોવા મળે છે. જ્યારે કે જ્યાં કુર્આનખ્વાનીનો રિવાજ નથી અને કેવળ તલબા પાસે જ પઢાવી લેવાને પૂરતુ જાણે છે તો જ્યારે તેમને પઢવાનો મૌકો આવે છે તો તેમને ભારે પડી જાય છે અને સમય પણ વધારે લાગી જાય છે.

મદ્રસાઓનો મૂળ ધ્યેય તાલીમ છે તેમાં યકીની તૌર પર તલબાને કુર્આનખ્વાની માટે મોકલવાથી નુકસાન થાય છે. વળી વારંવાર વિવિધ સ્થળોએ જવા આવવાથી તલબા કન્ટ્રોલથી બહાર થઈ જાય છે તથા તેમનામાં અનિયમિતતા ઘર કરી જાય છે.

શેઠ તથા માલદાર લોકોને ખાસ કરીને તલબા પર રૂઆબ જમાવવાનો મોકો હાથ લાગી જાય છે જ્યારે કે તેમને કોઈ હક્ક નથી હોતો, જે એક મહાન જુલ્મ છે.

તલબા તો છેવટે બાળકો છે અને તેમાં અમુક રમતિયાળ પણ હોય છે. બગડેલા માહોલમાંથી તથા ક્યારેક બદઅમલ મા બાપ પાસેથી આવે છે. એમાં કેટલાક જૂના (સિનિયર) હોય છે, કેટલાક નવા આવેલા, તો જો એમાંથી કોઈ એક કાંઈક અયોગ્ય હરકત કરી બેસે તો તેને જાત જાતના મહેણા ટોણા મારી ધુત્કારી કાઢવામાં આવે છે તથા મદ્રસાના જિમ્મેદારો તથા ઉસ્તાદો વિશે પણ ગમે તેમ બોલી કાઢવામાં આવે છે.

હવે અહીં કેટલાક લોકો કહે છે કે **જો તલબા પાસે કુર્આનખ્વાની ન કરાવીએ તો અમારા મર્હૂમોનું શું થશે ?! તેમની બખ્શિશ તથા ઈસાલે સવાબનું શું થશે ?** તેના અનુસંધાનમાં જણાવવાનું કે હા ! એક સ્થિતિ એવી છે જેના પર નુકસાન વિના અમલ કરી શકાય છે, તે એ છે કે **મદ્રસામાં ફજરની નમાઝ પછી કુર્આન શરીફની તિલાવતના સમયે જો તલબા સહાયકર્તાઓના મર્હૂમો માટે કુર્આન શરીફ પઢી તેનો સવાબ તેમની રૂહને પહોંચાડી આપે અને જો કાંઈક શીરની, ન્યાઝ વગેરે હોય તો તેના ઉપર ફાતેહા પણ પઢી આપે, તો આ રીતે કરવામાં સમયની બચત પણ થઈ જાય તથા તાલીમમાં પણ કોઈ નુકસાન નહીં થાય તથા આ રીતે તલબા કન્ટ્રોલથી બહાર પણ નહીં થાય. ઘરે જઈને પઢવામાં જે સવાબ પહોંચશે તે જ સવાબ આ રીતે પણ પહોંચશે, કોઈ કમી થયા વગર બલ્કે ઘરે જવાની સ્થિતિમાં સામાન્ય રીતે ઓછા તલબાને બોલાવવામાં આવે છે. અંહિયા મદ્રસામાં જ કુર્આનખ્વાની કરાવવાની સ્થિતિમાં વધુ સંખ્યામાં તિલાવત પણ થઈ જશે તથા સવાબ પણ વધારે પહોંચશે કે જે અસલ મક્સદ છે.**

હા ! જે લોકો **તલબાને ખવડાવવાની ઈચ્છા ધરાવતા હોય તો તેમનાથી દરખાસ્ત છે કે પોતાની શક્તિ મુજબ મદ્રસામાં જ જમણ મોકલી આપે અથવા તો એટલું અનાજ અથવા તો એટલી રકમ આપી દે જેનાથી ખાધા ખોરાકીનો સામાન ખરીદીને મદ્રસાના જ રસોડામાં ખાણુ પકાવી તલબાને ખવડાવી દેવામાં આવે.** આ રીતે કરવાથી ફકીરોની જેમ ઘેર ઘેર જઈને ખાવાની બુરાઈઓ તથા ખરાબીઓથી તલબા બચી જશે તથા તેમનું સ્વમાન પણ સલામત રહેશે, લઘુતાગ્રંથિના શિકાર પણ નહીં થાય. આ ઉપરાંત પોતે ઘરવાળાઓ પણ ઈન્તેઝામ તથા તૈયારીની તકલીફોથી બચી જશે. આ વાતો કાંઈ એવી નથી કે પઢેલા ગણેલા તથા અકલમંદ લોકોને વધારે જોર દઈને સમજાવવામાં આવે. પરંતુ અફસોસ કે ઘણા ઓછા લોકો આ વાતો ઉપર કાન ધરવા તૈયાર થાય છે. હુઝૂર ﷺની હદીષ છે : **"સહૂલતો પેદા કરો, મુશ્કેલીઓ ઉભી ન કરો, ખુશીની વાતો કરો તથા નફરત તથા દૂરી પેદા કરનારી વાતો ન કરો."** એટલા માટે તલબા તથા મુદર્રિસોને તકલીફમાં નાખવા તથા તેમના માટે મુશ્કેલીઓ પેદા કરવી કોઈ પણ રીતે યોગ્ય નથી. જ્યારે કે ઉપરોક્ત જણાવેલ ઉપાયમાં તલબાને તાલીમના નુકસાનથી બચાવવા માટેનું પણ મહત્વનું પાસુ જોવામાં મળે છે, પરંતુ અફસોસ કે કૌમની નિમ્ન કક્ષાની વિચાર શૈલી તથા ખૂદ ગર્જી (સ્વાર્થવૃત્તિ)નો એ હાલ છે કે ખાસ પઢાઈના સમય દરમ્યાન (કલાસના ટાઈમમાં) પણ તલબાને કુર્આનખ્વાનીમાં લઈ જવા માટે કેટલાયે લોકો જીદ કરે છે ! અને ન મોકલવા ઉપર નારાજ થાય છે તથા ક્યારેક ક્યારેક તો ચંદો અથવા અન્ય કોઈ સહાય ન કરવાની પણ ધમકીઓ આપે છે !

આ પ્રકારની બુરાઈઓ તથા મુશ્કેલીઓને લક્ષમાં રાખીને તથા **તલબાને તાલીમમાં થતા નુકસાનથી બચાવવા માટે અમુક મદ્રસાઓના સંચાલકો તથા વ્યવસ્થાપકોએ એ ફૈંસલો કર્યો છે કે તલબા કોઈપણ સમયે ઘરે કુર્આનખ્વાની માટે નહીં આવે, જે લોકો ચાહે કે કુર્આનખ્વાની કરાવે તો તે તેમની ઈચ્છાનું માન રાખી મદ્રસામાં જ પઢાઈ સિવાયના સમયે કુર્આનખ્વાની તથા ફાતેહાના અને ન્યાઝ તથા જમવાની વ્યવસ્થા કરી દેવામાં આવશે. યકીનન ! આ તરીકો ઉત્તમ તથા ફાયદામંદ છે તથા લાગુ કરવાના પાત્ર છે.** આશા છે કે તાલીમ તથા મદ્રસાના ફાયદાઓની દિલચસ્પી ધરાવનાર લોકો આ તરીકાને પ્રોત્સાહન આપશે તથા તેના માટે બીજા મદ્રસાઓને પણ તૈયાર કરશે. કેમ કે

તાલીમને પ્રગતિ આપવી એ પણ મહાન સવાબનું કામ છે, એના માટે એવી સહૂલતો આપવી તથા એવા નિયમો બનાવવા કે જેનાથી તાલીમને પ્રગતિ મળે એ પોતે એક મહાન ઈસાલે સવાબ છે.

અંતમાં અમુક મદ્રસાઓના સંચાલકો તથા વ્યવસ્થાપકોએ પણ પોતાની કાર્યપદ્ધતિ બાબતે નવેસરથી નજર કરવાની તકલીફ ઉઠાવવી જોઈએ જેઓ તા'લીમના સમયે જ તલ્બાને કુર્આન ખ્વાની માટે શોખથી મોકલે છે. તેમનો મક્સદ શાયદ આ રીતે કુર્આન ખ્વાનીના નામે લોકો પાસેથી પૈસા ભેગા કરવાના હોય છે. તો તેમને અદબ તથા નમ્રતાપૂર્વક અપીલ છે કે આ તરીકો નિશ્ચિત રીતે યોગ્ય નથી ! આ તલ્બા ઉપર સરાસર જુલમ છે ! તલ્બા મદરસામાં તા'લીમના મક્સદથી આવે છે. નવરાશ તથા ફુરસદના સમયે જ તેમનાથી બીજાં કામો લઈ શકાય છે. એ જ પ્રમાણે જે મદરસાના જિમ્મેદારોએ કુર્આનખ્વાની માટે લોકોથી ફી લેવાનું ચાલુ કરી દીધું છે, તો એ પણ સરાસર નાજાઈઝ છે. હા ! મદરસાની જરૂરત બતાવીને તેમનાથી સહાય મેળવવી ઉચિત તથા જાઈઝ છે. એ પણ ત્યારે કે જ્યારે તેમને આપવા, ન આપવાનો અધિકાર હોય તથા રકમ પણ ચોક્કસ નિશ્ચિત કરવામાં આવી હોય. કુર્આનખ્વાની સંબંધે એક ગુજારિશ તલ્બાને પણ કરવી છે, તે એ કે કેટલીક જગ્યાએ અમુક એહલેખૈર હઝરાત (દીનદાર લોકો) પોતાના ઘરે કુર્આનખ્વાની માટે જ્યારે તલ્બાને આમંત્રિત કરે છે અને તેમના સન્માન તથા કદર કરતાં તેમને શીરની તથા **ખવડાવવાની સાથે સાથે કાંઈક રકમ પણ પેશ કરી આપે** છે જે તલ્બાનો હિસ્સો હોય છે, તેમાં કોઈપણ વાંધો તથા બુરાઈ નથી. પરંતુ **કુર્આનખ્વાની કરાવનાર એ ન સમજે કે કુર્આનખ્વાનીનો બદલો છે ! તથા તલ્બા પણ એમ ન સમજે કે કે આ ખિદમતનો બદલો છે. ફક્ત "તોહફો તથા નઝરાણુ" સમજીને લેવું તથા આપવું જાઈઝ છે**. અને જો આ રકમને કુર્આનખ્વાનનો બદલો સમજવામાં આવશે તો આપવું પણ નાજાઈઝ તથા લેવું પણ હરામ થશે. આપનારે તો પોતાની નિય્યતને સાફ રાખવી આસાન છે પરંતુ લેનારનો મામલો ઘણી આજમાઈશ તથા પરીક્ષાનો હોય છે ! હકીકતમાં જો એવી જ નિય્યત સાથે કુર્આનખ્વાનીમાં ગયા તો તેનું હરામ હોવામાં કોઈ શંકા નથી. જ્યારે જોવામાં આવે છે કે અમુક તલબા ઘણી દિલચસ્પીથી કુર્આનખ્વાની માટે જાય છે અને જ્યારે તેમને ખબર પડે કે ફલાણા શેઠ સાહબને ત્યાં જવાનું છે જે સારી એવી રકમ આપે છે, તો તેમની દિલચસ્પીમાં અધિક વધારો થઈ જાય છે ! આ રીતે કુર્આન મજીદની ખરીદો ફરોખ્ત જાઈઝ નથી, તથા ન તો આવી કુર્આનખ્વાનીથી ઈસાલે સવાબનો મક્સદ પૂરો થાય છે. બલ્કે ઉલ્ટો ગુનાહનો બોજ માથા ઉપર વધતો જાય છે. (અલ્ અયાઝુબિલ્લાહ !)

અંતમાં કુર્આન શરીફની તિલાવત ઉપર કોઈ પણ પ્રકારનો બદલો તથા ઉજરત (મજૂરી) ન લેવા વિશે અમુક હદીષો વર્ણન કરવામાં આવે છે જેને ધ્યાનપૂર્વક વાંચીને તેની ઉપર અમલ કરવાની સખત જરૂરત છે :–

**(૧)** હદીષ શરીફમાં છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "હે કુર્આનવાળાઓ ! કુર્આનને તકિયો ન બનાવો (એટલે સુસ્તી તથા ગફલત ન વર્તો) તથા રાત દિવસ તેની તિલાવત કરો, જવો કે તિલાવત કરવાનો હક્ક છે. તથા તેનો ફેલાવો તથા તગન્ની કરો (એટલે કે સારા અવાજથી પઢો અથવા તેનો બદલો ન લો) તથા જે કાંઈ તેના અંદર છે તેની ઉપર વિચાર કરો જેથી તમને કામયાબી મળે. તેના સવાબમાં જલ્દી ન કરો તેનો સવાબ ઘણો મહાન છે. *(બહારે શરીઅત, પેજ–૧૧૧, ભાગ–૧૬)*

**(૨)** હઝરત ઈમરાન ઈબ્ને હસીન رضی اللہ عنہથી રિવાયત છે કે તે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને એ ફર્માવતાં સાંભળ્યા છે કે જે કુર્આન પઢે તેણે અલ્લાહથી તેનો બદલો માંગવો જોઈએ, નજીકમાં એવા લોકો આવશે જેઓ કુર્આન પઢીને લોકોથી તેનો બદલો માંગશે. *(મુસ્નદે અહમદ, તિર્મિઝી, મિશ્કાત–૧૯૨)*

**(૩)** હઝરત બુરૈદા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેઓ કુર્આન પઢીને લોકો પાસેથી ખાવા માંગે તે કયામતના દિવસે એવી હાલતમાં આવશે કે તેમના ચેહરા ઉપર ગોશ્ત નહીં હોય, માત્ર સડેલાં હાડકાં હશે. *(શોઅબુલ્ ઈમાન, બયહકી, મિશ્કાત, પેજ–૧૯૩)*

*(માહનામા કંઝુલ ઈમાન ઉર્દૂ–દિલ્હી,*
*અઝ : મૌલાના અ. મુબીન નોઅમાની–ચિરૈયાકોટ)*

# શું રસૂલુલ્લાહ ﷺ

# ઉમ્મતની હાલતોથી બાખબર છે ?

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હઝરત અલ્લામા ડોક્ટર સૈયદ મહમૂદ અસ્સૈયદ સબીહ મિસરના ઉચ્ચ કોટીના આલિમ અને વિશાળ દષ્ટિવાળા મોહદ્દિષ છે. આપની કિતાબ "ઈખ્તાઉ ઈબ્ને તૈયમિયહ ફી હક્કે રસૂલિલ્લાહ વ અહલિ બયતિહિ" આપની મોહદ્દિષાના બસીરત અને વિવેચનની નિપૂણતા તથા ઈશ્કે રસૂલ ﷺનો જીવતો જાગતો સબૂત છે. કિતાબના દરેક પૃષ્ઠ પર ઈશ્કો મહબ્બત, તહકીક તથા વિવેચનના એવાં મોતી વિખરાયેલાં છે કે જ્યારે પણ કિતાબ હાથમાં આવે છે એક નવો લુત્ફ આવે છે. એ જ કિતાબના એક પ્રકરણનો સાર અત્રે રજૂ છે.

વર્તમાનકાળમાં અલ્લાહ તઆલાએ ઉમ્મતે મુહમ્મદિયાને એક આજમાઈશમાં મૂકી દીધા છે અને એ આજમાઈશ એ લોકો દ્વારા છે જે પોતે પણ હુઝૂરે અકરમ ﷺના રોઝએ અકદસની ઝિયારતથી મેહરૂમ છે અને બીજાઓને પણ રોઝએ રસૂલ ﷺની ઝિયારત ન કરવાનો આગ્રહ કરે છે અને રોકવા માટે તેઓ એટલે સુધી કહી દે છે કે (મઆઝલ્લાહ) "હવે રસૂલલ્લાહ ﷺને ખૂદ પોતાના વિશે કાંઈ ખબર નથી તો ઉમ્મત વિશે શી ખબર હોવાની !"

ખુદાની કસમ ! આવી બકવાસ ક્યાં તો ઝિન્દીક (નાસ્તિક)ના મોઢેથી નીકળી શકે છે ક્યાં તો મુનાફિકની ઝબાનથી, અને જેના દિલમાં રસૂલલ્લાહ ﷺ પ્રતિ અદાવત અને દુશ્મની હોય અને રસૂલલ્લાહ ﷺને એક કમજોર અને આજીઝ જોવા માંગતો હોય. આવી વાત તો એ જ કરી શકે છે જે દિલથી મેઅરાજની હદીષને જૂઠલાવતો હોય પરંતુ જાહેરમાં નકારવાની હિંમત ન કરી શક્તો હોય. જેઓ આવો અકીદો રાખતા હોય છે એમને જુઓ તો તેઓ ઉલ્માની કિતાબોમાં પોતાના ગલત અકીદા પર દલીલો શોધતા ફરે છે, ભલે એ દલીલ તદ્દન વાહિયાત અને ધડ વિનાની કેમ ન હોય.

છેવટે આજના અમુક બકવાસ કરનારાઓને એવી વાત મળી જ ગઈ જેને તેઓ પોતાની દલીલ ગુમાન કરે છે. એમની એ દલીલ એક હદીષે પાક છે કે આપ ﷺએ ફર્માવ્યું, "કયામતના દિવસે અમુક લોકો હૌઝે કૌષર પર પાણી પીવા માટે આવશે પરંતુ એમને જામે કૌષર આપવાથી મને રોકવામાં આવશે. હું કહીશ, આ મારા સહાબી છે ! તો કહેવામાં આવશે કે આપ નથી જાણતા કે આપના પછી એ લોકોએ શું કર્યું છે ?"

હું નથી જાણતો કે ઉલ્માએ ઉમ્મતમાંથી કોઈએ પણ આ હદીષને કબ્રે અનવરમાં નબીએ અકરમ ﷺના ઈલ્મના નકાર પર દલીલ બનાવી હોય. સનદના આધારે આ હદીષના સહીહ હોવામાં કોઈ શંકા નથી પરંતુ આ હદીષે "મુશ્કિલ" છે.

જેમ કે અસંખ્ય મુહદ્દિષોએ એની સ્પષ્ટતા કરી છે ઉપરાંત આ રિવાયત એવી દલીલોથી ટકરાય છે જે આ રિવાયતથી અધિક પ્રબળ અને અધિક પ્રમાણમાં છે. જેમાંથી અમુક રજૂ કરીએ છે :–

**(૧)** ઈમામ બઝ્ઝાર, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદથી સહીહ સનદોની સાથે રિવાયત કરે છે, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

''અલ્લાહ તઆલાના અમુક ફરિશ્તા (દુનિયામાં) ફરતા રહે છે જે મારી ઉમ્મતના સલામ મારા સુધી પહોંચાડે છે.'' વધુમાં ફર્માવ્યું :

''મારું જીવન પણ તમારા માટે બેહતર છે કે તમે વાતચીત કરો છો અને તમારા માટે વાતચીત કરવામાં આવે છે અને મારું પર્દો ફર્માવવું પણ તમારા માટે બેહતર છે. **તમારા અમલ મારા સમક્ષ રજૂ કરવામાં આવશે તો હું જો એમને સારા જોઈશ તો અલ્લાહનો શુક્ર અદા કરીશ અને બુરા અમલ જોઈશ તો તમારા માટે અલ્લાહની બારગાહમાં ઈસ્તિગફાર કરીશ.''**

આ હદીષ કેટલાય તરીક઼ાથી રિવાયત પામી છે જેમાંથી સહીહ તરીક઼ો એ છે જેનાથી ઈમામ બઝ્ઝારે રિવાયત કરી. *(મુસ્નદે બઝ્ઝાર, ૫/૩૦૮, ૩૦૯)* ઈમામ અલહયષમીએ મજમઉઝ્ઝવાઈદમાં આની સનદને સહીહ કહી ફર્માવ્યું : **رجاله رجال الصحيح** *(મજમઉઝ્ઝવાઈદ, ૯/૨૪)* એ જ પ્રમાણે હાફિઝ ઈરાક઼ીએ પણ આ રિવાયતને સહીહ કહી અને ઈમામ સિયૂતીએ ખસાઈસે કુબ્રામાં સહીહ જણાવી. ઈમામ ઝરક઼ાનીએ ફર્માવ્યું : **رواه البزار باسناد جيد** (આ હદીષને ઈમામ બઝ્ઝારે ઉત્તમ સનદ સાથે રિવાયત કરી છે.) તદ્ઉપરાંત આ હદીષ બીજા તરીક઼ઓથી પણ મરવી છે જેમ કે અનસ બિન માલિક અને બક્ર બિન અબ્દુલ્લાહ અલમુઝ્નની વગેરે. અહિંયા માત્ર એ જ તરીક઼ાનું વર્ણન થયું જેની તસ્હીહ ચાર મહાન ઈમામોએ કરી છે.

**(૨)** એક બીજી રિવાયત પણ પહેલી રિવાયતના સહીહ હોવા પર દલીલ પુરવાર કરે છે અને આ ક઼બ્રે અનવરમાં નબીએ અકરમ ﷺના ઈલ્મના પ્રકરણથી પણ સંબંધિત છે. આ હદીષને ઈમામ અહમદ બિન હંબલ, અબૂ દાઊદ નિસાઈ અને ઈબ્ને માજાએ વિવિધ તરીક઼ાઓથી રિવાયત કરી છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું :–

''જુમ્આ તમારા દિવસોમાં બેહતરીન દિવસ છે. એ જ દિવસે (હઝરત) આદમ علیہ السلامની તખ્લીક઼ થઈ, અને એ જ દિવસે આપની વફાત થઈ, એ જ દિવસે સૂર ફૂંકવામાં આવશે, તો એ દિવસે મારા પર અધિતમ દુરૂદ પઢો, કારણ કે તમારાં દુરૂદ મારા સમક્ષ રજૂ કરવામાં આવે છે. **સહાબાએ કિરામે અર્ઝ કરી અમારાં દુરૂદ આપના પર કઈ રીતે રજૂ કરવામાં આવશે જ્યારે કે (પર્દો ફર્માવ્યા પછી) આપ તો ક઼બ્રમાં હશો ?! તો હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જમીન પર હરામ કરી દીધું છે કે અંબિયા (علیہم السلام)ના શરીરોને ખાય.''**

આ હદીષ મુસ્નદે અહમદ બિન હંબલ (ભા.૪/૮), સુનને અબી દાઊદ (ભા. ૧/૨૭૫), સુનને નિસાઈ (ભા. ૧/૫૧૯), સુનને ઈબ્ને માજા (ભા. ૧/૩૪૫), સહીહ ઈબ્ને ખુઝૈમા (ભા. ૩/૧૧૮), સહીહ ઈબ્ને હિબ્બાન (ભા. ૧/૧૯૦, ૧૯૧) અને મુસ્તદર લિલ્હાકિમ (ભા. ૧/૪૧૩) વગેરેમાં રિવાયત થયેલ છે, એ સિવાય ઈબ્ને અબી શૈબા, દારમી, તિબ્રાની અને બયહક઼ીએ પણ એને રિવાયત કરી છે. ઈમામ ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હિબ્બાન, હાકિમ અને ઘરે કુત્નીએ એની સનદોને સહીહ કહી છે.

ઈમામ નુવવીએ પણ અલ્અઝકારમાં એની સનદોના સહીહ હોવાનો નિર્દેશ આપ્યો છે. હાફિઝ મુન્ઝરીએ અત્તરગીબ વત્તરહીબ (ભા. ૨/૩૨૮)માં એની એક સનદને ઉત્તમ કહી છે. ઈમામ બયહક઼ીએ એને બતરીકે અબૂ ઉમામા રિવાયત કરી છે. એ તરીક઼ાના વિશે હાફિઝ ઈબ્ને હજર ફત્હુલ્બારી (ભા. ૧૧/૧૬૭)માં ફર્માવે છે, ''આની સનદમાં કાંઈ વાંધો નથી.''

**(૩)** સામાન્ય મુદડાઓ સમક્ષ એમના સગાં સંબધીઓના અમલ રજૂ થવાનો મામલો સહાબા અને તાબઈન દરમિયાન મશ્હૂર હતો ત્યાં સુધી કે સહાબાએ કિરામ લોકોને બતાવતા કે એમના મુર્દા

રિશ્તેદારો સમક્ષ જીવતા લોકોના અમલ રજૂ કરવામાં આવે છે, આ કોઈ અચંબાની વાત નથી, ખૂદ (વહાબીઓના ગુરૂ) ઈબ્ને તયમિયાના શાર્ગિદ હાફિઝ ઈબ્ને કષીર જીવતાઓના અમલ મુડદાઓ સમક્ષ રજૂ થવાના વિશે લખે છે :

"આ સંદર્ભમાં સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી ઘણી રિવાયતો અને આષાર મરવી છે. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہના એક અન્સારી રિશ્તેદાર ફર્માવતા : હે અલ્લાહ ! હું એવા અમલથી તારી પનાહ માગું છું જેનાથી અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہની નિગાહમાં મારી રૂસ્વાઈ થાય." *(તફસીરે ઈબ્ને કષીર, ભા. ૩/૪૪૦)*

ખૂદ ઈબ્ને તયમિયાએ સ્વીકાર્યું છે કે જીવતાઓના અમલ મુડદાઓ સમક્ષ રજૂ થાય છે. પોતાના ફતવા સંગ્રહમાં લખે છે :

"કારણ કે જીવંત લોકોના અમલ મુડદાઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે એટલા માટે હઝરત અબૂ દરદા ફર્માવતા હતા, "હે અલ્લાહ ! એવા અમલથી તારી પનાહ માગું છું જેનાથી અબ્દુલ્લાહ બિન રવાહા (رضی اللہ عنہ)ની નજરમાં મારી રૂસ્વાઈ થાય." *(મજમુઆ ફતાવા ઈબ્ને તયમિયા, ભા. ૨૪/૩૧૮)*

સુબ્હાનલ્લાહ ! ઈબ્ને તયમિયા અને એમના માનવાવાળાઓ સામાન્ય મુડદાઓ સમક્ષ જીવિત લોકોના અમલ રજૂ થવાને તો સાબિત કરે છે પરંતુ ઉમ્મતના અમલ નબી સમક્ષ રજૂ થવાનો ઈન્કાર કરે છે !

આ વિશે વિવિધ હદીષો મરવી છે જેમ કે હઝરત નોઅમાન બિન બશીર ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું, **"હે લોકો ! પોતાના મુર્દા ભાઈઓના મામલામાં અલ્લાહથી ડરો ! કારણ કે તમારા અમલ એમના સમક્ષ રજૂ થાય છે."**

હઝરત નોઅમાનની આ હદીષને ઈમામ હાકિમે મુસ્તદરક (ભા. ૪/૩૪૨)માં રિવાયત કરીને ફર્માવ્યું : "આ હદીષ સહીહ સનદોવાળી છે." જો કે ઈમામ ઝહબીએ એના પર તઅકીબ કરી છે. એ સિવાય ઈમામ બયહકીએ પણ શોઅબુલ્ ઈમામ (ભા. ૭/૨૬૧)માં રિવાયત કરી છે.

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : **"તમારા અમલ તમારા (મૃત) સગા સંબંધીઓ સમક્ષ રજૂ કરવામાં આવે છે.** જો અમલ સારા હોય તો તેઓ ખુશ થાય છે અને કહે છે કે હે અલ્લાહ ! આ તારો ફઝ્લ અને રહમત છે, તું એના પર પોતાની નેઅમતો પૂર્ણ કર. અને જ્યારે બુરા અમલ રજૂ કરવામાં આવે છે તો કહે છે કે હે અલ્લાહ ! તેને નેક અમલ કરવાની તૌફીક આપ જેનાથી તું એનાથી રાજી થઈ જાય અને તારી નિકટતા પ્રાપ્ત થાય."

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہની આ હદીષને ઈમામ તિબ્રાનીએ મોઅ્જમે કબીર (ભા. ૪/૧૨૯)માં અને મોઅ્જમે અવસત (ભા. ૧/૫૪)માં રિવાયત કરી છે. ઈમામ અલ્હયષુમી એ મજમઉઝ્ઝવાઈદ (ભા. ૨/૩૨૭)માં ફર્માવ્યું કે, "આ હદીષની સનદમાં મુસ્લિમા બિન અલી છે જે ઝઈફ છે."

આજ હદીષ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે જેને ઈમામ અહમદ બિન હંબલે મુસ્નદ (ભા. ૩/૧૬૪)માં રિવાયત કરી છે. આ રિવાયત વિશે ઈમામ અલ્હયષમી મજમઉઝ્ઝવાઈદ (ભા. ૨/૩૨૮/૩૨૯)માં ફર્માવે છે, "એમાં એક એવા રાવી છે જેનું નામ વર્ણન નથી." આ જ અર્થની એક રિવાયત હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી પણ મરવી છે જેને ઈમામ તિયાલષીએ પોતાની મુસ્તદ (ભા. ૧/૨૪૮)માં રિવાયત કરી, ઉપરાંત તફસીરે ઈબ્ને કષીર (ભા. ૧/૩૮૮)માં આ રિવાયત નકલ થયેલ છે. આ જ અર્થની એક હઝરત અબૂ હુરૈરા رضی اللہ عنہથી પણ મોકૂફન મરવી છે જેને હાફિઝ ઈબ્ને હજરે ફત્હુલ્બારી (ભા. ૩/૧૫૫)માં નકલ કરી તેને સહીહ કહી છે અને તેની નિસ્બત ઈમામ તબરી તરફ કરી છે. ઈમામ ઈબ્ને મુબારકે કિતાબુઝ્ઝુહદ (ભા. ૧/૪૨)માં હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી મરફૂઅન આ જ અર્થની હદીષ રિવાયત કરી છે.

**(૪)** ઈમામ તિબ્રાની વગેરેએ સહાબીએ રસૂલ હઝરત મુહમ્મદ બિન ફઝાલા અઝ્ઝફરીથી રિવાયત કરી કે આપે ફર્માવ્યું કે એક વાર નબીએ કરીમ ﷺ મસ્જિદે બની ઝફરમાં તશરીફ લાવ્યા આપની સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ, મઆઝ ઈબ્ને જબલ અને બીજા સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ હતા. આપે એક કુર્આન પઢનારને તિલાવત કરવાનો હુકમ આપ્યો, તેમણે પઢવાનું શરૂ કર્યું. જયારે તેઓ આ આયત પર પહોંચ્યા :–

**فکیف اذا جئنا من کل امۃ بشھید وجئنابك علی ھؤلاء شھیدا**

''તો તેમની શું હાલત થશે જયારે અમે દરેક ઉમ્મતમાંથી એક ગવાહી આપનાર લાવીશું અને હે નબી ! આપને એ સૌ પર ગવાહ બનાવી લાવીશું.'' આ આયત સાંભળી હુઝૂર ﷺ રડવા લાગ્યા અને એટલુ રડયા કે આપની દાઢી મુબારક પર અશ્રુ દેખાવા લાગ્યાં. પછી આપે ફર્માવ્યું, ''હે પરવરદિગાર ! હું જે લોકો દરમ્યાન છું એમની ગવાહી તો દઈશ પરંતુ જેમને નથી જોયા તેમની ગવાહી કઈ રીતે આપીશ !

આ હદીષ ઈમામ તિબ્રાનીએ મોઅજમે કબીર (ભા. ૧/૧૯/૨૪૩)માં રિવાયત કરી છે. ઈમામ અલ્હયષમીએ મજમઉઝ્ઝવાઈદ (ભા. ૭/૪)માં ફર્માવ્યું, ''આ હદીષના રાવીઓ ભરોસાપાત્ર છે.'' તફસીરે દુર્રે મન્શૂર (ભા. ૨/૫૪૧)માં ઈમામ સિયૂતીએ એની સનદોને હસન કહી અને એની નિસ્બત ઈબ્ને અબી હાતિમ તરફ કરી છે.

આ હદીષમાં હુઝૂર ﷺનું રડવું અને ફર્માવવું કે ''જેમને મેં નથી જોયા એમની ગવાહી કઈ રીતે આપીશ !'' એક પ્રકારની દુઆ છે કે જેમને આપે નથી જોયા એમના અમલ અને સ્થિતિથી આપને માહિતગાર કરવામાં આવે જેથી આપ તેમની પણ ગવાહી આપી શકે. ઈમામ બગ્વીએ પોતાની તફસીરમાં જે કાંઈ ફર્માવ્યું છે એનાથી આ વાતનું સમર્થન મળે છે. તફસીર બગ્વી (ભા.૧/૪૨૯)માં આપ ફર્માવે છે, ''અલ્લાહ તઆલાએ ફર્માવ્યું (અમે આપને એ સૌ પર ગવાહ બનાવી લાવીશુ) આપ તમામ ઉમ્મતોની ગવાહી આપશે (જાહેરી હયાતમાં) જેમને આપે જોયા હોય અને જેમને ન જોયા હોય.''

ઈમામ તબરી તફસીરે તબરી (ભા. ૫/૯૨)માં ફર્માવે છે :

''હુઝૂર ﷺ શાની ગવાહી આપશે ? એ વિશે ચાર કથનો છે : (૧) આપ ﷺ એ વાતની ગવાહી આપશે કે આપે પોતાની ઉમ્મત સુધી દીન પહોંચાડી દીધો. આ કથન હઝરત ઈબ્ને મસઊદ, ઈબ્ને જરીઝ, સદ્દી અને હઝરત મકાતિલનું છે. (૨) આપ ઉમ્મતના ઈમાનની ગવાહી આપશે. આ કથન અબુલ આલિયાનું છે. (૩) આપ ઉમ્મતના અમલોની ગવાહી આપશે. આ હઝરત મુજાહિદ અને હઝરત કતાદાનું કથન છે. (૪) આપની ગવાહી એમના હક્કમાં અને કાફિરના વિરૂધ્ધ હશે.''

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની ફત્હુલ્બારી (ભા. ૮/૧૪૯)માં ફર્માવે છે, ઈમામ ખિતાબીએ ફર્માવ્યું કે હુઝૂર ﷺએ વફાત પહેલાં હઝરત ફાતેમા رضی اللہ عنہاથી ફર્માવ્યું હતું, ''હે ફાતિમા ! તમારા વાલિદને આજ પછી હવે કોઈ તકલીફ નહીં થાય.'' અમુક એવા લોકો જેમની ગણત્રી અહલે ઈલ્મમાં નથી થતી તેઓ સમજે છે કે ''હુઝૂર ﷺને એ વાતનો ઈલ્મ હતો કે આપના પછી આપની ઉમ્મતમાં ફિત્ના અને ઈખ્તેલાફ પેદા થશે. ઉમ્મત પર શફકત અને મહોબ્બતના કારણે આપને આની ફિકર રહેતી હતી, જે આપની તકલીફનું કારણ હતી. હવે કેમ કે આપ આ દુનિયાથી રૂખ્સત થઈ જશે માટે આપની આ ચિંતા પણ દૂર થઈ રહી છે. આ હદીષમાં તકલીફથી આ જ મુરાદ છે.'' જો કે આ વાત સદંતર ધડ માથા વિનાની છે કારણ કે આનાથી લાઝિમ આવે છે કે વફાત પછી ઉમ્મત પર આપની શફકત અને મહોબ્બત પણ ખત્મ થઈ જાય, જયારે કે હકીકત એ છે કે ઉમ્મત પર આપની શફકત અને મહોબ્બત કયામત સુધી બાકી રહેશે, કારણ કે આપ એ લોકો

માટે પણ મબ્ઉષ કરવામાં આવ્યા છે જેઓ આપના પછી આવશે અને તેમના અમલ આપના સમક્ષ રજૂ કરવામાં આવશે. *(ફત્હુલ્બારી, ભા. ૮/૧૪૯)*

સાબિત થયું કે રસૂલુલ્લાહ ﷺ આપણા અમલોની ગવાહી આપશે તો હવે જેનો એ અક઼ીદો જ નથી કે ક઼બ્રે અન્વરમાં હુઝૂર ﷺ સમક્ષ ઉમ્મતના અમલ રજૂ કરવામાં આવે છે તો પછી એના હક્ક઼માં કોણ ગવાહી આપશે ?

હઝરત ઈબ્ને અબ્બાસ, હસન બિન અલી, ઈકરમા, ઝહહાક અને અબ્દુલ અઝીઝ બિન યહ્યા વગેરેથી મરવી છે કે આયતે કરીમા "**وشاهد ومشهود**" માં શાહિદ (ગવાહ)થી મુરાદ હુઝૂરે અકરમ ﷺની ઝાતે ગિરામી છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના ક઼ૌલને ઈમામ નિસાઈએ સુનને કુબ્રા (ભા. ૬/૫૧૨)માં રિવાયત કર્યો છે, ઈમામ અલ્હયષમીએ મજમઉઝ્ઝવાઈદ (ભા. ૭/૧૩૬)માં ફર્માવ્યું કે : "ઈમામ બઝ્ઝારે આ રિવાયત કરી છે અને એના રિવાયતકર્તા ભરોસાપાત્ર છે." એ સિવાય હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનું આ તફસીરી કથન તફસીરે ઝાદુલ્ મસીર (ભા. ૯/૭૧, ૭૨), તફસીરે ઈબ્ને કષીર (ભા. ૪/૪૯૩), તફસીરે તબરી (ભા. ૫/૯૨) અને તફસીરે દુર્રે મન્શૂર (ભા. ૪/૪૬૩)માં પણ વર્ણન થયેલ છે.

**(૫)** ઈમામ મુસ્લિમ સહીહ મુસ્લિમમાં હઝરત અબૂઝર ગિફ્ફારી رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મતના સારા અને બુરા સૌ અમલ મારા સમક્ષ રજૂ કરવામાં આવ્યા તો રસ્તેથી તકલીફ આપનાર વસ્તુને હટાવવાને મેં સારા અમલમાં જોયું અને બુરા અમલોમાં મેં એ થૂક તથા લીંટ જોયું જે મસ્જિદમાં સાફ ન કરવામાં આવ્યું હોય." (અર્થાત નાનામાં નાનો ગુનોહ તથા નેકી પણ હુઝૂર ﷺ સમક્ષ રજૂ કરવામાં આવે છે.)

આ પરથી સ્પષ્ટ રીતે જણાયું કે હુઝૂર ﷺ માત્ર પોતાની ઉમ્મતના ઈમાન અને કુફ્ર તથા મોટી મોટી નેકીઓ અને મોટા ગુનાહોથી વાકેફ નથી બલ્કે આપની ઉમ્મત થકી જે મુસ્તહબ અને ખિલાફે અવલા કામો થાય છે તેનો પણ હુઝૂર ﷺને ઈલ્મ આપવામાં આવ્યો.

**(૬)** એ હદીષ જેને આધાર બનાવી હુઝૂરે અકરમ ﷺને પોતાની ઉમ્મતના એહવાલથી બેખબર કહેવામાં આવે છે એ હદીષ હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી પણ મરવી છે. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મને કહેવામાં આવશે કે આપ નથી જાણતા કે આપના પછી એ લોકોએ શું કર્યું છે ? તો મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ દુઆ ફર્માવો કે અલ્લાહ તઆલા મને એ લોકોમાંથી ન કરે ! તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અબૂ દરદા ! તમે એમનામાંથી નથી.

આ હદીષ ઈમામ તબ્રાનીએ અલ્મોઅ્જમુલ્ અવસત (ભા. ૧/૧૨૫)માં રિવાયત કરી છે, એ સિવાય મુસ્નદે શામિય્યીન (ભા. ૨/૩૧૧)માં તથા ઈબ્ને અબ્દુલ્બર્રએ અત્તમહીદ (ભા. ૨/૩૦૪)માં પણ એને વર્ણન કરેલ છે. મજમઉઝ્ઝવાઈદ (ભા. ૯/૩૬૦)માં ઈમામ અલ્હયષમીએ ફર્માવ્યું, "તબ્રાનીએ આ હદીષ મોઅ્જમે અવસતમાં રિવાયત કરી છે અને એ જ પ્રમાણે બુઝ્ઝારે પણ રિવાયત કરી છે, અને આ બંને રિવાયતોના રાવી ભરોસાપાત્ર છે ! તદ્ઉપરાંત હાફિઝ ઈબ્ને હજર અસ્ક઼લાનીએ ફત્હુલ્બારી (ભા. ૧૧/૩૮૫)માં એની સનદોને હસન કહી છે.

હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી આ અર્થની એક બીજી હદીષ મરવી છે, આપ ફર્માવે છે : મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મને જણાવવામાં આવ્યું છે કે આપ ફર્માવો છો કે મારી ઉમ્મતના અમુક લોકો ઈમાન લાવ્યા પછી કાફિર થઈ જશે ? તો આપે ફર્માવ્યું, "હા ! અબૂ દરદા ! પરંતુ તમે એ લોકોમાંથી નથી."

ઈબ્ને અબી આસિમે અલ્આહાદ વલ્મષાની (ભા. ૧/૧૨૯)માં અને મોઅ્જમે કબીર (ભા. ૧/૮૯)માં

તબ્રાનીએ રિવાયત કરી છે. ઈમામ અલ્હયષમીએ ફર્માવ્યું કે, ''આ હદીષને તબ્રાનીએ બે સનદોથી રિવાયત કરી એમાંથી એક રિવાયતના રાવી સહીહ રિવાયતના રાવીઓ જેમ છે (અર્થાત ભરોસાપાત્ર છે.) એમાં એક રાવી અબૂ અબ્દુલ્લાહ અલ્અશ્અરી છે જે ષિક્હ (ભરોસાપાત્ર) છે.''

હઝરત અબૂ દરદા رضی اللہ عنہની આ બે રિવાયતોથી જાણવા મળ્યું કે **અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને એ વાતનો પણ ઈલ્મ આપ્યો છે કે હૌઝે કૌષરથી પાછા જવાવાળા લોકોમાં કોણ સામેલ છે અને કોણ સામેલ નથી,** માટે એ હદીષને એના જાહેરી અર્થમાં લેવી યોગ્ય નથી.

ગુસ્તાખોનો આ ગિરોહ જાણીબુજીને એવી બાબતોની શોધમાં રહે છે જેનાથી નબીએ કરીમ ﷺના મકામ અને મર્તબામાં કમી સાબિત કરી શકાય અને આપ ﷺને એક એવી સામાન્ય વ્યક્તિની જેમ રજૂ કરવામાં આવે જે વફાત પછી પોતાના માટે બીજાઓની દુઆએ મગફિરતનો મોહતાજ હોય અને તેની ક્બ્રની ઝિયારતથી ઝિયારત કરનારને કોઈ ફાયદો ન થાય બલ્કે તેને દુઆથી ક્બ્રવાળાને ફાયદો થાય. (અલ્અયા ઝુબિલ્લાહ !)

આ જમાનાના ઝિન્દીકો અને ગુસ્તાખોમાંથી એકે હુઝૂરે અકરમ ﷺ વિશે લખ્યું :

''આપ મુર્દા છે ન વાત કરી શકે છે ન કોઈના માટે મગફિરતની દુઆ કરી શકે છે. મૌતથી આપના અમલ રોકાઈ ગયા અને વફાત પછી આપની સ્મરણ શક્તિ પણ સમાપ્ત થઈ ગઈ, તો હવે જે આપને પોકારે આપ એની પોકાર સાંભળતા જ નથી તો જવાબ શું આપવાના ?!'' (અલ્અયાઝુબિલ્લાહ !)

હે પ્રિય ! **હું અસ્રા અને મેઅરાજવાળી સહીહ હદીષ તને યાદ અપાવું છું** કે તું એને આંખો સમક્ષ રાખ ! આ હદીષમાં એવા એવા ભેદો છુપાએલા છે જેનો ઈલ્મ માત્ર અલ્લાહ તઆલા પાસે જ છે. રસૂલુલ્લાહ ﷺએ અંબિયા علیہم السلامની હયાત (વફાત પછીની)નો મુશાહેદો ફર્માવ્યો, તેમની ક્બ્રોમાં એમનું હલનચલન જોયું, તેમને મસ્જિદે અક્સા અને આસ્માનોમાં જોયા, અંબિયા علیہم السلام હુઝૂર ﷺને સલામ કરી રહ્યા છે તથા આપની સાથે વાતચીત કરી રહ્યા છે, આપના માટે દુઆ કરી રહ્યા છે (જેમ કે સહીહ મુસ્લિમની રિવાયતમાં છે) આપની ઉમ્મત માટે નસીહતો કરી રહ્યા છે.

હે અઝીઝ ! એ વાત પણ યાદ રાખ કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ હઝરત ષાબિતની એ વસીયત પૂરી ફર્માવી જે એમણે વફાત પછી ખ્વાબમાં કરી હતી, એ વાક્યો પણ યાદ રાખ કે હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہએ ૨૦ ગુલામ આઝાદ કરી ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ, હઝરત અબૂબક્ર સિદ્દીક્ અને હઝરત ઉમર رضی اللہ عنہને ખ્વાબમાં જોયા, તેઓ મને કહી રહ્યા હતા કે ઉષ્માન સબ્ર કરો ! અને કાલે સવારે તમે અમારી સાથે હશો. પછી હઝરત ઉષ્માને કુર્આન મંગાવી પોતાની સામે રાખ્યું અને એ જ હાલતમાં આપની શહાદત થઈ. **હુઝૂર ﷺ, હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ અને ઉમર ફારૂક્ رضی اللہ عنہને કઈ રીતે જાણ થઈ કે હઝરત ઉષ્માનની સાથે શું થઈ રહ્યું છે ? પછી તેમને હઝરત ઉષ્માનની શહાદતનો સમય ક્યાંથી ખબર પડયો ? સૌથી વધુ એ કે હઝરત ઉષ્માને એ ખ્વાબ પર યક્ીન કેમ કરી લીધુ ?**

આ બંને રિવાયતો વિશે ઈમામ અલ્હયષમીએ ફર્માવ્યું કે આ બંને રિવાયતોને અબ્દુલ્લાહ અને અબૂ યઅ્લાએ કબીરમાં રિવાયત કરી છે અને બંનેના રાવી ભરોસાપાત્ર છે.

*(જામે નૂર, ઓગષ્ટ–૨૦૦૯, અઝ : ઉસૈદુલ હક્ક્ કાદરી)*

**અલ્લાહના ઘરની તામીર માટે અપીલ !**

**રાણા કંડોળા (જિ. પોરબંદર)** : ખાતે મસ્જિદ માટે જમીન લેવાની છે તથા તામીર કામ કરવાનું છે. જમીન ૩ લાખની છે, એક લાખની જમીન માટે જરૂરત છે તથા તામીર કામ પણ થશે જેથી સખી દાતાઓને વિનંતિ કે આ કામે ભરપુર સહાય કરશો અને જન્નતમાં મહેલ મેળવશો. સંપર્ક કરો :–

**જુમ્માભાઈ પટેલ, મો. ૯૭૨૩૪ ૭૦૯૫૩**

# ખાનક઼ાહી નિઝામ કેટલો અસરકારક ?

❑ અઝ ❑
મૌલાના ઉસૈદુલ હક્ક઼ મુહમ્મદ આસિમ ક઼ાદરી (બદાયૂં)

❑ અનુવાદક ❑
પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી બરકાતે ખ્વાજા)

*માહનામા **'જામે નૂર'–દિલ્હી** થકી નીચે મુજબના મુદ્દાઓના જવાબમાં મૌલાના ઉસૈદુલ હક્ક઼ બદાયૂનીએ પોતાના જે ખયાલો તથા અનુભવો રજૂ કર્યા તેને **'બરકાતે ખ્વાજા'** માસિકના વાંચકોના જ્ઞાનમાં તથા ચિંતનમાં વધારો કરવા માટે અત્રે રજૂ કરીએ છીએ. –તંત્રી*

***મુદ્દાઓ** : (૧) ભૂતકાળમાં આ ખાનકાહોની સ્થાપ્નાનો હેતુ શો હતો ? (૨) ભૂતકાળમાં ઈસ્લામની તબ્લીગ અને સમાજ સુધારણામાં એમનો શો રોલ હતો ? (૩) વર્તમાનકાળમાં દા'વત તથા તબ્લીગના ક્ષેત્રે એની જરૂરત નષ્ટ થઈ ગઈ છે ? (૪) શું વર્તમાન ખાનકાહી રસ્મો રિવાજનો સંબંધ તસવ્વુફ સાથે છે ?*

*ક્યા કહેં ખાસો આમ બિગળે હૈં – વાજિબુલ એહતેરામ બિગળે હૈં*
*અબ સિયાસત કા ઝિક્ર હી ક્યા હૈ – ખાનક઼ાહી નિઝામ બિગળે હૈં*
*–'આક઼િબ' પેટલાદી*

મારા મિત્ર ખુશ્તર નૂરાની (તંત્રી : જામે નૂર)નો આગ્રહ છે કે ખાનકાહી નિઝામ (વ્યવસ્થા) પર ''જામે નૂર''ની લેખિત ચર્ચાના માટે હું પણ કાંઈક લખુ. આ સતત આગ્રહનો એક સબબ તે નિખાલસ મહોબ્બતનો સંબંધ તો છે જે અમારી વચ્ચે પાછલાં દસ બાર વર્ષોથી ક઼ાયમ છે, પણ કદાચ એની પાછળ આ 'પત્રકારત્વની કલા' પણ છે જે આરોપીને જજની ખુરશી પર બેસાડીને એની જ ઝબાન વડે એની જ વિરૂધ્ધ ફેંસલો સંભળાવવામાં આવે જેથી કોઈ માફી કે મજબૂરી દર્શાવવાનો અવકાશ જ ન રહે ! પણ મારી પરેશાનીનો સબબ એ છે કે મને 'સુખન ફહમી'ની સાથોસાથ 'ગાલિબની તરફદારી'નો પણ દાવો છે, બીજુ એ કે આ માર્ગે કેટલાક એવાં આર્તનાદો તથા આહોનાં સ્થાનો પણ છે જેનાથી દામન બચાવીને પસાર થઈ જવું વિષયથી અન્યાય સમાન ગણાશે, અને એના પર કાંઈક મોં ખોલવું કદાચ ઘણા બધા નાઝુક આયનાઓને ઠેસ પહોંચાડી આપે ! છતાં મને મારા દોસ્તની ખુશી અધિક પ્રિય છે એટલા માટે દરિયાનાં ઉછળતાં મોજાંઓથી ટક્કર લેવાનું કબૂલ કરી રહ્યો છું, નહીં તો કોણ નથી જાણતું કે ભલાઈ કિનારા પર રહેવામાં જ હોય છે !

**(૧)** રુશ્દો હિદાયત, હાલતોની સુધારણા, નફસની પાકી અને બાતિન (દિલ)ની સફાઈ, આ તે પાયાના હેતુઓ છે જેના માટે ખાનક઼ાહી નિઝામને રિવાજ આપવામાં આવ્યો.

**(૨)** ઈસ્લામની તબ્લીગ અને સમાજ સુધારણામાં ખાનકાહોનો રોલ એટલો મહાન તથા રોશન છે કે ઈસ્લામનો પ્રચાર તથા પ્રસાર અને ઉમ્મતની ઈસ્લાહનો કોઈપણ ઈતિહાસ ખાનકાહના બુઝુર્ગો તથા સૂફીઓના ઉલ્લેખ વિના અધૂરો છે ખાસ કરીને અખંડ ભારતમાં આજે જે તૌહીદ તથા કલમાની સદાઓ ગુંજી રહી છે એ એ ખાનકાહોની દઅવતી તથા તબ્લીગી કોશિશોનું ફળ છે. તસવ્વુફ તથા અહલે તસવ્વુફના સખતથી સખત વિરોધીઓ પણ ભલે દબાયેલા સ્વરમાં પણ આ ઐતિહાસિક હક઼ીક઼તનો સ્વીકાર કરવા માટે લાચાર છે.

**(3)** વર્તમાનકાળમાં દા'વત તથા તબ્લીગના ક્ષેત્રમાં ખાનકાહી નિઝામનું ફાયદાપણુ નષ્ટ નથી થયું બલ્કે અધિક જાહેર થયું છે. આજે આપણે એ નિઝામની એટલી સખત જરૂરત છે જેટલી કદાચ એનાથી અગાઉ

કદી ન હતી. હા ! ખાનકાહી નિઝામનો તે કિરદાર અદશ્ય થઈ ગયો જે ભૂતકાળમાં એની વિશિષ્ટતા હતો, નહીં તો ચોથી સદી હિજરીથી લઈને આજ સુધી દાવત તથા તબ્લીગ અને હાલતોની ઈસ્લાહનો એનાથી બેહતર તથા અસરકારક તરીકો રજૂ નથી થઈ શક્યો.

**(૪)** વર્તમાન ખાનકાહી રસ્મો રિવાજનો સંબંધ તસવ્વુફ સાથે છે કે નથી ? એ ઘણો જ પેચીદો સવાલ છે, છતાં જો રસ્મો રિવાજથી કેવળ ચાદરો, ગાગરો તથા દાવતો મુરાદ છે તો કદાચ જવાબ નકારમાં થશે.

**એ કડવા સત્યનો ગમે તે ભોગે સ્વીકાર કરવો જોઈએ કે ખાનકાહી નિઝામને જે દઅવતી તથા ઈસ્લાહી હેતુઓના માટે આપણા પૂર્વજ બુઝુર્ગોએ ઓળખાવ્યો હતો તે હેતુઓ તથા મક્સદોથી આપણે ઘણે દૂર જઈને પડયા છીએ. એ નિઝામની અસલ રૂહ ખત્મ થઈ ચૂકી છે, હવે કેવળ એક રસ્મ રહી ગઈ છે જેને વંશ પરંપરાગત નિભાવવામાં આવી રહેલ છે.** અફસોસ ! કે જે ખાનકાહોથી કદી 'અનલ હક્ક઼'નો મસ્તાની નારો સંભળાતો હતો ત્યાંથી હક્ક઼ની તજલ્લીઓ રુખસદ થઈ ગઈ, હવે કેવળ 'અના' બાકી રહી ગયેલ છે. આ આપના પ્રશ્નોનો સંક્ષિપ્ત જવાબ હતો. હું ચાહું છું કે **હિંદુસ્તાન** તથા **મિસર**ના વર્તમાન ખાનક઼ાહી નિઝામોનું એક તુલનાત્મક ચિત્ર રજૂ કરું તો શક્ય છે કે એને વાંચીને આપણે ત્યાંના મુર્દા ઝમીરો જાગૃત થઈ જાય.

હું મારા પાંચ વર્ષના મિસરના રોકાણ દરમ્યાન ઉત્તરના અંતિમ શહેર ઈસ્કંદરીયાથી લઈને દક્ષિણના અંતિમ શહેર અસ્વાન સુધીની અસંખ્ય ખાનકાહોમાં હાજર થયો છું, વિવિધ મશાઈખની ઝિયારત કરી છે, તેમની ઝિક્ર તથા ફિક્રની મજલિસોમાં બેસવાનું સદ્ભાગ્ય પામ્યો છું અને તેમના મુરીદો સાથે કલાકો સુધી વિવિધ વિષયે ચર્ચા કરી છે. મારા આ અનુભવો દરમ્યાનમાં મેં અહીંની ખાનકાહી વ્યવસ્થાનો ખૂબ જ ઊંડાણપૂર્વક તથા બારીક દષ્ટિથી અભ્યાસ કર્યો છે. એ અભ્યાસનાં પરિણામો આશ્ચર્યજનક પણ છે અને ખુશી ઉપજાવનાર પણ છે. અમુક મામૂલી ચીજોને જો બાદ કરી દેવામાં આવે (જેનાથી હું સહમત નથી) તો એવું કહી શકાશે કે મિસરનો ખાનકાહી નિઝામ કાંઈ ન કાંઈ હદ સુધી આજે પણ પોતાના સહીહ સ્વરૂપમાં જાહેરી તથા આંત્રિક સુધારણાનો ફરીઝો અંજામ આપી રહેલ છે. જો આપણે ત્યાંના (હિંદ–પાકના) ખાનકાહી નિઝામની સરખામણી મિસ્રના ખાનક઼ાહી નિઝામ સાથે કરવામાં આવે તો એવી હોશ ઉડાડી દેનાર હક઼ીક઼ત સામે આવે છે કે એ બંનેમાં એ જ ફરક છે જે એક હરતા ફરતા માનવ તથા એક નિર્જીવ મુડદા લાશમાં હોય છે. દષ્ટાંત રૂપે અહીં હું અમુક વાતોની પ્રતિ ઉપર છલ્લો નિર્દેશ કરવા ચાહું છું : **(૧)** સૌથી મહત્વની વાત તો એ છે કે મિસરમાં સામાન્યતઃ મશાઈખે તરીક઼ત ઈલ્મવાળા હોય છે, મને કોઈ એવા શયખથી હજી સુધી મુલાકાતનો પ્રસંગ નથી બન્યો કે જેને જાહેરી ઈલ્મને બદલે 'ઈલ્મે લદુન્ની'નો દાવો હોય !

**(૨)** મિસરની દરેક ખાનકાહમાં ખૂબ જ પાબંદી સાથે અઝકાર તથા અવરાદ (ઝિક્રો તથા વિર્દો)ની અઠવાડિક મજલિસોનું આયોજન થાય છે. ખાસ કરીને જુમ્આના દિવસે કાહિરા તથા આસપાસના મશાઈખ પોતાના મુરીદોની જમાઅત સાથે મોટી દરગાહો દા.ત. મશ્હદ હુસૈની, સૈયદા ઝયનબ તથા સૈયદા નફીસા વગેરેમાં જમા થાય છે. જુમ્આની નમાઝ બાદ અલગ અલગ હલકા (વર્તુળ) બનાવીને બેસે છે અને ઝિક્ર તથા ફિક્રની મજલિસની ગોઠવણ કરવામાં આવે છે, એ મન્ઝર કેટલો રૂહપરવર હોય છે એનું વર્ણન નથી થઈ શકતું. આવા પ્રકારનાં દશ્યો જુમ્આના દિવસે અન્ય શહેરો દા.ત. તન્તા, દસૂક઼ તથા ઈસ્કંદરિયામાં અનુક્રમે સૈયદના અહમદ બદવી, સૈયદના ઈબ્રાહીમ દસૂક઼ી તથા ઈમામ બૂસૈરીના મઝારો પર પણ જોવા મળે છે.

**(૩)** મિસરની અમુક ખાનકાહોમાં અઠવાડિક દર્સ પણ થાય છે, દા.ત. દર્સે કુર્આન, દર્સે હદીષ તથા દર્સે તસવ્વુફ વગેરે, આ દર્સ ખૂદ સજ્જાદાનશીન થકી થાય છે અથવા અઝહર શરીફના કોઈ આલિમની ખિદમત લેવામાં આવે છે.

**(૪)** એક અન્ય મહત્વની વાત જેની મેં નોંધ લીધી તે એ છે કે અહીં ખાનકાહોની આપસમાં કોઈ રસ્સાકસી કે ખેંચતાણ નથી, એકબીજાની ઈજ્જત તથા સન્માન તથા ઈલ્મ, બુઝુર્ગી તથા ખિદમતોનો આપસમાં સ્વીકાર તથા ઈક઼રાર જોવા મળે છે. આ તે સબબો છે જેના લીધે સિલસિલાવારી આશ્ચર્યજનક પૂર્વગ્રહ (અદાવત) અહીં જોવા મળતો નથી જે આપણે ત્યાં ડગલે ને પગલે જોવા મળે છે.

**(૫)** અમુક મશાઈખને મેં ખૂબ જ નજીકથી જોયા છે અને અમુક સાથે કેવળ અમુક મુલાકાતો થઈ છે,

પણ તે સૌમાં એક સામ્યતા જોઈ કે એ લોકો આપણા ઉલમા તથા મશાઈખની જેમ પોતાને વાજિબુત્તાઝીમ, દસ્તબોસી , કદમબોસી કરાવવાની પેદાઈશી હક્કદાર હસ્તી ખયાલ નથી કરતા, બલ્કે ખૂબ જ સાદા, નમ્ર તથા મુન્કસિરુલ મિજાઝ (પોતાને આજિઝ જાણનાર) હોય છે. એકબીજાની દસ્તબોસી, એકબીજાનુ એઠુ પાણી તબરુકરૂપે પીવું અને એકબીજાના માટે તાઝીમ રૂપે ઉભા થઈ જવું ત્યાં આમ છે, કદાચ હિંદુસ્તાનમાં આ વાતોની કલ્પના પણ નથી થઈ શકતી. (ઈલ્લા માશાઅલ્લાહ !)

એનાથીય વિશેષ આશ્ચર્યજનક બનાવ સાંભળો. યમનના એક બુઝુર્ગ છે શયખ હબીબ અલી જફરી. એ ઝય્યદ આલિમ છે અને બેહતરીન ખતીબ છે. જ્યારે મિસર આવે છે તો વિવિધ ખાનકાહોમાં તેમના દર્સ તથા તકરીરો થાય છે. કેટલીકવાર મને એ જોઈને ભૂતકાળના સૂફીઓ યાદ આવી ગયા કે જે ખાનકાહમાં એમના દર્સની મેહફિલ હતી તે ખાનકાહના સજ્જાદાનશીને પોતાની ખાનકાહમાં આવેલા કેટલાય લોકોને તેમના મુરીદ કરાવ્યા. શું હિંદુસ્તાનમાં કોઈ આવા મન્ઝરની તમો કલ્પના કરી શકો છો ?! આપણે ત્યાં તો હાલ એ છે કે, શક્ય છે કે બે સિંહો કોઈ રીતે એક જંગલમાં રહેવા માટે સમજૂતી કરી લે, પણ બે પીરો એક હલકા (વર્તુળ)માં નથી રહી શકતા ! (ઈલ્લા માશાઅલ્લાહ !)

**(૬)** મિસરમાં ખાનકાહી નિઝામ એ હદ સુધી કામયાબ છે કે મુરીદ થયા બાદ માણસમાં ખૂબ જ ઉઘાડો ફેરફાર અનુભવી શકાય છે. એક મુરીદ ફર્ઝો તથા વાજિબોની સાથે વિર્દો તથા ઝિક્રોનો પણ ક્રમે ક્રમે પાબંદ થઈ જાય છે. તમો કોઈ મસ્જિદમાં બાજમાઅત નમાઝ અદા કરો અને નમાઝ બાદ જે શખ્સ તસ્બીહ પઢવાનું શરૂ કરી આપે અથવા નાનો સરખો પંજસૂરહ કાઢીને પઢવાનુ શરૂ કરી આપે તો તમે સમજી લો કે કોઈકનો મુરીદ છે.

આપણે ત્યાં (હિંદમાં) ૧૦૦માંથી ૯૫ મુરીદ થયા બાદ પણ એવા જ રહે છે જેવા મુરીદ થતા પહેલાં હતા. ન તો કિરદાર તથા અમલમાં કોઈ ફરક ન જિંદગીમાં કોઈ ઈન્કિલાબ, હા ! એટલી તબદીલી જરૂર આવે છે કે મુરીદ થતા પહેલાં સર્વ ખાનકાહો તથા મશાઈખનો એહતેરામ કરતા હતા પણ કોઈના દામનથી જોડાયા બાદ હવે સર્વ ખાનકાહો તથા મશાઈખ એની નજરમાં તુચ્છ થઈ જાય છે, હવે તો કોઈ અન્ય બુઝુર્ગની તાઝીમ કરવા માટે તૈયાર છે ન કોઈની તારીફ તે સહન કરી શકે છે. જલસામાં તકરીર હોય તો તેના મશાઈખના ઈલ્મ તથા તક્વા અને તેમની ખિદમતો તથા કરામતોનો જરૂર ઉલ્લેખ કરવામાં આવે, નઅત પઢવામાં આવે તો એના પીરની, સલામ પઢવામાં આવે તો એના પીરની લખેલી, જલસામાં નારા વાગે તો તેના પીરના નામના, અને જો ખુદા નખ્વાસ્તા કોઈ જલસામાં આ બધું ન હોય તો તેને નાકામ કરવાની દરેક શક્ય કોશિશ કરવી એ તેનો "ખાનકાહી ફરીઝો" છે !

***બસોખ્ત અક્લ ઝે હૈરત કે ઇંચે બુલ્અજબીસ્ત***

(અર્થ) : આશ્ચર્યની બુધ્ધિ દંગ રહી ગઈ કે આ કેવી અજબની વાત છે !

**(૭)** અહીં (મિસર)ની ખાનકાહો સહાયનાં કામોમાં જોર શોરથી રોલ અદા કરે છે. એવી ઘણી ખાનકાહો છે જ્યાંથી અઝહર શરીફના મિસ્રી કે પરદેશી તલબાને માટે મંથલી સ્કોલરશીપ નિશ્ચિત છે. કેટલીક ખાનકાહોના સંચાલન હેઠળ અર્વાચીન તથા દીની તાલીમની ખૂબ ઉમદા તથા આધુનિક શિક્ષણ પધ્ધતિ તથા કેળવણીની સ્કૂલો ચાલી રહી છે. ખાનકાહે જઅફરિયહ (કાહિરા)થી સંલગ્ન એક શાનદાર હોસ્પિટલ છે જે તમામ આધુનિક સહુલતોથી સજ્જ છે અને અહીં મફતમાં સારવાર થાય છે. ખાનકાહથી જોડાયેલા અકીદત તથા મહોબ્બતવાળાઓ તેના સર્વ ખર્ચાઓ આપસમાં એકબીજાના સહકારથી ઉઠાવે છે. ફિલિસ્તીનના મઝલૂમોની ઈમદાદના માટે એ મશાઈખે પોતાના મુરીદોથી ભારે મોટી રકમ જમા કરીને ફલિસ્તીન સહાય ફંડમાં જમા કરાવી અને હજી પણ કરાવે છે. એ જ પ્રમાણે ઈરાકના બીમારો તથા ઝખ્મીઓના માટે લોહીનો તોહફો આપવાની ચળવળ ચલાવવામાં આવી જેમાં આ ખાનકાહો આગળ આગળ રહી.

**(૮)** અહીં મિસરમાં ખાનકાહોનો એક સામાજિક રોલ પણ છે. કાફિરોથી લગભગ ૮૦૦ કિ.મિ. દૂર દક્ષિણમાં એક ઐતિહાસિક શહેર છે અલ્અકસર, ત્યાં ત્રણ મોટી ખાનકાહો છે : ખાનકાહે તૈયબ, ખાનકાહે રિઝવાનિયા અને ખાનકાહે જીલાનિયા, ત્યાં મેં જોયું કે જમીન જાયદાદના ઝઘડા હોય કે ઘરેલુ સમસ્યાઓ હોય, કોર્ટ કચેરીઓમાં સામ સામે કેસો કરવાને બદલે એ પ્રકારની મોટા ભાગની સમસ્યાઓનું નિવારણ ખાનકાહી સ્તરે કરી દેવામાં આવે છે. *(જામે નૂર, જૂન–૨૦૦૪)*

અશરફી સિલસિલાના પ્રખ્યાત શયખ હઝરત સરકારે કલાં رحمۃ اللہ علیہના પૌત્ર અને
હઝરત સૈયદ ઈઝહાર અશરફ અશરફીયુલ જીલાની કછોછવીના સાહબઝાદા

# મૌલાના સૈયદ મુહમ્મદ અશરફ કછોછવીથી

# મુલાકાત

**અનુવાદક : મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

*નવી નસલમાં મસાઈલને સમજવા અંગેની દિલચસ્પી, એહલે સુન્નત વ જમાઅતમાં અમલ તથા ઈલ્મ અંગે સતર્કતા તથા ખાનકાહોમાં ઈલ્મી તથા ફિક્રી જાગૃક્તા નવી સદીનાં પોઝેટિવ ચિન્હો છે.* **મૌલાના સૈયદ મુહમ્મદ અશરફ અશરફી કિછોછવી***ના વ્યક્તિત્વને પણ આજે એ જ દષ્ટાંતમાં જોવામાં આવે છે. હોશમંદી, પ્રતિષ્ઠા, પોઝેટિવ (સકારાત્મક) વિચાર શૈલી, અમલી જોશ, ઈલ્મી ગંભીરતા, અકમલમંદાના વાતચીત, એક્તા તથા ઈત્તેકાફની સોચ તથા ચળવળમય ગતિવિધિઓ હઝરત મૌલાના મુહમ્મદ અશરફ સાહબની શખ્સિયતના તરી આવતા ગુણો છે.* **હઝરત 'ખાનવાદ–એ–અશરફીયા કિછૌછા'ના અનોખા વ્યક્તિત્વવાળા તથા શૈખે આ'ઝમ મૌલાના સૈયદ ઈઝહાર અશરફ સાહબ (સજ્જાદા નશીન ખાનકાહે અશરફીયા સરકારે કલાં)ના નાના સાહબઝાદા છે.** *આપનો જન્મ ૫–જુલાઈ ૧૯૬૬ ઈ.સ.માં થયો. પ્રાથમિક તાલીમ મકતબા અશરફીયામાં પ્રાપ્ત કરી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢમાં બાયો સાઈન્સમાં ગ્રેજ્યુએશન કર્યું ત્યારબાદ ઉર્દૂ ફારસીમાં લખનઉ યુનિવર્સિટીથી ગ્રેજ્યુએશનની ડિગ્રી પ્રાપ્ત કરી. મૌલાના કિછૌછવીએ અત્યારે જમાઅતે એહલે સુન્નતમાં એક બુધ્ધિશાળી, ગતિશીલ તથા કાર્યરત વ્યક્તિત્વના આધારે પોતાની એક અલગ ઓળખ બનાવી લીધી છે. તેમણે "ગૌષુલ આલમ એજ્યુકેશનલ મેમોરિયલ સોસાયટી"ની સ્થાપ્ના કરી છે જેના હેઠળ કેટલાયે તાલીમી તથા લોક કલ્યાણનાં કામો થઈ રહ્યાં છે. આપે હાલમાં જ "ઓલ ઈન્ડિયા ઓલ્મા વ મશાઈખ બોર્ડ"ની સ્થાપ્ના કરી છે જેની એક્ટિવિટીઓ તથા ગતિવિધિઓ અત્યારે ખૂબ ચર્ચામાં છે. આપ "ન્યુ મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"ના જનરલ સેક્રેટરી તથા "ઓલ ઈન્ડિયા મદ્રસા કોઓર્ડીનેશન કમિટી"ના ઉપ પ્રમુખ પણ છે. સામાજિક તથા ધાર્મિક, તેહરીકી તથા ચળવળ સંબંધી, ફિક્રી તથા અમલી વિષયો ઉપર આપની સાથે થયેલ જામે નૂર–મંથલી દિલ્હીમાં થયેલ ચર્ચાથી વાંચકો ઘણો લાભ ઉઠાવી શકશે એ આશયે 'બરકાતે ખ્વાજા' (માસિક)માં રજૂ કરીએ છીએ. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**સવાલ** : આસ્તાના આલિયા અશરફીયા કિછૌછાની દીની, ઈલ્મી તથા સામજિક ગતિવિધિઓમાં પાછલા કેટલાયે વરસોથી તીવ્રતા આવી છે. શું વાંચકોને અમુક વિશેષ પગલાંઓથી આગાહ ફર્માવવાની તકલીફ કરશો ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : જામે અશરફ અશરફી સિલસિલાનો પ્રતિનિધિ ઈદારો છે. ત્યાંથી પાછલા આઠ વર્ષોથી 'ગૌષુલ આલમ' માસિક પ્રગટ થાય છે. પાછલા પાંચ છ વરસથી જામે અશરફમાં તખસ્સુસ (વિશેષ) કલાસો પણ ચાલી રહ્યા છે અને તેમાં ઘણી સફળતા મળી છે. તલ્બાની સંખ્યા પણ વધારવામાં આવી છે. 'જામે અશરફ'માં એક ઘણી મોટી લાઈબ્રેરી "મુખ્તાર અશરફ લાઈબ્રેરી"ના નામથી સ્થાપવામાં આવી છે. આ એહલે સુન્નત વ જમાઅતની મોટી લાઈબ્રેરીઓમાંથી એક છે. ફક્ત કોઈ એક વિષય જેમ કે તફસીરની

વાત કરીએ તો તેમાં તફસીર ઉપર લગભગ નવસો (૯૦૦) કિતાબો ઉપસ્થિત છે. કલમી નુસ્ખાઓની (પ્રાચીન હસ્ત લિખિત લખાણોની) સંખ્યા પણ ખાસી છે. એહલે સુન્નત વ જમાઅતમાં આમ તો કેટલાયે મોટા મોટા મદ્રસાઓ છે પરંતુ આ ટાઈપની લાઈબ્રેરી ક્યાંય નથી. સામાજિક ધાર્મિક તથા તેહરીકી ક્ષેત્રની વાત કરીએ તો "ઓલ ઈન્ડિયા ઓલમા વ મશાઈખ બોર્ડ"ના નામે એક મોટી સંસ્થા સ્થાપિત કરવામાં આવી છે જેના બેનર હેઠળ ધાર્મિક મસાઈલ ઉપર કામ કરવામાં આવી રહ્યું છે તેના હેઠળ પહેલું કામ અમે મુરાદાબાદમાં (યુ.પી.) સુન્ની કોન્ફરન્સના નામે કર્યું જેના દ્વારા અમે અવામે એહલે સુન્નતને એકમત કરવાનો પ્રયાસ કર્યો છે અને બીજી બાજુ હુકૂમતને એ વાત પહોંચાડી છે કે મુસલમાનોમાં ત્રણ મોટા ફિર્કાઓ છે તેમાં એક મોટો ભાગ **સુન્ની**ઓનો છે અને બીજો ફિર્કો **શીઆ**ઓ તથા ત્રીજો ફિર્કો **વહાબી** છે. વહાબી ઓલમા તથા તેમના પ્રતિનિધિઓ સુન્નિયતના નામ પર મળનારી તમામ સહૂલતોથી ફાયદા ઉઠાવતા રહ્યા છે અને જે સાચા અર્થોમાં સુન્ની છે તે એ તમામ લાભોથી વંચિત રહ્યા છે. અમારે ત્યાં હજ્જ કમિટી, વક્ફ બોર્ડ તથા અરબી ફારસી બોર્ડ છે, પરંતુ દરેક જગ્યાએ સુન્નિયતને મળ નારા તમામ લાભો તથા સહૂલતો કેવળ વહાબી ગૃપે પ્રાપ્ત કરી લીધી જ્યારે કે સુન્નીઓ તેનાથી બિલ્કુલ મેહરૂમ રહ્યા છે. "ઓલ ઈન્ડિયા ઓલમા વ મશાઈખ બોર્ડની સ્થાપ્નાનો મૂળ હેતુ એ જ છે કે આ વિશે અમે અવાજ ઉઠાવીએ તથા સુન્નીઓને તેમના અધિકારો તથા લાભો અપાવવાની કોશિશ કરીએ. સાથોસાથ સુન્નિયતમાં ઈત્તેફાક તથા એકમતિ પેદા કરવાનો પણ અમારો વિશેષ હેતુ છે.

**સવાલ** : શું તમને લાગે છે કે ખાનકાહોની અમુક બિન જરૂરી પ્રથાઓ તથા રિવાજોથી સુન્નિયતને નુકસાન થયું છે ? અને શું આપની દષ્ટિએ અમુક ખાનકાહી કાર્યોમાં સુધારણા (ઈસ્લાહ) થવી જોઈએ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : ઘણા રિવાજો તથા પ્રથાઓની ઈસ્લાહ (સુધારણા)ની જરૂરત છે. **આ તમામ બિન જરૂરી રિવાજો, રસ્મોના જન્મ પામવાનું મૂળ કારણ "ઈલ્મનો અભાવ છે." એ એક હકીકત છે કે સામાન્ય રીતે ખાનકાહોમાંથી ઈલ્મ રવાના થઈ ગયો છે. જ્યાં હિદાયત તથા માર્ગદર્શનના સિલસિલા ચાલી રહ્યા હતા ત્યાં મુજાવરી શુરૂ થઈ ગઈ. અને જ્યાં મુજાવરી શરૂ થઈ જાય તો ત્યાં નિશ્ચિત રીતે દુનિયાદારી આવવાની જ હતી ! હવે પૂરેપૂરું ધ્યાન માલો દૌલત જમા કરવા તરફ લાગી ગયું છે. માત્ર પૈસા ભેગા કરવા માટે કેટલીયે બિદઅતો (શરીઅત વિરૂધ્ધ નવી વાતો) પેદા કરી દેવામાં આવી છે. અમારું ધ્યાન આ તરફ (ક્ષેત્ર) પણ છે.** અમારી કોશિશ છે કે ખાનકાહોમાં ફરી એક વાર ઈલ્મનો ચિરાગ રોશન થાય, ત્યાનાં શેહઝાદા ઈલ્મ પ્રાપ્ત કરે, તેઓ મદ્રસાઓમાં જાય જેથી તેઓ પોતાના બાપ દાદાઓના વારસાને સુરક્ષિત રાખી શકે, તેને પ્રગતિ આપી શકે અને ખાનકાહોથી ફરી એક વાર હિદાયત તથા માર્ગદર્શનના સિલસિલાઓ ઉચ્ચ સ્તરે થઈ શકે.

મુજાવરી જ્યારથી શરૂ થઈ ત્યારથી નિત નવા તરીકાઓ પણ પેદા થઈ ગયા છે. માથાઓ ઉપર ચાદરો રાખીને દુઆઓ કરાવવામાં આવે છે, અને ઝિયારતના મકસદથી આવનાર પાસેથી પાંચ રૂપિયા, દસ રૂપિયા માંગવામાં આવી રહ્યા છે. દુઆ તથા ફાતેહા માટે જબરદસ્તી પૈસા, રૂપિયાના આગ્રહો વધી ગયા. કેટલીયે ખાનકાહોમાં આ પ્રકારની કેટલીયે ધડ તથા માથા વિનાની વાતોએ ઘર બનાવી લીધું છે જેની ન તો શરીઅતમાં ઈજાઝત છે અને ન તો સાહિબે આસ્તાનાએ (આસ્તાનામાં આરામ ફર્માવનારા વલી અલ્લાહએ) ઈજાઝત આપી છે. હવે જે વાતની શરીઅતમાં ઈજાઝત ન હોય તો તેને કોઈ સાહિબે આસ્તાના (અલ્લાહના વલી) સાથે જોડવી કેવી રીતે યોગ્ય થઈ શકે છે ? **હઝરત મખ્દૂમ અશરફ સિમનાની** عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો ઈર્શાદ છે કે, **"તમે કોઈને હવામાં ઉડતો જુઓ, પાણી ઉપર ચાલતો જુઓ, આગમાં ઉભો હોય એવો જુઓ**

**તો તેને વલી ન સમજી લેશો ! પહેલાં તે જુઓ કે એ શરીઅતે મુહમ્મદીનો પાબંદ છે કે નહીં ?"** તો **વિલાયત માટે શરીઅતે મુહમ્મદીની પાબંદી અનિવાર્ય છે.** હવે જ્યાં જ્યાં પણ ગેરશરઈ (શરીઅત વિરૂધ્ધ) કોઈ કામ જોવામાં આવે તો તેનો સંબંધ સાહિબે આસ્તાના, અલ્લાહના વલી સાથે બિલકુલ નહીં હોય પણ **પછીના જ લોકોએ પોતાના ફાયદા માટે આવા તરીક઼ાઓ ઘડી લીધા** અને એનું કારણ એ છે કે ઈલ્મ ખાનક઼ાહોમાંથી ઉઠી ગયો છે.

**સવાલ** : આજના યુગમાં ખાનક઼ાહી શેહજાદાઓની તાલીમ તથા કેળવણીના મુદ્દે આપ કઈ વાતોને જરૂરી સમજો છો ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : સર્વ પ્રથમ તો તેઓ ઈલ્મ પ્રાપ્ત કરે, ત્યાર બાદ પોતાની ખાનક઼ાહના બુઝુર્ગોની સોહબતમાં રહી ફાયદો ઉઠાવે, તેમની સોહબતો રહેશે તો તરીક઼ાના આદાબ તથા ભેદોથી પણ તેઓ આગાહ થઈ જશે. પરંતુ **સૌથી જરૂરી વસ્તુ એ છે કે ઈલ્મે દીન પ્રાપ્ત કરે !** તેમાં કોઈ શંકા નથી કે ઈસ્લામના પ્રચાર તથા સુન્નિયતની રક્ષા અંગે હિંદુસ્તાની ખાનક઼ાહોનો મહાન રોલ રહ્યો છે, અને આજે પણ આ વાતની જરૂરત છે કે ખાનક઼ાહી શાહઝાદાઓ પોતાની આ જવાબદારીને અંજામ આપે. બસ ! તેના માટે **જરૂરી છે કે તેઓ પહેલા એવા મદ્રસાઓનો ઈરાદો કરે જેમાં શરીઅતે મુહમ્મદીની પણ તાલીમ થતી હોય તથા તસવ્વુફની પણ તાલીમ થતી હોય.** 'જામે અશરફ' આ વિષયે સારાં પગલાં લઈ રહ્યું છે. ખાનક઼ાહી શાહઝાદાઓની તાલીમો તર્બિયત અંગેની સૌથી મોટી (રૂકાવટ) તેમની નાઝ બરદારી (લાડ પ્યાર, નાઝ નખરા ઉઠાવવુ વગેરે) છે. બાળપણથી જ તેમની વધુ પડતી નાઝ બરદારી ચાલુ થઈ જાય છે. તેમને હઝરત, હુઝૂર, મખ્દૂમ તથા શેહઝાદાથી પોકારવામાં આવે છે. દસ્તબોસી (હાથ ચૂમવા) તથા ક઼દમ બોસી શરૂ થઈ જાય છે, તેનાથી તેમના દિમાગ ઉપર નકારત્મક (નેગેટિવ) અસરો પડે છે. હવે છેવટે બાળક તો બાળક જ હોય છે, આટલુ બધુ જોયા પછી તેના અંદર એ વિચાર આવવો સ્વભાવિક છે કે આપણે મહેનત કરવાની શું જરૂરત છે ? જામે અશરફમાં અમે એ નિયમ રાખ્યો છે કે, "અહિંયા કોઈ શાહઝાદો નહીં ! તમે મદ્રસામાં આવ્યા છો તો એક તાલિબે ઈલ્મ છો, તાલિબે ઈલ્મની જ રીતે તાલીમ પ્રાપ્ત કરો." જામે અશરફમાં મહારાષ્ટ્ર તથા અન્ય ઈલાકાઓની ખાનક઼ાહોના બાળકો તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે, અમારા ખાનદાનના પણ બાળકો પઢે છે. પરંતુ તેમની હૈસિયત એક તાલિબે ઈલ્મની જેમ છે, અલગથી તેમની કોઈ ઓળખ નથી. તેમની સાથે સામાન્ય તાલિબે ઈલ્મ જેવો વર્તાવ કરવામાં આવે છે. તથા ઉર્સે મખ્દૂમી તથા ઉર્સે સરકારે કલાંમાં પણ તેમણે સામાન્ય તાલિબે ઈલ્મની જેમ પોતાની જવાબદારી નિભાવવાની હોય છે.

**સવાલ** : ખાનક઼ાહોનો એક બીજા સાથે મેળ મેળાપ તથા ઈત્તેહાદ કેટલો જરૂરી છે ? તથા આ વિષયમાં કઈ કઈ મુશ્કેલીઓ છે ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : સુન્નિયત ત્યાં સુધી સુરક્ષિત નથી રહી શકતી જ્યાં સુધી તમામ ખાનક઼ાહો એક પ્લેટફોર્મ ઉપર ન આવી જાય. મારી દૃષ્ટિમાં સુન્નિયતની વ્યાખ્યા જ ખાનક઼ાહિયત છે. સુન્ની તે જ છે જે ખાનક઼ાહથી જોડાયેલો હોય અથવા કમ સે કમ કોઈ ખાનક઼ાહથી અક઼ીદત ધરાવતો હોય. ખાનક઼ાહોનો વિરોધી બીજો કોઈ તો હોય શકે છે, સુન્ની નથી હોઈ શક્તો ! ખાનક઼ાહોમાં જો ઈત્તેહાદ થઈ જાય તો એહલે સુન્નત મુત્તહિદ (એકમત) થઈ જાય. ખાનક઼ાહોનો ઈત્તેહાદ (એક થવું) ઓલમાના ઈત્તેહાદ કરતાં આસાન તથા સરળ પણ છે કેમ કે ઓલમા તો ઘણી સંખ્યામાં છે, તમે કોની કોની પાસે જશો, તેમના કરતાં ખાનક઼ાહો ઓછી છે. આ રીતે જો ખાનક઼ાહોમાં એકમતિ થઈ જાય તો તેના વાસ્તાથી (આધારથી) ઓલમામાં પણ ઈત્તેહાદ તથા એકમતિ પેદા થઈ જશે. કેમ કે તમામ એહલે સુન્નતના આલિમો કોઈ ન કોઈ ખાનક઼ાહથી જોડાયેલા છે. જે દિવસે તમામ ખાનક઼ાહોમાં ઈત્તેહાદ થઈ જશે તે

દિવસે આખી જમાઅતે એહલે સુન્નત મુત્તહિદ થઈ જશે તથા જમાઅતનું દરેક કામ સારી રીતે અંજામ પામશે. જ્યાં સુધારણા તથા ઈસ્લાહની જરૂરત પડશે ત્યાં ઈસ્લાહ પણ થશે અને તેમાં કોઈ પ્રકારનો વિખવાદ પણ નહીં થાય અને જ્યાં સુધી ખાનક઼ાહો એક બીજાથી દૂર રહેશે તો એહલે સુન્નતના અંદર વિખવાદ ક઼ાયમ રહેશે.

અમે ''ઓલ ઈન્ડિયા ઓલમા વ મશાઈખ બોર્ડ''ના વિશે આ સ્પષ્ટતા કરી દઈએ છીએ કે આ તમામ ખાનક઼ાહો તથા પીરોનું બોર્ડ છે, તેની આગેવાની તથા નેતૃત્વ તેમને જ કરવાનું છે. એ એક અલગ વાત છે કે અમે અત્યાર સુધી તમામ ખાનક઼ાહો તથા તમામ મશાઈખ સુધી નથી પહોંચી શક્યા. પરંતુ અમારે આ કામ કરવું છે, દરેક પાસે પહોંચવું છે અને દરેકને આમંત્રણ આપવું છે.

ઓર્ગેનાઈઝેશનની કાર્ય પધ્ધતિ વિશે અમે કોઈ પ્લાન નથી બનાવ્યો કે પહેલાં તેનું રચનાત્મક સ્વરૂપ સંપૂર્ણ થઈ જાય ત્યાર બાદ કાયદેસર રીતે કામ શરૂ કરીએ. તેના બદલામાં અમે એ કર્યું કે બંને કામ એક સાથે શરૂ કરી આપ્યાં, કાર્ય પધ્ધતિ સંબંધે પણ કામ ચાલી રહ્યું છે, સભ્યો બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે તથા કામ પણ થઈ રહ્યું છે. તેનો એ ફાયદો થશે કે ઓર્ગેનાઈઝેશનમાં તે જ લોકોને સ્થાન મળશે જેઓ કામ કરનારા હશે. જ્યાં સુધી ખાનક઼ાહોની વાત છે તો દરેક ખાનક઼ાહ આ સંસ્થાની સરપરસ્ત તથા જિમ્મેદાર છે, તેમના આદેશ મુજબ આ ઓર્ગેનાઈઝેશન કામ કરશે.

જ્યાં સુધી આ (ઈત્તેહાદના) માર્ગની મુશ્કેલીઓની વાત છે તો અમારી સામે સૌથી મોટી મુશ્કેલી એ દેખાય છે કે લોકોમાં અવિશ્વાસ છે. ઓલમાની અંદર પણ તથા પીરોમાં પણ (અવિશ્વસનિયતા) છે. વધુ પડતુ એમ બન્યું છે કે અમારા બુઝુર્ગોએ કહ્યું કે, ''તમારી સાથે અમારી દુઆઓ છે.'' મેં અર્ઝ કરી કે હઝરત ! ફક્ત દુઆઓથી તો કોઈ ઓર્ગેનાઈઝેશન (સંસ્થા) નથી ચાલતી ! જ્યારે અમલી રીતે તેમાં ભાગ લેશો ત્યારે જ દુઆઓનો અસર થશે. દુઆનો મતલબ એ તો નથી કે તમે હાથ બાંધીને બેસી જાવ. તો પછી તમે મંદ વિશ્વાસની સાથે આવું કેમ કહી રહ્યા છો જેમાં વિશ્વાસ તથા યક઼ીનની ગંધ પણ નથી જોવા મળતી ? તો લગભગ એક જવાબ મને દરેક જગ્યાએથી મળ્યો કે આપણી જમાઅતમાં સંસ્થાઓ તથા ચળવળોની સ્થાપ્ના તો ઘણા જાર શોરની સાથે થાય છે, અને પાછળથી નિષ્ફળ થઈ જાય છે તથા જોશો ઉમંગનો સિલસિલો બાકી નથી રહેતો. મેં અર્ઝ કરી કે અમે અસલમાં પહેલાથી હોદ્દાઓની નિયુક્ત નથી કરી બલ્કે અમે જિમ્મેદાર માણસોની શોધ કરી રહ્યા છીએ અને જે કામ માટે યોગ્ય દેખાય છે તેને અમે સામેલ કરી લઈએ છીએ તેના માટે અમે એ તરીક઼ો અપનાવ્યો છે કે અમારે દરેક રાજ્યની કમિશ્નરીઓમાં સુન્ની કોન્ફરન્સ આયોજીત કરવી છે તેનાથી એક તો સુન્નીઓનો ઈજતેમા તથા બહુમતિ સાબિત થઈ જશે, વહાબીઓની તુલનામાં તેમની મોટી સંખ્યા સામે આવશે તથા એક મોટુ કામ એ થશે કે અમને તે ઈલાકામાંથી કામના લોકો પણ મળી આવશે, અને આવું અમે કરી પણ રહ્યા છીએ.

**સવાલ :** શું તમને નથી લાગતુ કે આજે પણ આપણી સંસ્થાઓ લેટર પેડ, સાઈન બોર્ડ તથા ગણતરીના એક બે જલ્સાઓથી આગળ નથી વધવા પામતી ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ :** મારી દૃષ્ટિએ તન્ઝીમો તથા સંસ્થાઓના અસફળ થવાનાં કેટલાય કારણો છે. તેનું સૌથી મોટુ કારણ એ છે કે આપણી તન્ઝીમો તથા સંસ્થાઓ આયોજનપૂર્વક નથી સ્થાપવામાં આવતી, ઉતાવળમાં હોદ્દાઓની વહેંચણી કરી દેવામાં આવે છે તથા લોકો સન્માનમાં હોદ્દાઓ સ્વીકારી પણ લે છે. આવી સ્થિતિમાં આમ થઈ શકે છે કે તેમના અંદર અપેક્ષા મુજબ કામ કરવાની ક્ષમતા ન હોય અથવા ક્ષમતા તો હોય પરંતુ તેમની પાસે ઈચ્છનીય કામ માટેના આધારો ન હોય અથવા એ પણ બની શકે છે કે ક્ષમતા પણ ધરાવે છે, આધારો પણ ઉપસ્થિત છે પરંતુ સ્વભાવ તથા તબીઅતમાં આરામ પસંદી તથા આળસપણુ છે, જોશ તથા ઉમંગ નથી, આવી સ્થિતિમાં સંસ્થા તથા

તન્ઝીમનું અસફળ થવું સ્વભાવિક છે. અમે એ પધ્ધતિ અપનાવી છે કે જેને અમલી રીતે સક્રિય (Active) પામીએ છીએ, તેને જ હોદ્દો આપીએ છીએ. સુન્ની કોન્ફરન્સ કરીને અમે કામના લોકોને સામે લાવવાની પણ કોશિશ કરી રહ્યા છીએ તથા મેં નિશ્ચય કર્યો છે કે ત્યાં સુધી જમાઅતના લોકોને દા'વત આપતો રહીશ જ્યાં સુધી કે તેઓ રાજી ન થઈ જાય. મને કોઈનાથી કોઈ પણ પ્રકારની શિકાયત નથી, જો તેઓ એકવાર બોલાવવા ઉપર નહીં આવે, બીજી વાર બોલાવવા ઉપર નહીં આવે, ત્યાં સુધી બોલાવતો રહીશ જ્યાં સુધી તેઓ નહીં આવે ! મને કોઈ શિકાયત નથી કેમ કે હું જાણું છું કે આપણી જમાઅત નુમાઈંદાઓ (પ્રતિનિધિઓ, રેહબરો) તરફ શંકાની નજરથી જોઈ રહી છે. તેમાં પ્રતિનિધિઓ તરફથી શંકાઓ તથા વાંધાઓ ખૂબ જ પૈદા થઈ ચૂક્યા છે. જિમ્મેદારોથી લોકો માયૂસ તથા નિરાશ થઈ ગયા છે. એટલા માટે મારે તેમને ભરોસામાં લેવા માટે પોતાની તરફથી દરેક શક્ય કુર્બાનીઓ આપવી પડશે.

**સવાલ** : શું આપની દષ્ટિએ કૌમી સમસ્યાઓના ઉકેલ માટે અલગ અલગ ફિર્કાના લોકો સાથે મળીને કામ કરવાનો કોઈ પહેલુ (રીત, પધ્ધતિ) અમલને પાત્ર છે ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : દુન્યવી કામોમાં મુસલમાનોના ફાયદા માટે કોઈ કામ કરવું હોય તો તેના માટે કોઈની સાથે પણ મળીને કામ કરી શકાય છે, પોતાની ઓળખની સાથે કોઈની સાથે પણ બેસી શકાય છે. પરંતુ આ સ્થિતિમાં કોઈની કયાદત (આગેવાની, નેતૃત્વ) સ્વીકાર કરવામાં નહીં આવે. આ શર્તની સાથે કૌમી મસાઈલમાં આમ મુસલમાનોના લાભાર્થે શિર્કત માટે અમે તૈયાર છીએ.

**સવાલ** : આપની દષ્ટિએ એહલે સુન્નત વ જમાઅતનો સૌથી મોટો મસ્અલો (મુદ્દો) શું છે જેની તરફ સૌથી વધુ ધ્યાન આપવાની જરૂરત છે ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : એહલે સુન્નત વ જમાઅતની સૌથી મોટી સમસ્યા એ છે કે આપણી જમાઅત કયાદત તથા નેતૃત્વથી વંચિત છે. આ આપણી સૌથી મોટી કમજોરી છે નેતૃત્વના નામે આપણી પાસે કશું જ નથી. આપણે ઘણાયે નાના નાના ગૃપોમાં વહેંચાય ગયા છીએ, જે જગ્યા તથા મુદ્દો કોઈ પણ સંજોગોમાં ઈખ્તિલાફ તથા વિખવાદના પાત્ર ન હતો પણ આપણે ત્યાં પણ વિખવાદ ઉભો કરી દીધો છે. આપણે પોતાની ઈચ્છા તથા પસંદ મુજબ જમાઅતને ચલાવવા માંગીએ છીએ, જમાઅતની જરૂરત તથા આવશ્યક્તાના હેતુથી કોઈ પણ પગલું નથી ભરી રહ્યા. આ વિષયમાં સૌથી પ્રથમ એ છે કે આવા (લોભી) તત્વો ઉપર રોક લગાડવામાં આવે જેઓ પોતાની ઈચ્છા તથા મરજી મુજબ જમાઅતને દોરવાની કોશિશ કરી રહ્યા છે, અને તે ત્યારે જ શક્ય બનશે જ્યારે એહલે સુન્નત વ જમાઅતમાં અવામી જાગૃતિ પેદા થશે. પોતાની ઈચ્છા તથા પોતાના લાભાર્થે જ્યાં સુધી લોકો એહલે સુન્નત વ જમાઅતને ચલાવતા રહેશે તો તેમાં વિખવાદ તથા વ્યાકૂળતા પહેલાની જેમ બાકી રહેશે.

આમ તો આ વિષયે હું નાઉમ્મીદ તથા નિરાશ નથી. હું જોઈ રહ્યો છું કે જમાઅતના કેટલાયે લોકો તથા સંસ્થાઓ પોત પોતાની રીતે કામમાં કાર્યરત છે, આ એક ખુશીની વાત છે. ભવિષ્યમાં તેનું સકારાત્મક પરિણામ એ થશે કે જ્યારે અલગ અલગ મેદાનોમાં કામ કરનારા પ્રત્યક્ષ માણસો ઉભરીને સામે આવશે તે સમયે તેમનો એક બીજા સાથે મેળ બેસાડવો આસાન તથા સરળ થઈ જશે, અને ત્યાર બાદ જ નેતૃત્વની કાર્યસૂચી સુંદર રીતે તૈયાર થઈ જશે.

**સવાલ** : જમાઅતમાં ઈત્તેહાદ તથા નેતૃત્વની સમસ્યાનો ઉકેલ કઈ રીતે આવી શકે છે ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : વાત હકીકતમાં એ છે કે આજે એ વાતે ઝઘડો નથી કે લીડર તથા રહેનુમાં કોણ છે ? અને આ ઝઘડો થાય પણ કઈ રીતે ? આ પ્રશ્નો ત્યારે થાય જ્યારે કયાદત તથા નેતૃત્વ કરનારી અમુક વ્યક્તિઓ મેદાનમાં ઉપસ્થિત હોય. અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ ભૂતકાળમાં જમાઅતના સાચા કાઈદ તથા નેતૃત્વ

ધરાવનાર હતા, પરંતુ તેમણે ક઼ાઈદ તથા આગેવાન બનવા માટે કોઈની સમક્ષ રજૂઆત તથા અપીલ નથી કરી, કામ કર્યું તો જમાઅતે તેમને ક઼ાઈદ તથા રહનુમા તરીકે સ્વીકારી લીધા. કામ જ કોઈને ક઼ાઈદ તથા આગેવાન બનાવે છે. આજે કેટલાયે લોકો કામ કરવાની હિંમત કરી રહ્યા છે, જ્યારે આવા લોકો નિશ્ચિત રૂપે કોઈ કામ કરી લેશે તો તેમને ક઼ાઈદ તથા રહનુમા તરીકે સ્વીકારી લેવામાં આવશે. અમારી દષ્ટિએ પહેલાથી જ કે ક઼ાઈદ કોણ છે ? આ મુદ્દે વાતચીત કરવી બેકાર છે, કામ કર્યા પહેલાં કોઈ પોતાની રીતે ઘડેલો ક઼ાઈદ તથા રહનુમા તો બની શકે છે, પરંતુ સાચા અર્થમાં કોઈ પણ કામ કર્યા વિના ક઼ાઈદ તથા નેતૃત્વ ધરાવનાર નથી થઈ શક્તો.

અહિંયા હું ફરીવાર અરજ કરીશ કે આ વિષયમાં હું નિરાશ નથી. આપણી જમાઅતમાં અસંખ્ય લોકો કામના છે, તથા દરેક અલગ અલગ મેદાનમાં કામ પણ કરી રહ્યા છે. આપણો રવય્યો તથા વર્તાવ એ હોવો જોઈએ કે જે વ્યક્તિ જે પણ મેદાનમાં કામ કરી રહ્યા છે તેની દરેક શક્ય રીતે સહાય કરવામાં આવે તથા તેની ભરપૂર હોસલા અફઝાઈ કરવામાં આવે. જેનુ પરિણામ એ થશે કે અલગ અલગ મેદાનોના કાર્યકર્તા મર્દો તૈયાર થશે, અને પછી જ્યારે તેઓ એક મળીને બેસશે તો તેમનામાંથી કોઈ એકને ક઼ાઈદ તથા રહનુમા નિયુક્ત કરી લેવામાં આવશે.

**સવાલ** : રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉમ્મતે મુસ્લેમાના નેતૃત્વ અંગે આપના શું વિચારો છે ?

**સૈયદ મુહમ્મદ અશરફ સાહબ** : આંતરરાષ્ટ્રીય તથા વૈશ્વિક ક્ષેત્રે નેતૃત્વની એ જ સ્થિતિ છે જે રાષ્ટ્રીય ક્ષેત્રે છે. વિવિધ દેશોમાં વિવિધ સંસ્થાઓ છે જે પોત પોતાની રીતે કામ કરી રહી છે, પરંતુ ત્યાં પણ આ જ સમસ્યા છે કે તેમનામાંથી કોઈ સંસ્થા પણ લોકપ્રિય ન થઈ શકી. બીજી વાત એ છે કે આ તન્ઝીમો તથા સંસ્થાઓ એક બીજા સાથે સંબંધ રાખવા પ્રત્યે અધિક ધ્યાન નથી આપી રહી, જેથી સામૂહિક્તાનું સ્વરૂપ બને. હિંદુસ્તાન, પાકિસ્તાન, બાંગલાદેશ, યૂરોપ તથા અમેરિકા દરેક દેશોમાં સંસ્થાઓ છે, પરંતુ વૈશ્વિક ક્ષેત્રે નેતૃત્વના મુદ્દે આ સંસ્થાઓનો એક બીજા સાથે સંબંધ જરૂરી છે. ભારતમાં પણ અલગ અલગ કામો થઈ રહ્યાં છે, ''જામે અશરફ''થી અલગ થઈ રહ્યું છે, અલ્ જામિઅતુલ્ અશરફિયા પોતાનું કામ કરી રહ્યું છે, બરૈલીથી અલગ કામ થાય છે, બદાયૂંથી પોતાની રીતે કામ થઈ રહ્યું છે, મારેહરાના લોકો પણ વિશેષ કામ કરી રહ્યા છે, પરંતુ બધાનું સંકલન નથી થઈ રહ્યું જેના કારણે સામૂહિક સંકલ્પોનું બંધારણ નથી થઈ શક્તું. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આ જ સ્થિતિ છે, પરંતુ આ પરિસ્થિતિ ઈન્શાઅલ્લાહ જરૂર બદલશે કેમ કે પહેલાંતો કામ જ ન થતું હતું, હવે ચારેવ બાજુ જાગૃક્તા આવી છે. જ્યારે વ્યક્તિગત કામોનો પ્રારંભ તો થઈ ચૂક્યો છે તો અલ્લાહ ચાહશે તો ઘણી જલ્દીથી સામૂહિક કામોનો પણ પ્રારંભ થઈ જશે. *(જામે નૂર, એપ્રિલ–૨૦૧૦)*

**એક જરૂરી ચેતવણી !**

આજે સુન્ની અવામને છેતરવા માટે પોતાને **'સુન્ની'** દર્શાવીને તથા ક્યાંક **'અહલે સુન્નત વ જમાઅતનું તર્જુમાન !'** એવા હેડીંગ સાથે અથવા હેડીંગ વિના પણ કેટલાંક વહાબી, દેવબંદી તથા મૌદૂદી ફિર્ક઼ાના માસિકો જેમ કે, ''દારુલ ઉલૂમ'' માસિક (કંથારીયા), ''બયાને મુસ્તફા'' માસિક (અક્કલકૂવા), ''ઉમ્મીદ'' (સૂરત), ''અંજુમન વોઈસ'' (ભરૂચ), ''યંગ વહોરા બુલેટીન'' (સૂરત), ''અલ બલાગ'' (જંબુસર).....વગેરે બહાર પડે છે. તો આ સુન્નીઓનાં માસિકો નથી. તથા ''સ્ટાર પબ્લિકેશન'' ભરૂચ એ પણ 'સુન્ની' નથી. તથા અમુક શરીઅત છોડીને તરીક઼તવાળા બનતા તથા ક્યાંક **''તા'ઝીમી સિજદો જાઇઝ''** કહેનારા, ઉલમાથી દૂર રહેવાનું કહેનારા જાહિલ બાબાઓની કિતાબો વાંચતા પહેલાં તેહક઼ીક કરી લેવી જેથી ગુમરાહીથી બચી શકાય.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દેશની શાંતિના જોખમે
# તસ્લીમા નસરીનને
# હિંદમાં શરણ શા માટે ?!

રજૂ. મૌલાના ગુલામ દસ્ગતીર મિસ્બાહી દયાદરવી

કંદોઈની દુકાને એક મોટા કઢીયામાં દૂધ ઉકળી રહ્યું છે અને એની નજીક જ બે શખ્સો તાજી તાજી બનેલી જલેબી ખાઈ રહ્યા છે. શૈતાનને આ ખૂબ સૂરત દશ્ય સારું ન લાગ્યું. તેણે પોતાની ફિત્નાઅંગેઝ તબીઅતનું પ્રદર્શન કરતાં દૂધના કઢીયાની પાસેની દિવાલ પર થોડોક સરખો શીરો ચોંટાડી આપ્યો અને પોતે થોડેક દૂર જઈને તમાશો જોવા લાગ્યો. શીરો ચોંટાડતાં જ તેના પર એક માખી આવીને બેઠી. પછી એ માખીને જોતાં જ એક સબકલીએ તેના પર હુમ્લો કર્યો. અને હજી સબકલીએ એ માખીનુ કામ તમામ કર્યું ન હતું કે એટલામાં પાસે બેઠેલી બિલાડીએ તેના પર હુમ્લો કર્યો. બિલાડી ત્યાંથી ખસે તે પહેલાં દૂધના કઢીયાથી થોડે દૂર બેઠેલ કૂતરાએ બિલાડીને જોતાં તેના મોંમાં પાણી આવ્યું અને તેણે જોરથી છલાંગ બિલાડી પર લગાડી. બિલાડી તો કૂતરાના હાથ શું લાગે પણ કૂતરાની છલાંગથી ઉકળતા દૂધનું કઢીયુ પેલા બે જલેબી ખાનારાઓ પર પડયું અને તે બંને બિચારા દાઝી મર્યા. આ બધું દૂરથી જોઈ રહેલા શૈતાને જોયું અને મનમાં ખંધુ મલકાયો પછી કહેવા લાગ્યો કે ‘‘એમાં મારો શો વાંક છે ? મેં તો કેવળ શીરો જ દિવાલે લગાડયો હતો ?!’’ કાંઈક આવું જ બયાન હાલમાં તસ્લીમા નસ્રીન આપતી ફરે છે કે, ‘‘કર્ણાટકના તોફાનોની જવાબદાર હું નથી. મેં કોઈ કન્નડ ભાષી વર્તમાન પત્રને લેખ નથી લખીને આપ્યો.’’

## તસ્લીમાની ફિત્નાઅંગેઝીનાં નુકસાનો

આવુ પ્રથમ વાર નથી બન્યું કે તસ્લીમા નસરીનની ફિત્ના અંગેઝીએ હાહાકાર મચાવ્યો હોય. અગાઉ પણ આ શયતાનની ખાલા પોતાની શૈતાની હરકતોથી વાદવિવાદ અને ફસાદનાં વમળો ઉભાં કરતી રહી છે જેના કારણે હિંદુસ્તાનના કેટલાયે શહેરોમાં અસંખ્ય લોકોએ પોતાના જાન ગુમાવ્યા અને કરોડોની સંપત્તિ બરબાદ થઈ. એને ફિત્ના ફેલાવવાના ઘેલછા લાગેલી છે જેના લીધે એ ફિત્નાખોરોની વ્હાલી બની જાય છે. હાલમાં જ કર્ણાટકના શમોગા તથા હાસન જેવા શાંતિપ્રિય શહેરોમાં કાંઈક આવું બન્યું જેના કારણે આખા રાજયમાં કૌમી રમખાણનું વાતાવરણ સર્જાઈ ગયું અને બે વ્યક્તિ મૃત્યુ પામી તથા કેટલાયે ઝખ્મી થઈ ગયા તદ્ઉપરાંત લાખોની મિલ્કત તારાજ થઈ. પરંતુ તસ્લીમા નસરીન સરકારના પીઠબળ થી કોઈ ગુપ્ત સ્થળે બેસી વારંવાર બયાનો આપી રહી છે કે મેં તો એવું કાંઈ નથી લખ્યું જેના પર આટલો હંગામો થાય અને લોકો એક બીજાની ગર્દનો મારવા લાગે. તસ્લીમા નસરીને પોતાનું કેરિયર આ જ ફિત્ના અંગેઝીથી બનાવ્યું છે. હમણા એ હિંદુસ્તાનમાં છે અને પોતાના અસ્તિત્વનો આભાસ કરાવવા એક ફિત્નો પણ ઉભો કરી દીધો છે.

## તસ્લીમાની ઝહરીલી બકવાસ

બન્યુ એ કે કન્નડ ભાષામાં પ્રકાશિત થતા સમાચાર પત્ર ''કન્નડ પ્રભા''ના સન ડે એડિશનમાં ''પર્દા હૈ પર્દા''ના શિર્ષકથી તસ્લીમા નસરીનનો એક વિવાદાસ્પદ લેખ પ્રકાશિત થયો. આ દૈનિકે જે લેખનો અનુવાદ રજૂ કર્યો તે અસલમાં ૨૦૦૭માં અંગ્રેજી દૈનિક ‘આઉટ લુક’માં ''આવો ! બુર્ખાને સળગાવીએ !'' (**Let us burn burqa**) એ હેડીંગ સાથે પ્રસિધ્ધ થયો હતો. તેના વિરૂધ્ધ તે સમયે મુંબઈના મુસલમાનોએ ખૂબ વિરોધ કર્યો હતો. આ વિરોધની આગ ‘આઉટલુક’ મેગેઝિનની મુંબઈ ઓફીસ સુધી પહોંચી હતી. તસ્લીમા નસ્રીને એ લેખની શરૂઆત જ એ રીતે કરી હતી કે, ''જયારે હું સમજણી થઈ તો મારી માએ એક કાળો બુર્ખો મને ઓઢવા માટે આપ્યો. મેં એ બુર્ખાનાં ચિથડાં કરીને મારી માને પાછાં આપ્યાં અને પછી મારી માના બુર્ખાને તેની સર્વ બીમારીઓ તથા નજરની કમજોરીનો સબબ બતાવ્યો.'' જેમાં કેવળ પર્દાની મઝાક જ નથી ઉડાવવામાં આવી, બલ્કે હઝરતે ખદીજા અને અન્ય ઉમ્મહાતુલ મુઅમિનીન વિશે ઘણી જ ગુસ્તાખી ભરી વાતો લખવામાં આવી છે, એ પણ લખવામાં આવ્યું છે કે ખૂદ રસૂલે અકરમ ﷺ પર્દાના વિરૂધ્ધ હતા. જો વૈચારિક સ્તરે કોઈ ઈખ્તેલાફી વાત હોય તો તેનો આટલો સખત વિરોધ ન થતો પરંતુ ઉમ્મહાતુલ મોઅમિનીનની શાનમાં જે વાતો લખવામાં આવી છે તેને લઈ

મુસલમાનોમાં આક્રોશ ઉભો થવો સ્વભાવિક વાત છે. એક તો એ જ કે એ હમણા હિંદુસ્તાનમાં છે અને હુકૂમતે તેની વિઝામાં છ મહિના વધારી દીધા છે અને આ વાતની સાથે તેની ફિત્નાઅંગેઝી શરૂ થઈ ગઈ છે. આવા સંજોગોમાં સખત વિરોધ પ્રદર્શન થયું અને પહેલા શમોગા પછી હાસનમાં હંગામો થયો.

## તસ્લીમાના ચાહકો કોણ ?!

એ પહેલાં નવેમ્બર ૨૦૦૭માં પણ તેણે આવું કર્યું હતું જેના કારણે આખા કલકત્તામાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યાં જે પછી તે પોલીસ મુસ્લિમ ટકરાવમાં બદલાઈ ગયાં. તે પહેલાં ઓગષ્ટમાં હૈદરાબાદમાં એક પ્રેસ કલબમાં પણ તેણે આવી જ ફિત્નાઅંગેઝી કરી હતી જેનાથી હૈદરાબાદમાં વાતાવરણ ગંભીર થઈ ગયું હતું. કલકત્તાની ઘટના બાદ બંગાલ હુકૂમતે પણ તેના કલકત્તા આગમન પર પ્રતિબંધ મૂકી દીધો હતો અને તેની ફિત્નાઅંગેઝીના કારણે કેન્દ્ર સરકારે પણ દેશ છોડવા કહ્યું હતું, પરંતુ આટલુ હોવા છતાં પણ જે લોકો એમ. એફ. હુસૈનના હિંદુસ્તાન આવવાનો વિરોધ કરતા રહ્યા છે અથવા જેઓ પોતાને ખૂબ ઉદાર દિલ કહી રહ્યા છે સૌ તસ્લીમા નસરીનને હિંદુસ્તાનની કાયદેસર નાગરિક્તા આપવાની તરફદારી કરી રહ્યા છે, કારણ કે એમના અનુસાર જો તેના વિચારો અમુક લોકોની માન્યતાઓ વિરૂધ્ધ છે તો એનો અર્થ એ નથી કે દેશ પણ તેની સાથે એવું વર્તન કરે, અને એ જ કારણે મુસલમાનોના જઝબાતને જાણવા છતાં સરકારી સ્તરે હમેશાં અયોગ્ય વલણ અખ્તયાર કરવામાં આવ્યું છે, તેણીની વિઝા સતત વધારવામાં આવતી રહી અને હાલ ફરીથી છ મહિનાની વિઝા વધારી દેવામાં આવી. પહેલાંની જેમ હમણા પણ તે જ બધું થયું જે અત્યાર સુધી થતુ રહ્યું તો પણ તસ્લીમા નસરીનનું કહેવું છે કે તેના લેખને તોડી મરોડીને પ્રકાશિત કરવામાં આવ્યો છે અને તેણે પોતે આ લેખ નથી આપ્યો, એ સમાચાર પત્રએ બીજે ક્યાંકથી લઈને પ્રકાશિત કરી દીધો છે માટે તેની જવાબદારી મારા પર નથી આવતી. હવે સવાલ એ છે કે તેના આવતા જ દેશમાં આ બધું કેમ શરૂ થઈ જાય છે ? શું આવુ કરી પોતાને ઉદાર દિલ કહેવાવાળાઓનું પ્રોત્સાહન પ્રાપ્ત કરી તેણી હિંદુસ્તાનમાં પોતાને રહેવા માટે રસ્તા બનાવી રહી છે ? આ 'બદબખ્ત નારી' નારીને ઈ.સ. ૧૯૯૪માં બંગ્લાદેશથી એટલા માટે ભાગવું પડયું હતું કે તેણીએ 'લજ્જા' નામની નોવેલમાં ઈસ્લામ તથા મુસ્લિમો તેમજ કુર્આન વિરૂધ્ધ લખાણો લખી માર્યા જેનાથી બંગ્લાદેશમાં તેનો જાન જોખમમાં મૂકાઈ ગયો. આવી ખતરનાક નારીને આપણી ઉદાર ગવર્નમેન્ટે આશરો આપ્યો છે તે પણ હિંદની પ્રજાના જાન માલના અવારનવાર થતા નુકસાનના ભોગે ! એ કેટલી અફસોસજનક તથા આશ્ચર્યમય વાત છે. હિંદની સર્વ શાંતિપ્રિય પબ્લિકે આવી વિવાદાસ્પદ વ્યક્તિને દેશમાંથી વિદાય કરવા સંબંધે કેન્દ્રિય ગવર્નમેન્ટને ટેલીગ્રામ કરવા જોઈએ કે, **"For security of Indian people & to avoid more conflicts between them please exile Taslima Nasrin of Banghladesh from India."**

## મિડીયાનો બેવડો રોલ

સંજોગોને બગાડવામાં હમેશાં મિડીયાનો હાથ રહે છે, આ વેળા પણ આવું જ બન્યું. વળી મિડિયા થકી એ હોબાળો મચાવવામાં આવે છે કે કોઈના વિચાર પર આટલી સખત પ્રતિક્રિયા વ્યક્ત કરવાની શી જરૂર છે અને મુસ્લિમોમાં સહનશિલતાની ઉણપ છે એટલે જ મુસ્લિમો આવા હંગામા કરતા હોય છે, પરંતુ ન તો કોઈ એ શૈતાનની ખાલાને કાંઈ કહેવા તૈયાર છે કે બીજાઓની લાગણી દુભાવે એવા લખાણો શું કામ લખે છે ? ન કોઈ એ સમાચાર પત્ર વિરૂધ્ધ અવાજ ઉઠાવે છે જેણે આવા વિવાદાસ્પદ લેખને પ્રકાશિત કરી તદ્દન ઈદે મીલાદુન્નબી ﷺના મુબારક પ્રસંગે માહોલને બગાડવાની કોશિશ કરી. સમાચાર પત્રનો તંત્રી કહે છે કે હમણા વોટ લિસ્ટમાં મુસ્લિમ ઔરતોની તસ્વીરો પ્રકાશિત ન કરવાનો ચુકાદો સુપ્રિમ કોર્ટમાં રજૂ થયેલ છે. એટલા માટે આ લેખ પ્રકાશિત કરવામાં આવ્યો જેથી લોકો સમજી શકે કે ઈસ્લામમાં પર્દાનુ કોઈ મહત્વ નથી. એડિટરના આ કથનથી પુરવાર થાય છે કે એનો હેતુ માત્ર મુસ્લિમોની લાગણી દુભાવવાનો હતો. એડિટરે આ બધુ જાણી બુઝીને એટલા માટે જ કર્યું હતું કે મુસ્લિમોમાં અશાંતિ પ્રસરી જાય અને વાતાવરણ ગંભીર બની જાય. જેથી મુસ્લિમોએ જોઈએ કે ઉશ્કેરાટથી બચી સંયમ જાળવી અહિંસક માર્ગે યોગ્ય કાનૂની રાહે ગવર્નમેન્ટ સામે આવી દરેક બાબતોની રજૂઆતો કરી સમસ્યા સુલઝાવવા પ્રયત્નો કરે જેથી શૈતાની મિડીયાનો નાપાક હેતુ સિધ્ધ ન થાય.

# અહલે સુન્નતમાં વિભાજન તથા અધોગતિના સબબો અને તેનું નિવારણ

અઝ : ડૉ. શુજાઉદ્દીન ફારૂકી

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(હપ્તો : ૨)

મોહતરમ શ્રોતાઓ ! હવે ચિંતન તથા વિચારણાનો મક઼ામ એ છે કે આ વિભાજન તથા અધોગતિના સબબો શું છે અને એનું નિવારણ શું છે ? આ ખયાલ તથા આ સવાલ આપણામાંથી દરેકના દિમાગમાં આવે છે. કેટલાક લોકો સબબોનું વિશ્લેષણ પણ કરે છે અને તેના નિવારણના તૌર તરીક઼ા પણ વિચારે છે પરંતુ આપણી બહુમતિ આજે પણ ખ્વાબે ખરગોશમાં સપડાયેલ છે અને એ જ ભરમમાં છે કે આપણે "સવાદે આ'ઝમ" છીએ, આપણે બહુમતિમાં છીએ. મુસલમાનોની વિશાળ બહુમતિના અમલો તથા વર્તનો એ જ છે જે શરૂથી અહલે સુન્નતના વર્તનો તથા અમલો રહ્યા છે.

પરંતુ એ કેવળ ખુશફહમી છે, હકીકત નથી. તમો અમુક શહેરોમાં અમુક વિસ્તારોમાં બહુમતિમાં હોઈ શકો છો પરંતુ દરેક જગાએ નહીં. બલ્કે કડવુ સત્ય તો એ છે કે આપણા મર્કઝ બરેલીમાં શરૂથી જ તેઓનો (બદમઝહબોનો) એક મદ્રસો ચાલી રહ્યો છે અને શહેરના એક ઈલાકામાં એમનું જ વર્ચસ્વ છે, જ્યારે કે **દેવબંદ તો ઠીક તેની આસપાસના વિસ્તારોમાં પણ કોઈ મસ્જિદ તથા કોઈ ઈલાકો આપણા વર્ચસ્વ હેઠળ નથી !** દરેક શહેર અને દરેક ઈલાકામાં એઓ જ છવાયેલા અને સત્તા ચલાવતા જોવા મળે છે.

સમયનો સખત તકાઝો છે કે આપણે ઊંડાણપૂર્વક આ સંજોગોનું નિરીક્ષણ કરીએ અને સબબોને શોધીએ જેણે આપણને મગલૂબ તથા ઉતરતી કક્ષાના કરી આપ્યા છે અને આપણી બહુમતિને લઘુમતિમાં ફેરવી દીધી છે.

મારી દષ્ટિએ અહલે સુન્નતની નિષ્ફળતા અને ગૈરોની સફળતાના નીચે પ્રમાણે સબબો છે :–

**(૧)** તેમણે પોતાના અક઼ીદા તથા માન્યતાઓ અને મસ્લકના પ્રચાર પર જોર આપ્યું અને એ હેતુના માટે ઠેક ઠેકાણે શાનદાર તથા જાનદાર મદ્રસા સ્થાપીને પુરજોર મુબલ્લિગો (પ્રચારકો)ની ફોજ તૈયાર કરી. 'તબ્લીગી જમાઅત' બનાવીને પબ્લિકથી સંપર્ક જોડયો. તેમણે પોતાના કામ તથા મક઼સદ પર અધિક ધ્યાન આપ્યું. તેમનો અમલ પોઝિટિવ હતો જેની પોઝિટિવ અસર થઈ, તેઓ પ્રગતિ કરતા અને ફેલતા ચાલ્યા ગયા. એનાથી વિરૂધ્ધ આપણા ઉલમા કેવળ એમની રદમાં લાગેલા રહ્યા અને પબ્લિકને તેમનાથી નફરત કર્તા કરવાની કોશિશ કરતા રહ્યા. આ નકારાત્મક અમલી પદ્ધતિ હતી અને તેનું પરિણામ તથા અસર પણ નેગેટિવ થઈ. તેઓ અમલમાં લાગેલા રહ્યા અને આપણે રદ્દે અમલમાં. એની ઉલ્ટી અસર એ થઈ કે ઘણા લોકોએ એ કહેવાનું તથા વિચારવાનું શરૂ કરી આપ્યું કે, "અરે ભાઈ ! તેઓ બિચારા તો એમને કાંઈ નથી કહેતા પણ આ લોકો એમની પાછળ પડેલા રહે છે." સ્વભાવિક વાત એ છે કે અસર હમેશાં અમલની થાય છે, રદ્દે અમલની નહીં. એના પરિણામે તેઓ છવાતા જઈ રહ્યા છે અને આપણે પાછા પડતા જઈએ છીએ. પરંતુ તેમ છતાં પણ આપણે એ જ માર્ગે વહી રહ્યા છીએ ! આજે પણ આપણા મોટાભાગના ઉલમા એ જ તરીક઼ો અપનાવીને બેઠા છે.

યક઼ીન રાખશો ! શ્રેષ્ઠ રદ એ છે કે આપણા અક઼ીદા તથા ખયાલોને સુંદર તરીક઼ાથી પબ્લિકના દિમાગમાં દલીલો તથા હવાલાઓ સાથે જમાવી દેવામાં આવે અને તેમને આપણા અક઼ીદા પર મજબૂત કરી દેવામાં આવે. ગૈરોનો તથા વિરોધીઓનો વારંવાર ઉલ્લેખ અને તેમના અક઼ીદા તથા ખયાલોનું વર્ણન કરીને તેમનું રદ કરવું તેમને ઝિંદા રાખવા તથા મક઼બૂલ રાખવાનો ઝરીયો છે. બેહતરીન અને મનોવૈજ્ઞાનિક તરીક઼ો એ છે કે ગૈરોને એક તરફ રાખીને આપણી વાત મજબૂતીની સાથે, દલીલ તથા સાબિતીની સાથે પેશ કરો અને તેને પબ્લિકમાં

મક઼બૂલ બનાવો. એનાથી પબ્લિક આકર્ષાશે અને તે આપોઆપ સીધા માર્ગે આવશે.

**(૨)** તેઓ પબ્લિકને એ મનાવવામાં સફળ રહ્યા કે આ (અક઼ીદાનો) મતભેદ આલિમોની વચ્ચેનો છે જેમાં પબ્લિકે પડવું ન જોઈએ બલ્કે સૌને સન્માન પાત્ર સમજવા જોઈએ અને સર્વનું અનુસરણ કરવું જોઈએ. આપણે પબ્લિકને એ યક઼ીન અપાવવામાં નિષ્ફળ રહ્યા કે આ કેવળ આલિમો વચ્ચેનો મતભેદ નથી બલ્કે એમાં પાયાનો અક઼ીદાનો પ્રશ્ન છે, અને એ લોકો (વહાબીઓ) જે અક઼ીદા રજૂ કરી રહ્યા છે તે તદ્દન ગૈર ઈસ્લામી છે.

**(૩)** તેઓ પબ્લિકના એક મોટા તબક઼ાને એ યક઼ીન અપાવવામાં કામયાબ રહ્યા કે અહલે સુન્નતના ઉલમા, સૂફીયાને કિરામ તથા મુર્શિદો પીરી મુરીદી તથા નિયાઝ ફાતેહાના બહાને પોતાની રોટલીઓ શેકવામાં અને પોતાનાં ખિસ્સાં ભરવામાં લાગેલા રહે છે એટલે એમને એમના હાલ પર છોડી મૂકવા જોઈએ. આપણે એનો મુનાસિબ જવાબ આપવામાં નિષ્ફળ રહ્યા, અને જવાબ આપી પણ શું શક્તા હતા કેમ કે **આપણા સૌ તો નહીં પણ અમુક આલિમો, સૂફીઓ તથા પીરો પોતાની વાણી તથા વર્તન વડે એની સાબિતી પૂરી પાડી રહ્યા છે.** કડવુ કહેવા બદલ માફીની સાથે વિનંતિ કરું છું કે શું એ હક઼ીક઼ત નથી કે તેઓ (અમુક બનાવટી સૂફીઓ) પોતાની ખાનક઼ાહો, સજ્જાદગીઓ અને મક઼બરાઓની આડમાં મહંત જેમ બનીને બેસી ગયા છે અને ભોળીભાળી અવામ (પબ્લિક)ને બંને હાથો વડે લૂટી રહ્યા છે ?! પોતાનાં ઘરો ભરી રહ્યા છે અને દીન તથા મસ્લકને બદનામ કરી રહ્યા છે. શું તેમણે મુક઼દ્દસ ઉર્સોને મેળાઓ અને ખેલ તમાશાઓમાં તબદીલ નથી કરી આપ્યા ?! ઉર્સને કેટકેટલાયે દિવસો સુધી ચાલુ રાખવા તથા તેમાં મેળા તથા (ક઼બ્રોની બરાબર ઉપર દુકાનો તથા ભાડાં ખાતર મનોરંજન માટેના સાધનોનું) બજાર લગાડવાનુ જાઈઝ હોવું કઈ રીતે છે ? ઉર્સમાં વધુથી વધુ લોકોની શિર્કતને નિશ્ચિત બનાવવા માટે વિવિધ ટેકનિકો અપનાવવા પાછળ વધુમાં વધુ નઝરાણા પામવા સિવાય છેવટે શો હેતુ છે ? **સહીહ ઉર્સ તો બસ એ છે કે નિશ્ચિત તારીખે અક઼ીદતમંદો જમા થઈને ક઼ુર્આન ખ્વાની, નઅત ખ્વાની અને વઅઝ તથા નસીહત તથા ઈસાલે સવાબ કરે,** એ સિવાય જે કાંઈ થઈ રહ્યું છે તેનો મોટાભાગનો હિસ્સો શું જાઈઝ સિવાયનો નથી ?!

આપણે એ મજમાને જોઈને ખુશ થઈ શકીએ છીએ જે ઉર્સોમાં મૌજૂદ હોય છે પણ કેટલાક દિમાગવાળા તથા સમજદાર લોકો ત્યાંની પરિસ્થિતિ, બેપર્દા ઔરતોની ભીડ વગેરે જાઈને તેનાથી ધૃણા કરે છે અને જેમ જેમ ઈલ્મ તથા સમજ અને મંતવ્યની આઝાદી વધી રહી છે તેમ તેમ ધૃણા પણ વધી રહી છે. એવા સર્વ લોકોમાં કાચા જ્ઞાનવાળા એ બાજુનુ (બદમઝહબો તરફ) રુખ કરે છે અને પછી તેમના જ થઈને રહી જાય છે. છેવટે આ ખરાબીની તરફથી આપણે ક્યાં સુધી આંખો તથા મોં બંધ રાખીશું ? શું આપણી એ ફરજ નથી કે પબ્લિકને ઉર્સના સાચા તરીક઼ાથી માહિતગાર કરીએ ? ગલત રસમો વિરૂધ્ધ અવાજ ઉઠાવીએ અને એને બંધ કરાવવાની કોશિશ કરીએ ?!

**(૪)** તેમણે દેવબંદ, સહારનપુર તથા લખનૌ વગેરેમાં વિશ્વ કક્ષાના ઈલ્મી મર્કઝો અને મદરસા સ્થાપ્યા અને પોતાની અથાગ મહેનત અને જદ્દો જેહદ થકી દારુલ ઉલૂમ દેવબંદને વિશ્વભરમાં ખ્યાતનામ તથા મક઼બૂલિયત અપાવી દીધી. આજે ઈસ્લામી જગતમાંથી કોઈ પ્રતિનિધિમંડળ આવે છે તો તે દારુલ ઉલૂમ દેવબંદનુ જ રુખ કરે છે. આપણે એની ટક્કરનું એક પણ મર્કઝ સ્થાપવામાં નિષ્ફળ રહ્યા. હા ! આપણે દારુલ ઉલૂમ નામની તથા જામિઆ નામની નાની નાની દુકાનોની જરૂર સ્થાપ્ના કરી રાખી છે જે (મહદઅંશે) દીન તથા મસ્લકની ખિદમત તો નામ પૂરતી જ કરે છે પરંતુ કેટલાક લોકોના ફાયદા તથા ખિદમતનો ઝરીયો જરૂર છે. એમાં કેટલાક લોકો પોતાને સદર મુદર્રિસીન સાહબ, હઝરત ક઼િબ્લા મોહતમિમ સાહબ, મોહતરમ જનાબ નાઝિમે આ'લા સાહબ વગેરે કહેવડાવીને ખુશ થઈ રહ્યા છે અને નફસ પરવરી કરી રહ્યા છે. જેવો ઈખ્તેલાફ થયો, અને એ થવાનો જ હતો, તેવું જ એક નવું વેપાર કેન્દ્ર સ્થાપિત થઈ જાય છે ! એનું જ પરિણામ છે કે નાનાં નાનાં શહેરોમાં ચાર ચાર પાંચ પાંચ મદરસા (દારુલ ઉલૂમો) ચાલી રહ્યા છે પણ ફાયદાહિન ! હોવું તો એવું જોઈએ કે જિલ્લા કક્ષાએ એક દારુલ ઉલૂમ

હોય અને સૌ એનાથી જોડાયેલા હોય અને એની જ પ્રગતિના માટે કોશિશમાં લાગેલા હોય.

શું આપણે દારુલ ઉલૂમોની વધતી સંખ્યા પર અંકુશ નથી લગાડી શક્તા ? જરૂર લગાડી શકીએ છીએ જો આપણે નવા મદ્રસાના સ્થાપકોને નિરુત્સાહ કરીએ અને મોટા મદ્રસાઓને જ મજબૂત તથા સ્ટ્રોંગ કરવાની કોશિશમાં લાગેલા રહીએ. નાના નાના દારુલ ઉલૂમો કૌમી દૌલતને વેડફવાના સબબ છે, લાભહિન છે અને હવે તો આપણે ગૈર મુસ્લિમ કોમવાદીઓને પણ આંગળી ઉઠાવવાનો તથા બદનામ કરવાનો મોકો પૂરો પાડી રહ્યા છીએ.

**(૫)** તેમણે પબ્લિક સાથે સંપર્ક સાધ્યો, તેઓ ગૈરોને તથા દુશ્મનોને પોતાના બનાવવાની કળા જાણે છે અને આપણે આપણાને પણ ગૈર અને નફરત કરતો કરવામાં નિષ્ણાત સાબિત થઈ રહ્યા છીએ. જેવા કોઈકે કાંઈક સવાલો કર્યા, કાંઈ શંકા કુશંકાઓ પ્રદર્શિત કરી, જેવી સહેજ રેખા હટીને વાત કરી, બસ ! તેની ખૈર નથી ! તેને સંતુષ્ઠ કરવાની કે તેની શંકાઓને દૂર કરવાને બદલે તેનો સખ્ત ઘેરાવ શરૂ થઈ જાય છે ! તેના પર ફત્વા લાગુ કરી દેવામાં આવશે, તેને ગુમરાહ તથા બદ દીન ઠરાવીને પોતાનાથી અલગ કરી દેવાની અપીલ કરવામાં આવશે. અને આ સર્વ કાંઈ દીન તથા મસ્લકની હિમાયતના નામ પર કરવામાં આવે છે ! એ પણ ડરાવવામાં આવે છે કે તેનાથી મેલજોલ રાખવામાં ખૂદ આપણા ઈમાનને ખતરો છે !

એવા દરેક શખ્સને તેઓ ગળે લગાડવા તથા સંતુષ્ઠ કરવા અને પોતાની સાથે જોડવા માટે તૈયાર રહે છે, તો પછી ખલ્કે ખુદા એ તરફ નહીં વળે તો ક્યાં જશે ?

જરા વિચારો કે શું આ તરીકો સહીહ છે ? આપણા પ્યારા રસૂલ ﷺનો તરીકો તો એ હતો કે આપ આદમની ઔલાદમાંથી દરેક શખ્સના માટે ચિંતિત રહેતા હતા. કાફિરો તથા મુશ્રિકોને પણ સિરાતે મુસ્તકીમ પર લાવવા અને એક અલ્લાહનો માનનાર બનાવવા માટે કોશિશમાં રહેતા હતા. તેની સખતથી સખત વાત અને વાંધા તથા શંકાકુશંકાઓથી નારાજ થતા ન હતા બલ્કે તેને દરેક રીતે સંતુષ્ઠ કરવા અને તેની શંકાકુશંકાઓ દૂર કરવાની કોશિશ કરતા હતા. આ તરફ આપણી હાલત એ છે કે આપણે તે લોકોને જેઓ કોઈ ન કોઈ કક્ષાએ ઉમ્મતે મુહમ્મદ ﷺથી જોડાયેલા છે, ઈસ્લામની પાયાની વાતો પર ઈમાન રાખે છે તેમને તો બસ કાંઈક નાવાકેફિયતમાં તથા કાંઈક ભંભેરણીના સબબે ગુમરાહ થઈ ગયા છે, દિમાગની વક્રતાએ તેમને બીમાર કરી દીધા છે જેથી એમના પર અધિક ધ્યાન કરવાની જરૂરત છે. એમને સમજાવીને સીધી રાહ પર લાવવા આપણી પ્રથમ કક્ષાની ફરજ બને છે. શું આપણે આપણા ભોળા ભાઈઓને આમ જ ભટકવા દઈશું ? શું એમને વરૂનો શિકાર થવા દઈશું ? જો એવું કરીશું તો કાલે કયામતના દિવસે આપણા હાદી તથા રહનુમા, આપણા આકા તથા મૌલા ﷺને શું જવાબ આપીશું ? શું દીનની તબ્લીગ અને મસ્લકના માટે આપણે આવું નથી કરી શક્તા ?

**(૬)** આપણને હુકમ આપવામાં આવ્યો છે : يَسِّرُوا وَلَا تُعَسِّرُوا وَبَشِّرُوا وَلَا تُنَفِّرُوا "સરળતા પેદા કરો, મુશ્કેલ ન બનાવો, બશારત તથા ખુશખબરી આપો, નફરત તથા ડર ન અપાવો" પરંતુ આપણે સરળ તથા સીધી વાતોને પણ મુશ્કેલ અને ગુંચવણમય બનાવી દીધી છે. આપણે ખુશખબરી તથા બશારત ઓછી આપીએ છીએ અને ભયભીત અધિક કરીએ છીએ, આપણે અલ્લાહ રઉફુર્રહીમને અલ્લાહ કહહાર તથા જબ્બાર અધિક કહીએ છીએ. બેશક ! તે કહહાર તથા જબ્બાર પણ છે અને સરીઉલ હિસાબ પણ, પરંતુ તેનો રહમો કરમ અન્ય સર્વ સિફતો પર ભારી છે. તે રહમ તથા કરમ જ અધિક કરે છે જેથી આપણે સામાન્ય પબ્લિકને રહમ તથા કરમની બશારત અધિક આપવી જોઈએ.

આપણે શાખાકીય બાબતો પર અધિક જોર દઈએ છીએ અને ઓછા મહત્વની વાતો પર સમય તથા પૈસા અધિક ખર્ચ કરીએ છીએ. આમ લોકોને નફલો તથા મુસ્તહબોના આદી બનાવવાની કોશિશ કરીએ છીએ, જ્યારે કે વર્તમાન ભૌતિક્તા તથા ભાગદોડની શહેરી જિંદગી એનો તકાઝો કરે છે કે કેવળ મૂળ પર જોર દેવામાં આવે શાખાકીય બાબતો પર નહીં, વર્તમાનકાળમાં જો પબ્લિક ફર્ઝો જ અદા કરે છે તો ગનીમત છે, મુસ્તહબો તથા નફલો અને વિર્દો વઝીફાઓના લાંબા અમલોથી નવી નસલ મૂળ દીનથી જ દૂર ભાગતી થઈ જાય છે, એટલા માટે એ ખોરાક સાવધાનીની સાથે આપવામાં આવે અને તે પણ કેવળ ખ્વાહિશમંદ લોકોને જ તેના આદી બનાવવામાં આવે. *(ક્રમશઃ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ......કાર્યાલય

### ★ "બરકાતે ખ્વાજા" (માસિક) ગમ્યુ ! ★

મુહિબ્બે એહલે સુન્નત મહોતરમ જનાબ શબ્બીર અલી રઝવી સાહેબ અને તમામી અંજુમને રઝાએ મુસ્તફા, સલામો રહમત બાદ જણાવવાનું કે આપની મુજાહિદાના કલમથી એહલે સુન્નત વલ જમાઅતની ખૂબ ખૂબ ખિદમત થઈ રહેલ છે તે બદલ બારગાહે રબ્બે કદીરમાં દુઆ છે કે હજી આપ વધુમાં વધુ દીને હનીફની ખિદમત કરતા રહો. (આમીન) હાલમાં આપનો તંત્રી લેખ "બંને જહાનની ભલાઈ ચાહતા હોઉ તો ગૌષપાક رضي الله عنهની તાલીમને અનુસરો" ખૂબ જ સારા અંદાજમાં લખેલ છે, આપને અને આપના કામને બહુ જ મુબારકબાદી ! *–અબ્દુસ્સત્તાર રઝવી તસ્નીમી, દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ (વઢવાણ)*

### ★ લેડીસ્મિથ (સા. આફ્રિકા)માં જુલૂસે ઈદે મીલાદુન્નબી ﷺ ★

દર વર્ષની જેમ આ વર્ષે પણ દારુલ ઉલૂમ કાદરિયા ગરીબનવાઝ (લેડીસ્મિથ)ના આયોજન હેઠળ જુલૂસે મુહમ્મદી ﷺ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અલીમુદ્દીન અસ્દક મિસ્બાહી સાહબની સરપરસ્તીમાં ૨૮/૩/૨૦૧૦ના રોજ ૦૯:૩૦ના શરૂ થઈ વિવિધ મુખ્ય માર્ગોએ થઈ શાનો શૌકતથી સલાતો સલામ સાથે નીકળ્યું હતું જેમાં લેડીસ્મિથની સુન્ની અવામે ઉમંગભેર હિસ્સો લીધો હતો. ૧ વાગે બપોરે જુલૂસ પરત દારુલ ઉલૂમ પર પહોંચ્યું જ્યાં હઝરત સૈયદ અલીમુદ્દીન સાહબે ટૂંકુ પ્રવચન કરી સૌનો આભાર માન્યો, અંતમાં જગતભરના મુસ્લિમો માટે અમ્નો સલામતની દુઆ ફર્માવી. **–રજૂકર્તા :** *(મૌલાના કરામત રસૂલ મિસ્બાહી અઝહરી–લેડી સ્મિથ)*

**હરણિયાવ :** તા. ૫/૩/૨૦૧૦ના રોજ જુમ્માના દિવસે અમદાવાદ મહેમદાવાદ જવાના માર્ગ ઉપર આવેલ હીરાપુર ચોકડીથી ત્રણ ચાર કિલોમિટર દૂર આવેલ હરણિયાવ ગામે "આમેના મસ્જિદ"નું ઉદ્‌ઘાટન હઝરત સૈયદ સલાહુદ્દીન અશરફી સાહબ (નડિયાદ)ના હસ્તે મુબારક હાથે થયેલ આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે વસોના જનાબ કારી હાફિઝ મૌલાના હબીબુલ્લાહ સાહેબે હાજર રહી જુમ્માની નમાઝનો ખુત્બો પઢાવેલ. જુમ્માની નમાઝ જનાબ સલાઉદ્દીન અશરફી સાહેબે પઢાવેલ. ગામ બહાર ગામથી મોટી સંખ્યામાં સુન્ની ભાઈઓએ હાજરી આપી હતી. (રિપોર્ટ ટૂંકાવીને)

***–રજૂકર્તા :** સૈયદ હાજી ફરીદમિયાં કાદરી (Advt.)*

**આમોદ પાટીયા :** (કોસંબા રોડ)થી મસ્જિદના મુતવલ્લી અબ્દુલકરીમભાઈ જણાવે છે કે મસ્જિદની છત જર્જરીત થઈ ગયેલ છે અને મસ્જિદ નાની પડતી હોય છત બનાવવાની તાતી જરૂરત છે જેનો અંદાજિત ખર્ચ બે લાખ રૂા. થાય તેમ છે, તો સખીદાતાઓ રેતી, કપચી, સિમેન્ટ, સ્ટીલ વગેરે અથવા રોકડ સહાય કરશો એવી અપીલ છે. ***–અબ્દુલભાઈ મુતવલ્લી,** મો. ૯૮૯૮૦ ૫૨૪૧૭, ૦૨૬૪૬–૨૭૦૫૨૫*

### ★ જશ્ને સંગે બુન્યાદ ★

**થામ :** (જિ. ભરૂચ)ની જુમ્મા મસ્જિદની સંગે બુન્યાદ તા. ૧૪/૩/૨૦૧૦ના રોજ રવિવારે સવારે ૧૦ વાગ્યે પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાલા (જામનગર) તથા પીર હઝરત સૈયદ મુહમ્મદ યુસુફબાવા નૂરાની (પેટલાદ) તથા હઝરત મુશ્તાક અલી બાવા (કલ્લા)ની હાજરીમાં સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામ તથા ગામના બહારના સુન્ની ભાઈઓની હાજરીમાં રાખવામાં આવી. ત્યાર બાદ આમ ન્યાઝ જમાડવામાં આવી હતી. સંગે બુન્યાદ પહેલાં હઝરત સૈયદ સલીમબાવાએ શાનદાર બયાન કરી દુઆ ગુજારી હતી. સખીદાતાઓને વિનંતિ કે મસ્જિદના તામીરી કામમાં દિલ ખોલીને સહાય કરશો. અંદાજિત ખર્ચ દોઢ કરોડનો છે.

સંપર્ક કરો :– મસ્જિદ કમિટી, મુ. થામ, તા. જિ. ભરૂચ (મો. ૯૯૦૪૧૬૭૮૨૫/ ૯૬૬૨૦૭૨૬૧૬)

### ★ સાધલીમાં જશ્ને ગૌષુલવરા ★

**સાધલી (જિ. વડોદરા) :** મુકામે તા. ૨૮/૩/૨૦૧૦ના રોજ 'નૂરાની પાક' ખાતે ગુલે ગલઝારે નૂરાની પીર હઝરત સૈયદ મુહમ્મદ યુસુફબાવા નૂરાની (પેટલાદ)ની સરપરસ્તીમાં જશ્ને ગૌષુલવરા ખૂબ જ શાનો શૌકતથી મનાવાયો. જેમાં મુકર્રિરે ઝીશાન, હામીએ મસ્લકે આ'લા હઝરત હઝરત મૌલાના મુફતી અન્વાર અહમદ કાદરી (ઈંદોર, એમ.પી.)એ ગૌષેપાક رضي الله عنهની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. ઘણા સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામે આ જશ્નમાં હાજરી આપી હતી.

### ★ શાદી મુબારક ★

**જંબુસર :** હાફેઝ ઈલ્યાસ હાફેઝ ઈબ્રાહીમ કાઝીની નેક દુખ્તર શેહનાઝબાનુની શાદી માંજલપુર–વડોદરાના

રહીશ હુસૈન મુહમ્મદ નૂરમુહમ્મદના નેક ફરઝંદ સમીર સાથે તા. ૪/૪/૨૦૧૦ના રોજ રવિવારે રાખવામાં આવી.

**દેરોલ** : (તા. જિ. ભરૂચ) મુહમ્મદ અહમદ પટેલની નેક દુખ્તર નિલોફરની શાદી ભેંસલીના શકીલ પટેલ સાથે તા. ૨૧/૩/૨૦૧૦ રવિવારે રાખવામાં આવી.

**સૂરત** : થી ડો. અબ્દુલગની મેસાણીયા જણાવે છે કે તેમના સુપુત્ર સોહેલના નિકાહ શબનમ (D/o. દિલાવર મલમલા સુપ્રિ. ઓફ કુટીર ઉદ્યોગ–અમદાવાદ) સાથે તા. ૪/૩/૨૦૧૦ના રોજ ગાંધીનગર મુકામે રાખવામાં આવ્યા.

**લુવારા** : (તા. જિ. ભરૂચ) હાજી યુસુફ આદમ પટેલના નેક ફરઝંદ ઈમરાનના નિકાહ ઝંઘાર નિવાસી ઈકબાલ હુસૈન વલી પટેલની નેક દુખ્તર સીરીનબાનુ સાથે તા. ૩૦/૩/૨૦૧૦ના રોજ મંગળવારે ઝંઘાર મુકામે રાખવામાં આવ્યા.

**કહાન** : (તા. જિ. ભરૂચ) જમાલુદ્દીન અહમદ મુન્શીની નેક દુખ્તર ફીરોજાબાનુના નિકાહ દયાદરા નિવાસી ઐયૂબ ગુલામ તેલીયાના નેક ફરઝંદ હાફેઝ ઈરફાન સાથે તા. ૨૧/૩/૨૦૧૦ના રવિવારે 'સલાતો સલામ' પઢતાં પઢતાં સરઘસ કાઢી રાખવામાં આવ્યા.

**દયાદરા** : મર્હૂમ હાજી મુહમ્મદ ઈસા અલીની નેક દુખ્તર ઈશરતજહાંના નિકાહ તા. ૧૩/૩/૨૦૧૦ શનિવારના રોજ નબીપુર નિવાસી હાજી સુલેમાન (રિટા. સુપ્રિ. ઓફ પોષ્ટ)ના નેક ફરઝંદ ઈનાયત સાથે રાખવામાં આવ્યા. સર્વ નવદંપતિઓને મુબારકબાદ ! –*તંત્રી*

### ★ પૌત્રના આગમનની ખુશીમાં ! ★

**કાવી** : (તા. જંબુસર)થી જનાબ માસ્તર સુલેમાન દોલા (બરેલ્વી) જણાવે છે કે ૧૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૧ના રોજ તેમના પુત્ર મુહમ્મદ હુસૈનને ત્યાં પૌત્ર જન્મ થયો જેનું નામ 'અહમદ રઝા' રાખવામાં આવ્યું છે જેની ખુશીમાં બરકાતે ખ્વાજા (માસિક) પર રૂા. ૨૧૨ મોકલ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં નવાંગતુકને બંને જહાનમાં આબાદ રાખે તથા ઘરવાળાઓ માટે આંખોની ઠંડક પુરવાર થાય તથા અહલે સુન્નતનો મુજાહિદ બને એવી દુઆ. તંત્રી

**મકનપુર શરીફ** : મશહૂર વલીઅલ્લાહ હઝરત ઝિંદા શાહમદાર رضی اللہ عنہનો ૫૯૩મો ઉર્સ શરીફ જમાદીઉલ અવ્વલ શરીફની ૧૬–૧૭ તારીખોમાં, તા. ૨, ૩ મે ૨૦૧૦ રવિ–સોમના રોજ શાનો શૌકત સાથે સાહિબે સજ્જાદાની સદારતમાં મનાવવામાં આવશે.

### ★ ખિલાફત અર્પણ ! ★

**જુનાગઢ** : ખાતે શાહઝાદાએ હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીકત હઝરત મૌલાના અશ્શાહ ગુલઝાર અહમદ સાહેબ નૂરીની સામાજિક ખિદમતો અને મસ્લકે આ'લા હઝરતના પ્રચાર પ્રસારથી પ્રભાવિત થઈ હિંદુસ્તાનની અતિ આદરણીય આધ્યાત્મિક અને મશ્હૂર રૂહાની ખાનકાહ, ખાનકાહે બરકાતિયા મારેહરા શરીફના સાહિબે સજ્જાદા અને અઝીમ બુઝુર્ગ ઔલાદે રસૂલ ચશ્મે ચિરાગે ખાનવાદએ બરકાતિયા, આકાએ નેઅમત હઝરત અલ્લામા સૈયદ આલે રસૂલ હસનૈનમિયાં "નઝમી" સાહેબ કિબ્લા દામત બરકાતુહુમુલ આલિયાએ તા. ૨૨/૩/૨૦૧૦ સોમવારે જુનાગઢ મસ્જિદે રઝામાં યોજાયેલ એક શાનદાર જલ્સામાં હઝરત અલ્લામા સૈયદ સિબ્તેન હૈદર સાહેબ મારેહરા શરીફ તથા અન્ય ઓલમાએ કિરામની હાજરીમાં સિલસિલએ આલિયા, કાદરિયા, બરકાતિયાની ખિલાફતની સાથે તમામ "આમાલ" વઝાઈફની ઈજાઝત અતા ફર્માવી હતી. (રિપોર્ટ ટૂંકાવીને)

*–રજૂકર્તા : હાફિઝ મુહમ્મદબશીર રઝા (જુનાગઢ)*

### ★ જશ્ને વિલાદત મનાવાયો ★

**ઉમરેઠ** : તા. ૨૭/૨/૨૦૧૦, ૧૨ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૧ના રોજ હઝરત સૈયદ અમીનુલ કાદરી (ખલીફા શૈખુલ ઈસ્લામ)ની સદારતમાં તિલાવતે કુર્આન, ઝિક્ર, અહદનામા, દુરૂદો સલામના પુષ્કળ તોહફાઓ પેશ કરી નબી કરીમ ﷺનો જશ્ને વિલાદત મનાવાયો.

***–રજૂકર્તા** : વહોરા અ. કૈયૂમ–નરસંડા*

**નરસંડા** : તા. ૧૩/૩/૨૦૧૦ના રોજ પીર અલ્હાજ અબ્દુર્રહમાન બાવા અમલીવાલાની સરપરસ્તી તથા હઝરત હાજી અબ્દુલકાદરબાવા અમલીવાલાની સદારતમાં હઝરત શૈખુલ ઈસ્લામના વિવિધ અશરફી ખલીફાઓ : હઝરત સૈયદ સલાહુદ્દીનબાવા (નડિયાદ), મૌલાના સાજિદ અશરફી (પાદરા) વગેરેની હાજરીમાં જનાબ હાફિઝ કારી હબીબુલ્લાહ (વસો)એ ઈદે મીલાદ મનાવવા સંબંધી વિરોધીઓના વાંધાઓના શાનદાર જવાબો આપ્યા હતા. ઉપરાંત હઝરત સૈયદ મજલે અલી બાવા (નાપાડ)એ પણ બયાન કરેલું. અંતમાં તિલાવત, દુરૂદ, ઝિક્ર વગેરે પુષ્કળ સંખ્યામાં જે પબ્લિકે પઢેલ તેને બારગાહે રિસાલત મઆબ ﷺમાં પેશ કરી પઢનારાઓના તથા સર્વ મર્હૂમો માટે પણ દુઆ થઈ હતી. નરસંડાના KGN, TTS, રઝા ગ્રૂપ વગેરે ગ્રૂપોએ ખૂબ જ મહેનત કરી હતી.

***–રજૂકર્તા** : વહોરા અ. કૈયૂમ–નરસંડા*

★ દયાદરામાં જશ્ને ગૌષિયા ★

દર વર્ષની જેમ આ વરસે પણ ૧૧મી રબીઉલ આખરની રાતે તા. ૨૮/૩/૨૦૧૦ શનિવાર ઈશા બાદ મોટા ચકલા પર શાનો શૌકતથી જશ્ને ગૌષિયા મનાવાયો જેમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામી સાહબે ગૌષપાક رضی اللہ عنہના મર્તબા સંબંધે વહાબીઓની રદ સાથે શાનદાર બયાન કર્યું. સવારે શાનદાર જુલૂસે ગૌષિયા સલામો મન્કૂબત પઢતાં પઢતાં મદ્રસાથી નીકળી ગામમાં ફરી મસ્જિદમાં સૌ હાજર થયા જ્યાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામીએ સાચા વલીની ઓળખ સાથે ગૌષપાક رضی اللہ عنہનો મર્તબો સમજાવ્યો હતો, આપની ઈબાદતો, કરામતો વર્ણવી હતી. છેવટમાં ગૌષપાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી. પછી અકૂજી કોમ્યુનિટી હોલમાં આમ ન્યાઝ જમાડવામાં આવી.

★ ભરૂચમાં જુલૂસે ગૌષિયા ★

૧૧ રબીઉલ અવ્વલ શરીફની સવારે ૧૦ વાગ્યે ભરૂચ બાયપાસ મોનાપાર્કથી જુલૂસે ગૌષિયા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના ઉલમાની સદારતમાં નીકળ્યું જેમાં આસપાસની સોસાયટીના તથા ભરૂચ શહેરના સુન્નીઓએ ભરપુર હિસ્સો લીધો. બાયપાસ પર શાનદાર ગેટ બનાવાયો હતો. દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ઉલમા, હુફ્ફાઝ, તલબા તથા હાફેઝ અબ્દુર્રહીમ સાહબ મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી તથા અન્ય મુબલ્લિગો સલાતો સલામ, નઅત, મન્કૂબત પઢતા પઢતા મુહમ્મદપુરા થઈને હઝરત નન્નુમિયાં પાસે રોકાયા જ્યાં દુઆ બાદ જુલૂસ ખત્મ થયો અને સબ જેલ ગ્રાઉન્ડ પર સૌને ન્યાઝ જમાડવામાં આવી. જનાબ મુશ્તાકભાઈ ટોપીવાળા તથા જનાબ હાફેઝ મુહમ્મદ હનીફ રિફાકતી વગેરેએ ભરપુર સહકાર કર્યો હતો. સૌને અલ્લાહ જઝાએ ખૈર આપે. (આમીન)

**કુરચણ** : (તા. આમોદ)થી શબ્બીર માસ્તરના દુઆ સલામ બાદ જણાવવાનું કે આસિફ મૂસા કપડવંજવાલાના નિકાહ અસ્મા વલી કપડવંજવાલા સાથે તા. ૨૬–૩–૨૦૧૦ના રોજ મસ્જિદમાં રાખવામાં આવ્યા હતા. આ સુનેહરા શાદીના મોકા પર આસિફભાઈએ તા. ૨૫–૩–૧૦ના રોજ ઈશાની નમાઝ બાદ તક્રીરના પ્રોગ્રામનું આયોજન કર્યું હતું જેમાં હઝરત મૌલાના હાફિઝો કારી ઐયૂબ સાહબ અશરફીએ શાદીને અનુરૂપ ઈસ્લાહી બયાન કર્યું હતું. મૌલાના સાહબે જણાવ્યું કે આસિફભાઈએ પોતાની શાદીના મોકા પર પોતાના નફ્સ પર કંટ્રોલ કરી નાચગાનની મેહફિલને બદલે વઅઝનું આયોજન કરી નવયુવાનો માટે શરીઅત મુજબ શાદી કરવાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડયું છે. અંતમાં સલાતો સલામ બાદ દુલ્હા–દુલ્હન માટે દુઆ ગુજારવામાં આવી. આ ખુશીના પ્રસંગે "બરકાતે ખ્વાજા" (માસિક)ને રૂા. ૨૫૧/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**પાનતલાવડી** : (તા. નાંદોડ)થી લિયાકતઅલીખાન ગુલામ રસૂલખાનજી ઠાકોર જણાવે છે કે તેમના નેક ફરઝંદ શાકિર અલીખાનની શાદી યાસ્મીનબાનુ (D/o. દાયમા મલંગ સાહેબ ઈસબખાન–રેંગણ) સાથે તા. ૧૦–૪–૨૦૧૦ના રોજ રાખવામાં આવી. એની ખુશીમાં રૂા. ૫૦૦/– લિલ્લાહ "બરકાતે ખ્વાજા" (માસિક)ને મળ્યા છે. જઝાકલ્લાહ ! મુબારકબાદી !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ગોંડલ** : હાજી મુહમ્મદ સુલેમાનભાઈ જે. ઈસાણી (પ્રમુખ : સુન્ની મુસ્લિમ કમિટી–ગોંડલ)ના સૌથી મોટા ભાઈ મર્હૂમ જુસબભાઈ જુમાભાઈ ઈસાણી ૮૨ વર્ષની ઉમરે ટૂંકી માંદગી બાદ તા. ૧૨ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૧ તા. ૨૯–૩–૨૦૧૦ સોમવારના રોજ ઈન્તેકાલ ફર્માવી ગયા. મહૂમ નેક દિલ અને માયાળુ સ્વભાવના હતા. દુઆ કરીએ કે અલ્લાહ તઆલા જન્નતુલ ફિરદૌસ અતા ફર્માવે. (આમીન)

★ દારુલ ઉલૂમ બુખારીયા ફૈઝુર્રસૂલમાં દસ્તારબંદી ★

ચાંચવેલ (તા. વાગરા) મુકામે તા. ૧–૪–૨૦૧૦ જુમેરાત ઈશા બાદ દારુલ ઉલૂમ બુખારીયા ફૈઝુર્રસૂલ ખાતે હાફેઝ, કારી, આલિમ થનાર તલબાની દસ્તારબંદીનો જલ્સો બનામે "જશ્ને ગૌષે આ'ઝમ" رضی اللہ عنہ હઝરત સૈયદ ગુલામ રસૂલબાવા કાદરીની સદારતમાં અન્ય સાદાતો–ઉલમાની હાજરીમાં યોજાયો જેમાં મુકર્રિરે ઝીશાન, ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) ઈલ્મે દીન તથા ગૌષ પાક رضی اللہ عنہની સીરત પર શાનદાર બયાન કર્યું હતું. **ભરૂચ** બાદશાહી મસ્જિદ ફુરજા રોડ પર પણ તા. ૩–૪–૨૦૧૦ ઈશા બાદ આપનું જૂઠના વિષયે શાનદાર બયાન થયું હતું. અને તા. ૨–૪–૨૦૧૦ના રોજ **વડોદરા–તાંદલજા** "ચિશ્તિયા મસ્જિદ" પાસે પણ હઝરત સૈયદ અમીનુદ્દીન સાહબે ગૌષ પાક رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

## મસ્જિદ માટે અપીલ

**દહાણુગામ** : જિ. થાણા (મહારાષ્ટ્ર) ખાતે ખલીફા સુન્નત જમાઅત એ ૩૧ ઘરની વસ્તીવાળી નાની સરખી જમાત છે. આ જમાઅતના ૮૦% લોકો ગરીબી હેઠળ હોય જમાઅતના બચ્ચાઓની દીની તાલીમ માટે મદ્રસાની બહુજ જરૂર છે. આપ સખી દાતાઓના સહકારથી ગયા ઈ.સ. ૨૦૦૦ હિ.સ. ૧૪૨૧માં અમો એક જગ્યા ખરીદી રાખી છે. જમાઅતના ટ્રસ્ટીઓ પાછલા પાંચ વર્ષથી આ મદ્રસા મસ્જિદના ચંદા માટે કોશિશ કરી રહ્યા છે. એક મદ્રસા મસ્જિદનું કામ થઈ જાય તો આ જમાઅતના બચ્ચાઓની દીની તાલીમ તથા સમયસર બાજમાઅત નમાઝ પણ શરૂ થાય એ અમારી કોશિશ છે, તો આપ જેવા સખી દાતાઓ પાસે અપીલ કરવામાં આવે છે કે આપના નેક હાથે અલ્લાહ ﷻ અને એના રસૂલ ﷺના તુફૈલ આ મદ્રસા મસ્જિદની તામીરનું કામ પૂર્ણ થાય માટે વધારેમાં વધારે રકમ ઈમદાદ કરવા વિનંતિ છે. અલ્લાહ એના પ્યારા હબીબ ﷺના સદકા વ તુફૈલ આપને ઔર બરકત અતા ફર્માવે. (આમીન)

*–હારૂન રશીદ મુહમ્મદ ખલીફા*

## દીની દુનિયવી તા'લીમ માટે બાળકોનો દાખલો !

**જરૂરી એલાન**

આથી સુન્ની અવામને જાણ કરવામાં આવે છે કે **નસવાડી (જિ. વડોદરા)** મુકામે **"મદ્રસા ફય્ઝાને આ'લા હઝરત (સુન્ની બરેલ્વી બચ્ચોં કા ઘર)" નસવાડી** ખાતે **ધો. ૫ થી ધો. ૧૨** સુધીના વિદ્યાર્થીઓને ૧–જૂન–૨૦૧૦થી દાખલો આપવામાં આવશે. સંપર્ક કરો :–

**મદ્રસા ફય્ઝાને રઝા, ઠે. મેમણ કોલોની, મુ. નસવાડી (જિ. વડોદરા)**
C/o. હનીફભાઈ મેમણ, (મો.) ૯૪૨૭૯૩૯૧૫૦, ફોન : (૦૨૬૬૧) ૨૭૨૪૮૮

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**

**પ્રવાસ : ૧**



3 X 2 લક્ઝરી બસ

**આખી ટીકીટ** રૂા. ૬,૫૦૧/–

**અડધી ટીકીટ** રૂા. ૩,૫૦૧/–

**પ્રવાસ દિવસ** ૧૮

**પ્રવાસ નંબર (૧) :** સ્પેશ્યલ કાશ્મીર પ્રવાસ સાથે, કપાસણ, અજમેર, નાગોર, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, પાણીપત, દિલ્હી, આગ્રા, ફતેહપુર સીક્રી, જયપુર, મીરાદાતાર પરત ધોળકા.

**બસ ઉપડવાની તારીખ :** ૧૬/૦૫/૧૦, રાત્રે ૧૦.૦૦ કલાકે

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૨/૫/૨૦૧૦ અને ૨૮/૫/૧૦ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે.

**પ્રવાસ : ૨**



3 X 2 લક્ઝરી બસ

**આખી ટીકીટ** રૂા. ૪,૫૦૧/–

**અડધી ટીકીટ** રૂા. ૨,૫૦૧/–

**પ્રવાસ દિવસ** ૧૫

**પ્રવાસ નંબર (૨) :** અજમેર શરીફ સાથે ઉદેપુર, કપાસણ, ચિત્તોડગઢ, સરવાડ શરીફ, ફતેપુર, સીક્રી, આગ્રા, મકનપુર, કીછોછા, બહેરાઈચ, દેવા શરીફ, લખનઉ, બરેલી, કલીયર, હરિદ્વાર, મસુરી, દિલ્હી, જયપુર, પરત ધોળકા

**બસ ઉપડવાની તારીખ :** ૨૩/૦૬/૧૦, રાત્રે ૧૦.૦૦ કલાકે

**નોંધ :** **૧.** ગાઈડ ખર્ચ, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી ફી પેસેન્જરના શીરે રહેશે. **૨.** તા. ૨૨/૫/૧૦ અને ૨૮/૫/૧૦ના રોજ સ્વખર્ચે સવારે ચા પીવાની રહેશે. **૩.** હરિદ્વારથી મસુરી સ્વખર્ચે જવાનું રહેશે. **૪.** મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે.

**બસ ઉપાડવાનું સ્થળ :** તાલુકા પંચાયત, સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા, જિ. અમદાવાદ

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૫૦૯૫૨૫૪, ૯૭૨૪૬૫૯૮૫૩

## ★ લેસ્ટરમાં ઉર્સે આ'લા હઝરત رضی اللہ عنہ ★

**લેસ્ટર (યુ.કે.)** : ઉર્સે આ'લા હઝરત મનાવવામાં આવ્યો જેમાં સંખ્યાબંધ આશિક઼ાને આ'લા હઝરતે હાજરી આપી. ખુસૂસી મુક઼ર્રિર હઝરત અલ્લામા મુનવ્વર અતીક (બર્મિંગ્હામ)એ ઈંગ્લિશમાં ખૂબ જ બેહતરીન બયાન કર્યું જેમાં મુજદ્દિદની વ્યાખ્યા અને ૧૦૦ હિજરી પછી આ'લા હઝરતની મુબારક ઝાત સુધી થયેલ મુજદ્દિદોની યાદી રજૂ કરી અને ખૂબ જ અનોખા અંદાઝમાં આ'લા હઝરતની ઝાત વિશે હાજરીન નવયુવાનો વડીલોને માહિતી આપી અને સંખ્યાબંધ હવાલા રજૂ કરીને લોકોના ઈલ્મમાં વધારો કર્યો. ત્યારબાદ મશહૂર આલિમે દીન અને મુનાઝિર, હઝરત મૌલાના અન્સરુલ ક઼ાદરી સાહબે પોતાના અનોખા અંદાજમાં સરકાર આ'લા હઝરતના જીવન ચરિત્ર વિશે બયાન ફર્માવી હાજરજનોને ફૈઝયાબ કર્યા હતા. સલાતો સલામ પર પ્રોગ્રામ સંપૂર્ણ થયો, અંતે નિયાઝ ખડવાવવામાં આવી.

મસ્જિદે ગુલઝારે મદીના–લેસ્ટરમાં પણ ઉર્સે આ'લા હઝરત તથા ઉર્સે પીર મુહર અલી શાહ મનાવાયો જેમાં મુખ્ય મેહમાન અને મુક઼ર્રિર તરીકે હઝરત મૌલાના સૈયદ ઈરફ઼ાન શાહ સાહબ મશહદીએ ખૂબ જ નિરાલા અંદાઝમાં સીરતે આ'લા હઝરત પર બયાન ફર્માવ્યું. સંખ્યાબંધ લોકોએ હાજરી આપી પોતાની અક઼ીદતનો ઈઝહાર કર્યો હતો. અંતે નિયાઝનું વિતરણ કરવામાં આવ્યું હતું. *–રજૂકર્તા : (મૌલાના) મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (સેન્ટ્રલ મસ્જિદ–લેસ્ટર)*

## ★ જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ ★

દર વરસે લેસ્ટરમાં તમામ સુન્ની મુસલમાનો ઈદે મીલાદુન્નબી ﷺ મનાવે છે જેમાં જલ્સા તથા જુલૂસ કરવામાં આવે છે. આ વરસે પણ મીલાદુન્નબી ﷺનો ભવ્ય જલસો "ઈસ્લામિક સેન્ટર–લેસ્ટર" થકી લેસ્ટર સેન્ટ્રલ મસ્જિદમાં રાખવામાં આવ્યો, કુર્આને પાકની તિલાવત જનાબ સૈયદ સુલ્તાન શાહ સાહબે કરી અને નઅતો મન્ક઼બતનો સિલસિલો ચાલુ થયો જેમાં લેસ્ટર શહેર તથા બહારના નઅતખ્વાં હઝરાતે ભાગ લીધો હતો. ખુસૂસી મુક઼ર્રિર જનાબ હઝરત મૌલાના ઉમર ફૈઝ ચિશ્તી સાહબે અલ્લાહના રસૂલ ﷺની સખાવત અને અતા વિશે ખૂબ જ લાજવાબ બયાન ફર્માવી હાજરજનોનાં ઈમાનને મજબૂત કર્યાં. લેસ્ટરભરના સુન્ની મુસલમાનો તથા આસપાસના ટાઉનોમાંથી પણ અલ્લાહના રસૂલ ﷺના આશિક઼ોએ હાજરી આપી જલ્સો ખૂબ જ કામયાબ બનાવ્યો હતો અને અંતે નિયાઝ ખવડાવવામાં આવી હતી.

બીજા દિવસે રવિવારે ભવ્ય જુલૂસ મીલાદુન્નબી ﷺ નીકળવાનું હતું પણ સવારમાં રોડ તથા શેરીઓમાં બરફ પથરાયેલ હતો. અલ્લાહના કરમથી ઝોહરની નમાઝ પહેલાં રસ્તાઓ સાફ થઈ ગયા અને ઝોહરની નમાઝ બાદ સધરલેન સ્ટ્રીટ મસ્જિદથી ઉલમાએ એહલે સુન્નતની સદારતમાં જુલૂસ રવાના થયું જેમાં હઝરત અલ્લામા શાહિદ રઝા નઈમી, હઝરત મૌલાના ખાલિદ રઝવી (મસ્જિદે ઉષ્માની), હઝરત મૌલાના હફ઼ીઝુર્રહમાન (મસ્જિદે બિલાલ), હઝરત મૌલાના હનીફ ખાકી (મસ્જિદે ગુલ્ઝારે મદીના), હક઼ીર પોતે, હઝરત સૈયદ સુલ્તાન શાહ સાહબ અને જનાબ હાફિઝ સુલેમાન સાહબ, હાફેઝ ઈકબાલ કુલ્ફીવાલા.... વગેરે ઉલમા તથા સાદાત અને હુફ્ફાઝે જુલૂસની ઝીનત વધારી સલામો નઅત સાથે જુલૂસ લેસ્ટરની વિવિધ સ્ટ્રીટોથી ગુઝરતો રહ્યો અને લોકોએ ઠેર ઠેર જુલૂસનો આવકાર કર્યો, નિયાઝની વહેંચણી પણ થતી રહી અને ખૂબ જ શાંતિથી અને વક઼ાર સાથે સંખ્યાબંધ દીવાનાને રસૂલ હાજર થયા અને સેન્ટ્રલ મસ્જિદ પર જુલૂસનો ઈખ્તેતામ થયો જ્યાં મૌલાના શાહિદ રઝા સાહબે બધાનો શુક્રિયા અદા કર્યો અને લેસ્ટરના સુન્નીઓના ઈત્તેફ઼ાક તથા ઈત્તેહાદ પર ખુશી જાહેર કરી. અંતે દુઆ તથા સલામ પર જુલૂસ સંપન્ન કર્યો. જે જુલૂસમાં લગભગ ૧૯૦૦ મર્દો સામેલ થયા પછી નિયાઝમાં લગભગ ૮૦૦ સ્ત્રીઓએ હાજરી આપી. અને અલ્હમ્દુલિલ્લાહ ! દર વરસે આશિક઼ોના આ જુલૂસમાં બરકત જ બરકત થતી રહે છે. અલ્લાહ તઆલા પોતાના નબી ﷺના ઝિક્રને હમેશાં બુલંદ રાખે. એ જ રીતે યુ.કે. ખાતે બીજા શહેરો અને ટાઉનોમાં પણ જુલૂસ તથા જલસા મુનઅક઼ીદ કરવામાં આવ્યા.

*–રજૂકર્તા : (મૌલાના) મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી (સેન્ટ્રલ મસ્જિદ–લેસ્ટર)*

## ✪ દુઆની દરખાસ્ત ! ✪

**કારંટાશરીફ઼** : ખાતે હઝરત અલ્લામા મૌલાના પીર હઝરત સૈયદ ક઼મરૂદ્દીનબાવા કારંટવી (ખલીફ઼ા સરકારે કલાં વ મુફ઼તીએ કાનપુર) સાહબની તબિયત નાદુરુસ્ત છે. હાલમાં આપે અમદાવાદ ખાતે હૃદયનું બાસપાસ સર્જરી ઓપરેશન કરાવ્યું છે. દુઆ કરશો રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં હઝરતને શિફ઼ાએ કામિલા અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*